વર્ષ: ૧૬ | કલ્યાણ | કારતક
* *
અંક: ૯ | | ૨૦૧૬

30/633
736

# તે કાલે અને આજે!

વૈદ્ય શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

★

વધારે નહિં, કેવળ બે ત્રણ દસકા પહેલાનાં સમય તરફ નજર કરો.

તે સમયે આપણો દેશ પરદેશી સત્તાની ધુંસરી તળે હતો.

તે સમયે અંગ્રેજ શાસકોની બોલબાલા હતી.

તે સમયે રાષ્ટ્રને પરદેશી ગુલામીની જંજીરોથી મુક્ત કરવાની એક લડત મંડાણી હતી.

આમ તેંત્રીસ કરોડની જનતા ગુલામીનો બોજ ઉઠાવી રહેલી હોવા છતાં તે કાળે ભારતની નૈતિક સંપત્તિ નષ્ટ નહોતી થઈ.

તે કાળે રૂશ્વતખોરી જરૂર હતી પણ આજના જેવી વકરેલી નહોતી.

તે કાળે લોકશાહીની નાગચૂડ ભીંસી રહી હતી. પરંતુ આજની માફક અજગર સમી નહોતી બની.

તે કાળે કરવેરા પણ હતા. પરંતુ આજની માફક જનતાનું રકત શોષી લે એટલા ભયંકર તો હતાજ નહિં.

તે કાળે અનાજ છૂટથી મળતું હતું. સવાથી બે રૂપિયે મણ મળતું હતું. કયાંય અછત નહોતી, કયાંય મોંઘવારી નહોતી, કયાંય દગલબાજી નહોતી, કયાંય ભેળસેળ પણ નહોતી.

આજ એની એ જનતા છે, એની એ જમીન છે. એના એ ખેડૂતો છે. પણ અનાજની છત એની એ નથી. કારમી અને કૃત્રિમ અછત, માનવીના હૈયામાં દાહ ઉત્પન્ન કરે એવી મોંઘવારી અને વેપારીઓની કાતિલ નફાખોરી, જેટલી આજ છે તેટલી ગઈકાલે નહોતી અને ગઇકાલ કરતાં બે દશકા પહેલા નહોતી.

તે કાળે દૂધ, દહીં ને ઘીની કોઇ પણ ગામડામાં તાણ વરતાતી નહોતી. બલ્કે નદીઓ વહેતી હતી. દૂધ વેચવું એ હિણપત લાગતી હતી. આજ ગામડાંઓમાં નાના નાના બાળકો છાસ વગર ટળવળે છે. ઘી, માખણ, મલાઇ કે દૂધનાં તો દર્શન પણ થતાં નથી. કારણ કે જેને ત્યાં દૂઝણા હોય છે તે લોકો પોતાનો વ્યવહાર ચલાવવા ખાતર દૂધનું છેલ્લું ટીપું પણ વહેંચી નાખતાં હોય છે. બાળકોનું પોષણ પણ પેટની આગમાં ભરખાઇ જાય છે. અને શહેરો કે ગામડાંઓમાં ડેરીઓના ઓઠાં તળે વિદેશી દૂધનાં પાવડર પાણીમાં ડોઇને અપાઈ રહ્યા છે!

તે કાળે ચા કે એવા પીણાનું વ્યસન રાખવું એ બુરાઈ ગણાતી હતી. આજ વીસ ઘરના એકાદ ગામડામાં પણ એક હોટલ ચાનું રંગાડું ખદખદાવી રહી હોય છે અને શહેરોમાં તો હોટલોની ભરમાર હોય છે!

શુદ્ધ ઘીના દર્શન તે કાળે જેટલાં સુલભ હતાં તેટલાં જ આજે દુર્લભ થઇ ગયાં છે. બનાવટી ઘી સિવાય જાણ્યે કોઈ વસ્તુ જ નથી રહી એવી પરિસ્થિતિ સરજાવા માંડી છે. શુદ્ધ ઘી બનાવનારાઓ પણ થીજાવેલા ઘી ની ભેળસેળ કરીને જ વેચતા હોય છે!

ગઈ કાલે ગુલામી હતી.!

આજ આઝાદી આવી પડી છે.

પણ લોકોના આરોગ્યના ભોગે, લોકોની નૈતિક સંપત્તિના ભોગે અને લોકોના જીવનની નિર્દોષ મસ્તીનાં ભોગે જાણ્યે આજની આઝાદી અટ્ટહાસ્ય કરતી હોય એમ દેખાય છે!

માત્ર બે ત્રણ દસકા પહેલાંનો કાળ નજર સામે એકવાર રાખીને આજના ભંગાર યુગનો વિચાર કરવો જોઇએ. અને જો ગઈ કાલના તથા આજના સમયનું તત્ત્વદષ્ટિએ મૂલ્યાંકન કરવામાં આવે તો એ વાત સ્પષ્ટ દેખાશે કે આજે માનવીના ચિત્તને પ્રસન્ન રાખનારી આઝાદી હોવા છતાં ચિત્તની પ્રસન્નતા કયાંય શોધી મળતી નથી. હા, એ પ્રસન્નતા ધંધાદારી બની બેઠેલા સેવકોના મનમાં કે નોકરશાહીનો ઉન્માદ જેમના કલેજામાં પચી ગયો છે એવા અમલદારોનાં મનમાં કે કાળાબજાર અથવા લાગવગના દોર પર જેઓ કુશળતા પૂર્વક નાચી શકે છે તેવાઓના મનમાં અવશ્ય દેખાતી હોય છે! આ સિવાય ચિત્તની પ્રસન્નતા કયાંય દેખાતી નથી.

અને....

સતીત્વની પૂજા એક પરિહાસ બની ગયેલ છે. નટનટીઓની પૂજામાં લોકોને રસ જાગવા માંડયો છે!

ધર્મનું બળ એ જીવનનું વિશુદ્ધ બળ છે એ હજારો વર્ષનું અનુભૂત સત્ય આજે પગ તળે ચંપાઇ રહ્યું છે. ભૌતિક લાલસાના બળ પર જ જીવવું જોઈએ એવો ભ્રામક પ્રચાર વેગ લઇ રહ્યો છે અને લોકોના અંતરમાં પારલૌકિક કલ્યાણ કરતાં દૈહિક કલ્યાણની પિપાસા વધારે ને વધારે તીવ્ર બનતી રહી છે.

નાનામાં નાની વાતમાં ઝઘડો કરવો, કોઇનું ખૂન કરી નાખવું કે કોઇનો સત્યાનાશ સર્જવો એ આજની એક દૈનિક રમત થઈ પડી છે.

ચોરીઓ, આપઘાતો, ખુન, વ્યભિચાર, બળાત્કાર, છેતરપીંડી અને એવા અનેકવિધ અનિષ્ટો આજે પુરબહારમાં ખીલી રહ્યા છે!

તે કાળે લોકોને માર્ગદર્શન આપનારા સાધુ-સંતો હતા અને તેઓ કોઈ પ્રકારના સ્વાર્થ વગર જીવનનો કલ્યાણમાર્ગ પ્રશસ્ત રાખતા હતા.

આજ એનું સ્થાન સેવકો તરીકે ઓળખાતી આધુનિક ધંધાદારી જમાતે અને રાજકીય નેતાઓએ લઇ લીધું છે. ( અનુસંધાન પાન બીજા ઉપર )

# ગુરૂભક્તિના [illegible] મોલ ★ ★ શ્રી. મફતલાલ સંઘવી

જપ અને તપ[illegible] મૂર્તિમંત મહાકાવ્ય સરખા; વય, અનુભવ, જ્ઞાન અને ચારિત્રવૃદ્ધ પરમ પૂજ્ય આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજય-સિદ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીના કાળધર્મથી સમસ્ત ભારતના ચતુર્વિધ શ્રી જૈનસંઘે જે તીવ્ર આઘાત અનુભવ્યો છે તે ઈતિહાસમાં ચિરસ્મરણીય રહેશે.

પ.પૂ. આચાર્ય ભગવાનના દેહ વિલયથી જગતના જીવોએ એક મહાસમર્થ આધ્યાત્મિક પ્રણેતાની શિવંકર નિશ્રા ખોઇ છે. ભૌતિકવાદ તરફ ઢળતા માનવ, સંસારના પ્રવાહને, સતત આરાધનામય બની ગએલા સ્વજીવનની અદ્ભુત પ્રભા વડે ઉર્ધ્વગામિતા બક્ષનારા પ.પૂ. આચાર્યદેવ જતાં માનવ સંસારને માથે ભૌતિકતાનો ભય વધ્યો છે.

સહસ્રદલ પદ્મ સરખું હતું હૃદય પ. પૂ. આચાર્ય ભગવંતનું. તેની પ્રત્યેક પાંખડી શીલની સુવાસ વડે મહેકતી હતી અને તપના તેજ વડે દીપતી હતી. તેની સુરભિત પ્રભા વડે જગતના જીવો ઉપર તેઓશ્રીએ ઘણોજ મોટો ઉપકાર કર્યો છે.

બહોંતેર વર્ષની વયે શરૂ કરેલો વર્ષીતપ છેક છેલ્લી ઘડી સુધી અક્ષુણ્ણપણે પાલન કરનાર આત્માની સ્વરૂપરમણતા કઈ કોટિની હશે? રોજના લગભગ લાખ જેટલો સૂરિમંત્રનો જાપ કરનાર આત્માની અપ્રમત્તતાને રવિ-શશીની અપ્રમત્તતા સાથે કેમ ન સરખાવી શકાય?

તેઓશ્રીનો બ્યાસી વર્ષનો અતિ દીર્ઘ દીક્ષાકાળ, ગંગાના જળ સરખો શાંત, પવિત્ર દેવ-ગુરુઆજ્ઞામય જયણાશીલ ગતિએ મુક્તિના પરમ લક્ષ્યપૂર્વક જ વહ્યો છે; એમ લખતાં ય કંઈક અલ્પોક્તિ જેવું લાગે છે.

જૈન આચાર્યના જીવનને જોવું, જાણવું, સમજવું, સ્વીકારવું અને અનુસરવું તે સમગ્ર



વિશ્વના સ્વરૂપને જોવા, જાણવા, સમજવા, સ્વીકારવા અને અનુસરવા જેટલું દુષ્કર કાર્ય છે.

આચાર્ય મહારાજાના છત્રીસ ગુણો નીચે પ્રમાણે છે.

પાંચ ઈંદ્રિયના વિષયને સંવરે તે પાંચ ગુણ.

નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરે તે નવ ગુણ.

ચાર પ્રકારના કષાયથી રહિત તે ચાર ગુણ.

પાંચ મહાવ્રતના પાંચ ગુણ.

પાંચ આચારના પાંચ ગુણ.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ મળી અષ્ટ પ્રવચન માતાના આઠ ગુણ.

એમ બધા મળીને છત્રીસ ગુણ થાય.

આવા છત્રીસ ગુણવાળા મહા પ્રભાવક શ્રી આચાર્ય ભગવંતોને અનાદિ કાળથી દેવ-દેવેન્દ્રો ચક્રવર્તીઓ, બળદેવો-વાસુદેવો, સમર્થ સમ્રાટો માંડલિકો, દાનેશ્વરીઓ, મહારથીઓ, સેનાનીઓ તેમજ બધા ભવ્ય આત્માઓ મન-વચન-કાયાપૂર્વક નમતા આવ્યા છે, નમે છે અને નમવાના છે. કેમકે ગુણી ગુણ તરફ ખેંચાય એ નિયમ પણ અનાદિનો જ છે.

સાગર જેમ પોતાની તરંગોરૂપી રોમરાજીને ચંદ્રદર્શને વિકસ્વર કરે છે. તેમ ગુણના અભિલાષી ભવ્ય આત્માઓ આચાર્ય ભગવાનના ચરણ કમળે સર્વસ્વ ન્યોચ્છાવર કરવા ઉત્સુક રહેતા હોય છે.

ગંગાનાં જળ, ચંદનના વન અને પૂર્ણેન્દુની ચાંદની કરતાં પણ અધિક શીતળ અને સત્ત્વ પ્રસારક સ્વ. આચાર્ય ભગવાનના ચરણના સ્પર્શ વડે, પોતાના જીવનમાં શીતળતા અને સાત્ત્વિકતા ખીલવવા માટે અનેક ભવ્ય આત્માઓ નજીકથી તેમ જ દૂરથી આવતા હતા. એ હકીકત તેઓશ્રીની પ્રેરક પવિત્રતરતાની સાખ પૂરે છે.

એ મહાન તપસ્વી ભગવંતની શાંત અને ગંભીર છતાં પ્રસન્ન મુખમુદ્રાનાં જે પુણ્યશાળી આત્માઓએ જીવનમાં એક વાર પણ દર્શન કર્યાં હશે તેમનો જીવનબાગ ગુણરૂપી કુસુમોની સુવાસ વડે મહેકતો થયો હશે, અથવા તેમની જીવનભૂમિ સમ્યક્ત્વરૂપી બીજને પાત્ર બની રહી હશે.

એટલું નિર્મળ, વ્યાપક અને ગહન હતું તેઓશ્રીનું દર્શન, કે દેશ, કાળ અને જીવની છદ્મસ્થ દશાને કારણે શ્રી સંઘમાં તેમ જ પ. પૂ. મુનિ ભગવંતોમાં મતભેદોના પ્રશ્ન ઊભા થતા ત્યારે તેઓશ્રી માતા જે ભાવપૂર્વક પોતાના બાળકને અંજન આંજે તેવા ભાવપૂર્વક મંદ-પરિણામરૂપી તે મતભેદોને હલ કરતા.

એકાશી વર્ષ અને ત્યાશી દિવસ સુધી પરમ સામાયિકને વરવાનો પ્રચંડ ધર્મપુરુષાર્થ નિરતિચારપણે કરનારા એ પરમ ઉપકારી આચાર્ય ભગવાનની પુણ્યનિશ્રાના પ્રભાવે અનેક ભવ્ય આત્માઓ શ્રુત, સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિ સામાયિકના ભાગી બન્યા છે.

જે ભાવપૂર્વક ભાઈ, ભાઈને સહાય કરે, એવા ભાવપૂર્વક આવા સામાયિકસ્થ મહાન આત્માઓ કાળને એનો ધર્મ બજાવવામાં પોતાનો દેહ સોંપીને મદદ કરતા હોય છે.

ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામી પ્રભુના શાસનને દીપાવનારા આવા મહાન આચાર્ય ભગવંતોનો યોગ આપણને સદા મળતો રહે તે માટે આપણે સહુએ આપણા તન, મન અને વચનની પવિત્ર શકિત વડે શ્રી અરિહંત ભગવંતોપદિષ્ટ ધર્મની આરાધનામાં સવિશેષ ઉદ્યમવંત બનવું જોઈએ.

એકસો–ચાર વર્ષ અને ઓગણત્રીસ દિવસ પછી દેહથી આપણને છોડીને સમભાવે વિદાય થએલા શાસનપ્રભાવક, પ. પૂ. આચાર્ય ભગવાનનો વિયોગ આપણને અતિશય વસમો લાગે તે સ્વાભાવિક છે. તેઓશ્રીના અતિ દીર્ઘ સમ્યક્ ચારિત્રની ભૂરિ– ગણાતી હતી. આજ ... રહી હોય છે ... આપણા મનના પરિણામને સરળ, નિર્મળ અને મોક્ષલક્ષી બનાવવામાં સક્રિય બનીએ, તે જ તેઓશ્રીની પુણ્ય સ્મૃતિને સદાને માટે ઝળહળતી રાખવાનો સાચો માર્ગ છે.

સંસારના ભવ્ય આત્માઓને મોક્ષમાર્ગાનુકૂળ જીવનમાં આગળ વધવામાં સદૈવ, પ્રત્યક્ષ યા પરોક્ષપણે સહાયભૂત રહેલા પરમોપકારી, પરમપૂજ્ય આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજાના અસીમ ઉપકારી, પરમ પવિત્ર અને આત્મઉદ્ધાર ચરિત્રને ભક્તિભાવપૂર્વક નમવાની ભાવનામાંથી જન્મ્યા છે આ શબ્દો. કોઈ ભાગ્યશાળી આત્મા આ નાનકડા લેખને–તેઓશ્રીના સાગરગંભીર જીવનને આલેખવાના પ્રયાસરૂપ ન સમજી લે. મારૂં તે ગજું નહિ.

મહામંત્ર શ્રી નવકારના ત્રીજા પદે રહેલા સર્વ આચાર્ય ભગવંતોમાંના એક શ્રી 'બાપજી મહારાજ' હતા, એમ લખતાં આંખોમાં ઝળઝળિયાં આવે છે, કલમ થંભી જાય છે.....

---


## મંદિરો તથા તીર્થપટો માટે

### અનુભવી શિલ્પશાસ્ત્રી

ભવ્ય દેવમંદિરો નવેસરથી બાંધવાનું તથા પ્રાચીન મંદિરોનો જીર્ણોદ્ધાર કરવાનું કાર્ય પ્લાનો તેમજ એસ્ટીમેન્ટ મુજબ સંતોષકારક રીતે કરાવવા અમારા વિશાળ અનુભવનો લાભ લ્યો.

દરેક તીર્થનાં બેનમુન સુંદર પટો, આરસ ઉપર દરેક ધર્મની દેવમૂર્તિઓ તેમજ પ્રતિમાજીને સુંદર ચકચકિત મનોહર લેપ વગેરેનું કાર્ય અમો જાત—દેખરેખ નીચે કરી આપીએ છીએ.

**મીસ્ત્રી હરિપ્રસાદ ભગવાનજી સોમપુરા**

ઠે. સરસ્વતી નિવાસ, ભૈરવપુરા

**પાલીતાણા (સૌરાષ્ટ્ર)**

# મનન માધુરી

શ્રી વિમર્શ

## આત્માનુભવ મેળવવાનો ઉપાય

બૌદ્ધિકજ્ઞાન જ્યાંસુધી અનુભવમાં ન પરિણમે, ત્યાં સુધી એ જ્ઞાન પરમ શાંતિ નથી આપી શકતું. હવે સવાલ એ છે કે આત્મ-અનુભવ કેવી રીતે મેળવી શકાય?

પહેલાં એ નિર્ણય કરવો જોઈએ કે દેહથી આત્મા અલગ છે. શરીરમાંથી ચૈતન્ય ચાલી જાય કે તુરત જ શરીર શબ થઇ પડે, આ ચૈતન્ય શું છે, કેવા અચિન્ત્ય સામર્થ્યવાળું છે, તેનો મહિમા આત્મામાં વારંવાર વસાવવો જોઈએ. બીજી રીતે પણ ચૈતન્યનો મહિમા હૃદયમાં વસાવી શકાય છે. પચાસ, સાઠ કે સીત્તેર વર્ષના જીવન દરમ્યાન શરીરમાં કેટ-કેટલો ફેરફાર થાય છે?

કયાં બચપણનું સુકુમાલ શરીર અને પછી વધતાં વધતાં છેલ્લી વૃદ્ધાવસ્થામાં તે કેવું બની જાય છે? છતાં આત્મામાં લેશમાત્ર ફેરફાર થતો નથી. તેનો જ્ઞાન સ્વભાવ, સુખદુઃખને અનુભવવાનો સ્વભાવ એનો એ રહે છે. વળી એ વિચારવું જોઈએ કે જ્ઞાન બાહ્યરૂપનું કરવું હોય તો ચક્ષુઇંદ્રિયથી થાય છે. પરન્તુ સૂર્ય-પ્રકાશ ન હોય તો ન થઈ શકે, એ જ વસ્તુનું જ્ઞાન મનમાં કરવું હોય તો બાહ્યપ્રકાશની કોઇ પણ જાતની મદદ વિના-અંદરના આત્મપ્રકાશ વડે થઈ શકે છે.

આ અંદરનો પ્રકાશ અખંડપણે ચાલ્યા જ કરતો હોય છે, અંદરનો આત્મ-પ્રકાશ ન હોય તો મનમાં કોઇપણ વસ્તુનું દર્શન ન થઇ શકે. સૂર્યના પ્રકાશ કરતાં પણ આ પ્રકાશનું મહત્ત્વ વધારે આંકવું જોઈએ. સ્વપ્નમાં જે આખી સૃષ્ટિ દેખાય છે, તે કોના પ્રકાશમાં? આત્મ-પ્રકાશમાં જ. કેમકે એ વિના અંદર કોઈ ફાણુસ, વિજળી કે સૂર્યનો પ્રકાશ છે નહિ અને પ્રકાશ વિના કોઇ વસ્તુ દર્શન ન થઇ શકે એ ચોકકસ છે. મનમાં એ પ્રકાશ આવ્યો કયાંથી? એ આત્માનો પ્રકાશ છે. અને અખંડ વહ્યા જ કરે છે, આ ત્રણે પ્રકારની અદ્‌ભુતતાનું વારંવાર ચિન્તન કરવાથી બાહ્યવિષયોનું ખેંચાણ ઓછું થઈ જશે અને આત્માનું ખેંચાણ દિનપ્રતિદિન વધતું જશે.

**આત્માની અખંડ સ્મૃતિઃ**—આત્માનુભવ વિના પરમ શાંતિ નહિ મેળવી શકાય એ અખંડ સત્ય છે. આ અનુભવને મેળવવા માટે આત્માનું અખંડ સ્મરણ રહ્યા કરે, તો જ આત્માનુભવ દૃઢ થતો જાય, શરીરની અંદર આત્મા જેવી કોઇ અપૂર્વ વસ્તુ રહેલી છે, એવા ચોકકસ પ્રકારના જ્ઞાનથી એ સ્મરણ અખંડ બનાવી શકાય, અભ્યાસથી એ થઇ શકે. મનમાં પહેલા દૃઢ સંકલ્પ કરવો જોઇએ કે મારે આત્માનું અખંડ સ્મરણ રાખવું છે. મનમાં કાંઇ ને કાંઈ વિચાર ચાલતાં જ હોય છે.

વિચારોની શૃંખલા અટકતી જ નથી. તેની સાથે જુદી જુદી સ્મૃતિઓ પણ ઉઠયા કરતી હોય છે, આ બધા બીનજરૂરી વિચારો અને બીનજરૂરી સ્મૃતિઓને આપણે પ્રયત્નપૂર્વક —અભ્યાસના બળ વડે અટકાવી શકીએ છીએ અને એના સ્થાને આત્મસ્મૃતિમાં આપણું મન પરોવી શકીએ છીએ. માત્ર નિશ્ચય દૃઢ રાખવો જોઇએ કે આપણે આત્માનું સ્મરણ અખંડ રાખવું છે.

આવો નિશ્ચય કર્યા પછી પણ આત્માનું અખંડ સ્મરણ રહેવા લાગશે જ, એવો નિયમ નથી. વારંવાર વિસ્મૃતિ થશે. મનમાં આત્મસ્મૃ-

તિને બદલે બીજી અનેક સ્મૃતિઓ ઉઠયા કરશે, અનેક વિચારો આવ્યા કરશે, એ ભલે આવે પણ એકવાર નિશ્ચય દૃઢ કર્યો હશે કે આપણે અખંડ આત્મસ્મૃતિએ પહોંચવું છે, તો સફળતા મળશે જ મનથી આવતી બીજી સ્મૃતિઓ અને વિચારોને રોકવાનો પ્રયત્ન અખંડ ચાલુ રહેશે, તો કયારેક સફળતાના શિખરે પહોંચાશે જ-અખંડ આત્મસ્મૃતિએ નહિ પહોંચાય તો પણ એને વિષે દિનપ્રતિદિન પ્રેમ તો વધતો જ જશે. અને છેવટે આત્માની ઝાંખી થયા વિના આત્માનો અનુભવ આવ્યા વિના–આત્માનો સ્પર્શ થયા વિના નહિ રહે.

**નામજપનો મહિમા** :–આત્માનુભવ મેળવવા માટે જેટલી જરૂર વૈરાગ્યની છે, વિષયો અને કષાયોને મંદ કરવાની છે, તેટલીજ આત્મધ્યાનની પણ છે. આત્મ-ધ્યાન માટેનો સમય પ્રાતઃકાળનો શ્રેષ્ઠ છે. નિદ્રાનો બ્રાહ્મમુહૂર્ત્તમાં વહેલી સવારે ત્યાગ કરી આત્મ-ધ્યાન માટે અભ્યાસ કરવામાં આવે તો તે શીઘ્ર ફળીભૂત થાય છે. ધ્યાન વખતે આવી જતા અન્ય વિચારોને રોકવા માટે સર્વશ્રેષ્ઠ ઉપાય નામજપનો છે. ઈષ્ટના નામનો જપ સતત ચાલુ રાખવાથી અયોગ્ય વિચારો આપોઆપ રોકાઈ જાય.

એક બાજુ વૈરાગ્ય અને બીજી બાજુ નામ જપનો અભ્યાસ ચાલુ રહે, તો આત્માનુભવ મેળવવાની ચાવી હાથ આવી જાય. આપણી ઇચ્છા વિના એક પણ વિચાર કે ભાવ ચિત્તમાં ન ઉઠે એવી માનસિક સ્થિતિ જો આપણે પેદા કરી શકીએ, તો તત્ક્ષણ જ શાંતિનો અનુભવ આપણે કરી શકીએ, મનમાં એક પછી એક વિચારો આવતા જ રહે છે. તેમાંથી રાગદ્વેષના ભાવો પેદા થતા જ રહે છે, અને એ દ્વારા આત્માની અનુપમ શાંતિને ખલેલ પહોંચ્યા જ કરે છે. એ બધામાંથી છુટવા માટે વહેલી તકે વિચારો ઉપર–ભાવો ઉપર કાબુ મેળવવાનો અભ્યાસ શરૂ કરવો જોઈએ. એકબાજુ વૈરાગ્ય ભાવ અને બીજી બાજુ નામજપ, ઢાલની બે બાજુની જેમ તે આત્મરક્ષા કરે છે. ઢાલની એક બાજુ વિષયો અને તેના આકર્ષણથી અને બીજીબાજુ વિચારો અને રાગદ્વેષના પ્રહારોથી જીવને બચાવી લે છે. આ બંને પ્રકારના અભ્યાસમાં જેમ જેમ સફળતા વધતી જશે, તેમ તેમ અનુપમ શાંતિનો અનુભવ આત્મ-ગોચર થશે.

★

એનોડાઈઝડ
એલ્યુમીનીયમ લેબલ્સ
★ ફરનીચર ★ મશીનરી ★ રેડીયો
વગેરે અનેક ઉદ્યોગોને ઉપયોગી
–: વધુ વિગત માટે લખો :–
એક્ષેલ પ્રોસેસ વર્કસ
ઇરલા મુંબઈ–૨૪

દહેરાસરો માટે સ્પેશીયલ સુવાસિત
દિવ્ય અગરબત્તી
તથા
કાશ્મીરી અગરબત્તી
પવિત્ર અને સુંદર વાતાવરણ સર્જે છે.
–નમુના માટે લખો–
ધી નડીઆદ અગરબત્તી વર્કસ
ઠે. સ્ટેશન રોડ, નડીઆદ (ગુજરાત)

# શારીરિક સ્વાસ્થ્યને નુકશાન કરનાર વનસ્પતિ ઘી

શ્રી રાવજીભાઈ મ. પટેલ અમદાવાદ.

દેશભરમાં વનસ્પતિ ઘીનો પ્રચાર કુદકે ને ભૂસકે આગળ વધી રહ્યો છે. સરકારની નબળી નીતિ, જાહેરાતના ધરખમ સાધનો તથા દેશની મૂડીનું તેના કારખાનાઓમાં ક્રોડોનું રોકાણ આ બધા કારણે વનસ્પતિ ઘી માટે અનુકુલ હવા મલી ગઇ. આજે લોકો ચોખ્ખા તેલને કે ઘીને ખાવાનું મુકી દેખાવની ખાતર વનસ્પતિ ઘી પર ચઢી ગયા છે. પણ આજે હવે એ પુરવાર થયું છે કે, વનસ્પતિ ઘી શરીરને અનેક રીતે નુકશાન કરે છે. જેઓ ઘી ખાવાની શકિત ન ધરાવતા હોય તેઓએ ચોક્ખું તેલ ખાવું સારૂં, પણ આજના વનસ્પતિ ઘીના પડખે ચઢવા જેવું નથી. વનસ્પતિ ઘીના કારખાનાવાળાઓએ દેશને કેટ-કેટલો પાયમાલ કર્યો છે, તે માટે ભારત સેવક સમાજના અગ્રણી કાર્યકર તથા ગુજરાતના કોંગ્રેસી આગેવાન રાવજીભાઇ પટેલનું નીચે રજુ થતું નિવેદન સર્વ કોઇએ વાંચી જવા જેવું છે. સાથે એ પણ પ્રશ્ન વિચારણા માંગે છે કે, દેશના અભ્યુદયની લાંબી લાંબી વાતો કરનાર આજની કોંગ્રસી સરકાર આવી બાબ્તોમાં કેમ દેશને અંધારામાં ઢસડે છે? દેશની ક્રોડોની પ્રજાનાં શારીરિક સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા એ વનસ્પતિ ઘીને કેમ નભાવે છે? જેનાં પરિણામે તેલના ભાવ આસમાને ચઢયા રહે છે, ને પ્રજાને ચોકખું તેલ પણ આજે ખાવાના ફાંફાં છે? દેશની આજે કેવી દુર્દશા છે કે, ૧૨ વર્ષના વ્હાણા આઝાદીને આવે વીતવા છતાં ઘીના ભાવ ૧૫૦ રૂા. થઇ જાય, ને ચોકખું તેલ પણ ખાવા ન મળે, ને રોગ કરનારા વનસ્પતિ ઘીના કારખાનાના કોટડા દરરોજ નવા બંધાતા જાય? કોંગ્રસી તંત્રનાં સૂત્રધારો જવાબ આપશે કે? આ તે આબાદિ આવી રહી છે. કે બરબાદી?

"વિજ્ઞાનને નામે આ જગતમાં અને ખાસ કરીને ભારતમાં જે કૌભાંડ રચાયાં છે તે જાણી સાંભળીને અકળામણ આવે છે. તેમાંનું એક ભારે કૌભાંડ હમણાં ઉઘાડું પડી ગયું છે. તે છે વનસ્પતિ ઘીનું. મગફળી અને બીજા હલકાં તેલનું મિશ્રણ કરીને વૈજ્ઞાનિકરીતે ઘી જેવું જમાવી હિંદની ગરીબ જનના જેને ઘી ખાવા જેવી આર્થિક શકિત ન હોય તેમને માટે ઘીના જેવું સ્વાદવાળું તેના જેવા દેખાવવાળું વનસ્પતિ ઘી બનાવવાના મોટાં કારખાનાં ઉભા થયાં. આવા જંગી કારખાનાં મૂડીવાળા જ ઉભા કરે ને? અગર તો સહકારી ધોરણ પર ઉભા થાય. પણ તે ધન કમાવાના ઉદ્દેશથી જ થાય, આ ધંધાની શરૂઆતમાં જાણે ચોર શાહુકારથી છુપાય તેમ આ ધંધો છુપાતો હતો પણ મુડીવાળાઓએ વૈજ્ઞાનિકો અને દાકતરોની મદદથી જનતામાં વિશ્વાસ ઉભો કર્યો કે વનસ્પતિ ઘી ખાવામાં કાંઇ નુકસાન નથી એટલુંજ નહિ પણ તે નિર્દોષ હોઇ સસ્તી કિંમતે ઘી ખાધા જેવો લાભ મળે છે, એવી એવી મોટી આકર્ષક જાહેરાતો વૈજ્ઞાનિકો અને પ્રખ્યાત દાકતરોના અભિપ્રાય સાથે પ્રસિધ્ધ કરીને છેલ્લાં પચીસ વરસથી પ્રજાને લુંટવાનો ધંધો ચાલુ રહ્યો છે, મને યાદ છે કે વનસ્પતિ ઘીના એક ઉત્પાદકે તો પોતાની દિકરીના લગ્ન પ્રસંગે સ્પષ્ટ જાહેરાત કરી જમણ તથા મીઠાઇમાં વનસ્પતિ ઘી વાપરીને તે સ્વચ્છ ઘી જેવું જ ગુણકારી છે. સસ્તું તો છે જ, એવી છાપ જનતા પર પાડી. જેમ વિજ્ઞાનને નામે વૈજ્ઞાનિક વહેમોથી પ્રજા છેતરાતી આવી છે તેમ આમાં પણ પ્રજા છેતરાઈ અને તેનો વપરાશ વ્યાપક બન્યો.

"વનસ્પતિ ઘી મનુષ્યના શરીરસ્વાસ્થ્ય પર

માઠી અસર કરે છે એવો કેટલાક પ્રામાણિક દાકતરોનો અભિપ્રાય નથ્યો નહિ," સોનાના સિકકાએ એવું જોર કર્યું કે તેમનાં મોં પણ બંધ થઈ ગયા. એવું સીલ વાગ્યું કે તેમનો સાચો અવાજ મોટા પડઘમ અવાજ આગળ તતૂડીના જેવો નિરર્થક બની ગયો.

આ રીતે જનતાના શરીરના સ્વાસ્થ્યને ભોગે આ તૂત ચાલ્યું. તેનાથી પણ વધારે દુઃખદ એ બન્યું કે ગામડાના નિર્દોષમાં નિર્દોષ ખેડુતના ઘરની પાપભીરૂ સ્ત્રી જે ધર્મભાવથી પોતાની ગાય-ભેંસને પાળી ઘી કરી પોતાના કુટુંબનું ગુજરાન ચલાવતી તેનામાં પણ પાપના સંસ્કાર આ વનસ્પતિ ઘીએ નાંખ્યા અને જેમ વનસ્પતિ ઘીએ દેશની જનતાના સ્વાસ્થ્યમાં ઝેરી કીડો દાખલ કર્યો તેમ તેણે જનતાની નીતિમાં પણ ઝેરી કીડો દાખલ કર્યો. સ્વપ્ને પણ કદી જીવ ન બગાડે તેવી ગામડાંના ખેડુતની પાપભીરૂ સ્ત્રીઓ સુધી આ અનૈતિક વાતાવરણ જામ્યું. વનસ્પતિ ઘી તેના વલોણા સુધી પહોંચી ગયું અને સ્વચ્છ ઘી બનાવતાં વનસ્પતિ ઘીની ભેળસેળ કરી તે ઘી વેચાવા માંડયું, દેશના કોઈ-પણ ભાગમાં જાવ તો તમને સ્વચ્છ ઘીના નામે આ વનસ્પતિથી મિશ્ર કરેલું જ ઘી મળે. વનસ્પતિ ઘી, શારીરિક સ્વાસ્થ્યને ભારે નુકસાનકર્તા છે એ સંબંધે તો લાગતા વળગતા વૈજ્ઞાનિકોએ અને દાકતરોએ જનતાનું મોં પોતાના સીલથી બંધ કર્યું હતું પણ આ અપ્રમાણિકતાનો-ઠગાઇનો ધંધો દેશમાં વ્યાપક બન્યો તેનું શું ? આમ પ્રજાને પણ નીતિનાશને માર્ગે દોરી તેનું શું ? તે માટે કોંગ્રેસના કેટલાક કાર્યકર્તાઓએ ફરીયાદ કરેલી અને મને સારી રીતે યાદ છે કે અમદાવાદમાં છેલ્લી મહાસમિતિની બેઠક ભરાઇ ત્યારે શેઠ ગોવિંદદાસ તરફથી એવો ઠરાવ લાવવામાં આવેલો કે વનસ્પતિ ઘી સ્વચ્છ ઘીમાં ભેળસેળ થઈ દગો અને છેતરામણ વધી પડયા અને તેથી પ્રજામાં અનૈતિક અસર થઈ છે. માટે વનસ્પતિ ઘીને કોઇપણ જાતનો નિર્દોષ રંગ આપીને સ્વચ્છ ઘીમાં ભેળસેળ થતું અટકાવવું. આ ઠરાવ આપણા વડાપ્રધાન શ્રી નહેરૂજીને ગમ્યો ન હતો અને તેમના વતી સ્વ. મૌલાના અબ્દુલ કલામ આઝાદે તુલો બચાવ પણ કરેલો, છતાં પણ ઠરાવ ભારે વધુમતિથી પસાર થયેલો, એ ઠરાવનો અમલ થયો જ નહી, એ દુઃખની વાત હતી. આપણા વડાપ્રધાન શ્રી નહેરૂજી તો પ્રખર લોકશાહી વલણના છે છતાં આ કહેવાતા વિજ્ઞાનથી તે પણ કેટલીક વખતે એવા તો ભરમાઈ જાય છે. તે વૈજ્ઞાનિક ધૂનમાં વાસ્તવિક વસ્તુને જોઇ શકતા નથી અને પોતાની વૈજ્ઞાનિક ધૂનમાં આગળ ધપ્યાં જ કરે છે. આમ કહેવું મારા-માટે દુઃખદ છે છતાં તે સાવ સત્ય છે.

## આરોગ્ય પ્રધાન શું કહે છે ?

પણ સાચા પુરુષ છુપાઇ રહેતા નથી તેમજ સાચી વાત છુપાવી શકાતી નથી. તાજેતરમાં કેન્દ્ર સરકારના આરોગ્યખાતાના પ્રધાન શ્રી. ડી પી. કરમરકરે વનસ્પતિ ઘી અંગે જે હિંમતભરી જાહેરાત કરી તે કાંઇ વડાપ્રધાન શ્રી નહેરૂજીની સૂચના અને સંમતિ સિવાય થાય જ નહીં અને વળી વડાપ્રધાન નહેરુજીના પોતાના ઘરમાં આજસુધી જે વસ્તુ નિર્દોષ વૈજ્ઞાનિક દ્રષ્ટિએ ઉત્તમ અને જનતાના હિતની દ્રષ્ટિએ કનિષ્ઠ ગણાઈ છે તેનો હવે વડાપ્રધાનના ઘરમાંથી બહિષ્કાર થયો છે, તેની સત્તાવાર જાહેરાત આરોગ્ય પ્રધાન તરફથી થઇ છે. હું માનું છું કે આજ સુધીના તે પોતાના વૈજ્ઞાનિક મંતવ્યોની ધૂનમાં આગળ ધપ્યાં કર્યા અને તેથી પ્રજાના શારીરિક અને નૈતિક સ્વાસ્થ્યને ભયંકર નુકશાન પહોંચ્યું હશે તેનું દુઃખ તેમને પોતાને ભારે થયું હશે પણ હવે તો જનતાની આંખો ખુલવી જોઇએ. તેણે જાગૃત થવું જોઇએ. આપણું કલ્યાણ કરનારા ધંધાર્થીઓ ધનલક્ષી વૈજ્ઞાનિકો, ઠગો અને પોતાની મૂડીના સહારાથી પ્રજાની નૈતિક અને

# ધન્ય અહિંસા

શ્રી રાજેશ

'માતા જેમ પોતાના વ્હાલા પુત્રનું પ્રેમથી પાલન કરે છે. તેવી જ રીતે સંસારમાં અન્ય-મનસ્ક બની ઉદ્દસ્ત ફરતા માનવોના માનસમાં અહિંસા એ ઉલ્લાસની લાગણી ફેરવે છે. સંસાર-રૂપી મરૂભૂમિમાં અહિંસા–અમૃતની વર્ષા આપી જાય છે.

જીવનમાં કલ્યાણકેરી કામનાઓના કાજે કુટિલ પ્રયાસ તો થયા જ કરે છે. પણ એ પ્રયાસો અધોગામી બનાવી દે છે. અહિંસાનો વાસ જ્યાં સુધી માનવમાં થયો નથી ત્યાં સુધી માનવ તરીકે જીવવાનો પણ અધિકાર જરાયે તેને પ્રાપ્ત થયો જ નથી. અહિંસાની ઉત્તમતા જ્ઞાનીઓથી પણ અવર્ણનીય છે. મુકિત માર્ગમાં મહાન સહચારી અહિંસાનો વાસ જ્યાં સુધી નથી હોતો ત્યાં સુધી દેખાતા બાહ્ય ઉચ્ચકોટિના તપ ત્યાગો, ક્રિયાકાંડો આચાર–વિચારો કેવળ અંધકાર સમા છે.

વિશ્વમાં પરમ વિશ્વસનીય બનવાના કોડ સેવનારાઓએ અહિંસાના ઉપાસક બનવું અત્યંત આવશ્યક છે. જ્યાં અહિંસાનો આશાસ્પદ આવકાર છે. ત્યાં ભયંકર ભાસતી ભૂતાવળો ભયત્રસ્ત બનાવતી દુઃખની ભેખડો ભેદાઈ જાય છે. અને એ અહિંસકની એક જ દૃષ્ટિ પડતાં સમગ્ર વિશ્વ શાંતિ અનુભવે છે.

જયપુર નગરમાં વસતા ધના માળીને એ ઉપદેશે અજબ અસર ઉપજાવી. ગુરુદેવ! અહિંસાનું એ અવર્ણનીય સ્વરૂપ સાંભળ્યું. હૃદય સાગરમાં વિચારનાં વમળે અહિંસક બનવા ચઢ–ઉતર કરી રહ્યાં છે, પણ અશક્ત છું.

મારી આજીવિકાને વાંધો ન એવો માર્ગ મને બતાવો કૃપાલુ!

'મહાનુભાવ! સર્વ અહિંસા અને દેશ અહિંસાના બંને માર્ગો જ્ઞાનીઓએ મૂકેલા છે. આત્મવિકાસમાં અનેરો રાહ બતાવનાર એ અહિંસાને યથાયોગ્ય આચરણમાં આણવી એ પ્રત્યેક આત્માનું પવિત્ર કર્તવ્ય છે. તારાથી બને તેટલું તું પણ ગ્રહણ કરતો જા.'

'પ્રભો! વિશેષ તો બનવું અશકય છે. પણ 'ગળ્યા વિના પાણી નહિ પીઉં' એ પ્રતિજ્ઞા

---

શારીરિક સ્વાસ્થ્યના ભોગે પણ ધનપ્રાપ્તિ માટે કેવાં કૃત્યો કરે છે અને દેશમાં વર્ચસ્વ ભોગવે છે તે આપણે જાણી લેવું જોઈએ. આવા ઠગારા લોકોએ વિજ્ઞાનને નામે જનતાને લુંટવાને આવી અનેક ઈન્દ્રજાળો દેશમાં રચી છે, તેમાંથી દેવ હોવાનો દેખાવ કરનારા સ્વાર્થી ધન લોલુપી વૈજ્ઞાનિકોના ઝેરી પંજામાંથી દેશની આમજનતાએ બચવું જોઈએ.

## વધેલ રોગ

કેન્દ્ર સરકારની જાહેરાતથી હવે ચોકકસ થયું કે છેલ્લા પંદર વીસ વરસમાં દેશભરમાં હૃદયરોગ કેન્સર, હાઈપર એસીડીટી (અમ્લ પીત્ત), ગેસનું દરદ તેમજ આંતરડાંના રોગ વધી પડ્યા છે તે વનસ્પતિ ઘીના વપરાશના કારણે જ વધી પડ્યાં છે, એવા નિવેદનને કોઈ અતિશયોકિતભર્યું માને તો આરોગ્ય પ્રધાનની જાહેરાત પ્રમાણે તે રોગોમાં મોટો હિસ્સો વનસ્પતિ ઘીનો છે એ તો ચોકકસ વાત છે.

## બહિષ્કાર કરો

આ સ્થિતિમાં સમગ્ર પ્રજા માટે ગરીબ કે તવંગર માટે હિતની એ છે કે ઘી ન મળે તો મગફળી, સરસવ, કરડી કે તલનું શુદ્ધ તેલ ખાવ, પણ શરીર અને નીતિનો નાશ કરનારા આ વનસ્પતિ ઘીનો સદંતર બહિષ્કાર કરો. કાંઈ નહીં તો ગુજરાતમાં એવું વાતાવરણ ઉભું કરો કે વનસ્પતિ ઘીનાં કારખાનાનાં કોટડા આપોઆપ ભોંય ભેગાં થાય.

(સંદેશ)

આપની સમક્ષ ગ્રહણ કરૂં છું. वस्त्रं पूतं पिबेज्जलम् એ વાક્ય હવે હું હૃદયમાં કોતરી રાખીશ.'

'જેવી તારી ઇચ્છા. પ્રતિજ્ઞા પૂર્ણપણે પાળજે.'

જ્ઞાની ગુરુએ અન્યત્ર વિહાર કર્યો, ધનો માળી કામ ઉપર ગયો.

પ્રતિજ્ઞાપાલનમાં તત્પર ધનો જયણાપૂર્વક પાણી ગળી પી રહ્યો છે.

એક વખત પાણી ગલતાં પાણીમાંથી પાંચ પોરા નીકળ્યા.

'વાહ નિયમ! જો મેં પ્રતિજ્ઞા ન લીધી હોત તો આ પોરાની શી દશા થાત?'

ખરેખર! જ્ઞાનીઓનું કથન કદાપિ અસત્ય હોતું નથી. અજયણાએ પ્રવર્તતાં આવા અનેક સૂક્ષ્મ–સ્થૂલ જીવોની હિંસા આપણા હાથે થતી હશે? ઉદરમાં પણ કીટાણુઓ જવાથી અનેક રોગોની ઉત્પત્તિ થાય છે.

ધન્ને ધીમે રહી એ પોરા પાછા પાણીમાં મૂકી દીધા. દિન–પ્રતિદિન તે દયાને વધુ આરાધતો, સ્વ આયુષ્યપૂર્ણ કરી એક નગરમાં કુલપુત્ર તરીકે ઉત્પન્ન થયો. અહિંસક આત્માઓ પોતાની અવગતિને રોકી અવશ્ય ઉચ્ચગતિને જ પ્રાપ્ત કરે છે.

મહાદેવી અહિંસાની ઉપાસના કરનાર સદાને માટે નિર્ભય જ રહે છે. જેણે નથી આદરી અહિંસા જીવનમાં, કદાપિ તે શાંતિને સાધવા સમુદ્યત બનવાનો જ નથી.

(૨)

'યક્ષરાજ! આને ઓળખો છો ને?'

'હાં! હાં! ઓળખ્યો એને; પૂર્વભવમાં આપણે જ્યારે પોરાના જીવ તરીકે હતા ત્યારે આ માળી હતો. દયાના અપૂર્વ સ્રોત સમા એ મહાનુભાવે આપણને બચાવ્યા હતા, એજ આ છે ને?'

'બરાબર એ જ આ છે! આપે જ્ઞાનનો ઉપયોગ સારો કર્યો'

હાં! ત્યારે એ ઉપકારીને આપણે કંઈક આપવું જોઇએ.'

'આપણે શું ફળ આપવા શકિતમાન હતા. એનું ફળ તો એને અવશ્ય મળશે જ.

બેશક! ત્યો ત્યારે સાંભળો. આજથી પાંચમે દિવસે વડની નીચે સુતેલો કુલપુત્ર રાજા થશે."

દૈવી ઉદ્‌ઘોષણા સાંભળતા ઉંઘમાં પડેલો કુલપુત્ર આંખો ચોળી ઉભો થયો. 'શું હું રંક! અને મને રાજ્ય. કદાપિ નહિ. જરૂર મારી એ શબ્દોની ભ્રમણાજ હશે.' તેણે ઉંચે જોયું. પાંચ યક્ષોને તેણે જોયા. હવે તેને કંઈક તથ્ય લાગ્યું.

'ગભરાઈશ મા. તને જરૂર અમારા વરદાનથી રાજ્ય મળવાનું જ છે.'

કુલપુત્ર રવાના થયો. પાંચમા દિવસનું પ્રભાત પાંગરી રહ્યું છે. વનનો સુમધુર સમીર શરીરને અત્યંત સુખ આપી રહ્યો. કુલપુત્ર નિઃશંક મને આગળ વધી રહ્યો છે. એટલામાં સાક્ષાત દૈવી વચન સાકાર બનતું હોય તેવી પાંચ દિવ્યોથી શણગારેલી હાથણી અટન કરતી આવી. કુલપુત્ર ઉપર કલશ ઢોળ્યો, ચામર વીંજાવા લાગ્યા. વાજીંત્રનો સુમધુર સ્વર ગુંજી રહ્યો.

'રાજન્! વાણારસીના નરવર્મા રાજા મરણ પામ્યા છે, ઉત્તરાધિકારી કોઇ ન હોવાથી ભાગ્ય વશાત્ પંચ દિવ્યદ્વારા આપને રાજ્યસંપત્તિ મળી છે. બિરાજો હાથીની અંબાડીએ. નગરજનોને દર્શન આપી આનંદિત કરો. વૃદ્ધ મંત્રીએ નુતન રાજાને નમ્ર વિનંતિ કરી.

વાજતે ગાજતે નગરપ્રવેશ થયો.

નુતન રાજા આનંદ–પ્રમોદમાં દિવસો વ્યતીત કરી રહ્યો છે, નુનત રાણીઓના સુંદર સમાગમમાં સ્વને ધન્ય માની રહ્યો છે.

પુણ્યનાં પુષ્પોની સૌરભ જ્યારે ફેલાય છે, ત્યારે દુઃખની દુર્ગંધિ વાર્તા પણ સ્વત દુર થઇ જાય છે.

પણ અન્ય સીમાડાના રાજવીઓ આ પરિસ્થિતિ ન સહી શકયા. રસ્તાનો રખડતો ભીખારી રાજા થાય અને એને નમસ્કાર કરવો.

અરે! એમાં તો અમારૂં ક્ષાત્રવ્રત લાજે.

આ મસ્તક મહાન શુરવીર પ્રતાપી ક્ષત્રિય સિવાય અન્યને કદાપિ નમ્યું જ નથી અને નમશે પણ નહિ.

ક્ષત્રિયોની સંપત્તિ ભૂજબળમાં જ હોય છે. એ અભણ યુવકને અમે રણમાં રગદોળી દઈશું. ક્ષત્રિયોની સંપત્તિ અન્તે ક્ષત્રીયોની જ થઈને રહેશે.

સંગ્રામ માટે સંપૂર્ણ તૈયારીઓ થઈ ગઇ. સીમાડાના રજવાડાના સર્વ રાજવી એકત્રિત થયા.

વાજીંત્રના પ્રઘોષ સાથે અખર્વ ગર્વથી ઉન્મત્ત થયેલા આત્માભિમાનીઓ યુધ્ધની સંપૂર્ણ તૈયારી કરી ઉજ્જયિનીના ઉદ્યાનમાં આવ્યા.

નરેન્દ્ર! પરબલથી આક્રમણ કરાતા નગરનો ઊદ્ધાર હવે આપના હાથમાં છે. સૈન્ય આપ નાયકની રાહ જોઇ રહ્યું છે. પ્રાપ્ત થયું પુણ્યબલે, પણ રક્ષણના માટે પરાક્રમ જોઇશે. પધારો નરદેવ! શોભાવો હાથીની અંબાડીને' વૃદ્ધ મંત્રીનાં એ વાકયોની અસર રાજા ઉપર ન થઈ.

'રસ્તાનો રખડતો રંક ભલે રાજા થયો પણ પણ રાજ્યની વ્યવસ્થા પ્રચંડ પરાક્રમિતા; એને વરેલ જ ન હોય.' લોકોનો એકસામટો અવાજ આવવા લાગ્યો.

એ રાજાના કારણે જ નગરનો એકપણ નાગરિક શાંતિ નહી અનુભવે, એવી લોકોની દૃઢ માન્યતા બની બેઠી

'નાથ! દ્યૂતક્રીડા, વૈભવ, વિલાસ એ બધાં જ રાજ્યની પાછળ છે રાજ્ય નહીં હોય તો એ વિલાસો મિથ્યા છે. માટે વિલાસને છોડી સર્જાતા વિનાશને અટકાવવા પ્રયત્ન સેવો. લોકો આપની મૂર્ખતા ઉપર હસી રહ્યા છે. મંત્રીઓ આપની મૂકતા ઉપર ત્રાહિ પોકારી રહ્યા છે. આપ ઉપેક્ષાભાવ સેવી રહ્યા છો તે તદ્દન અસ્થાને છે.' દ્યૂતક્રીડા કરતા રાજાને કહીને રાજરાણીએ એકવાર પત્થર ઉપર પાણી રેડવા પ્રયત્ન કર્યો.

એ વાકયોની રાજા ઉપર ખાસ અસર નહિ થાય, એવો સામ્રાજ્ઞીને વિશ્વાસ જ હતો. મહારાણી! લોકો ભલે ગમે તેમ બોલે એની મને પરવા નથી. જેણે મને રાજ્ય આપ્યું છે, રક્ષણ પણ તેજ કરશે.

स वटः पञ्च ते यक्षाः ददन्ति च हरन्ति च
अक्षान् पातय कल्याणि यद्भाव्यं तद्भविष्यति ॥

તે વડ ઉપર રહેલા પાંચ યક્ષોએ મને રાજ્ય આપ્યું છે. એમની ઇચ્છા થાય તો રક્ષણ કરે. હું નિશ્ચિત છું. હે સુભ્રુ! તું વિના વિલંબે પાસા નાંખે જા, જે થવાનું હશે તે થશે જ.

યક્ષના સ્મરણ માત્રથી જ અન્ય વિદ્વેષી રાજાઓને મુસ્કેટાટ બાંધી યક્ષોએ તરત જ રાજા પાસે હાજર કર્યા. નૂતન રાજાની વીરહાક ચારે બાજુ જોરથી વાગવા માંડી. તેની આજ્ઞા અન્ય દેશોમાં પણ અખંડ પ્રવર્તી.

નૂતન રાજાની અખંડ આજ્ઞા અપનાવવાનું વચન લઇ સર્વને છુટા કર્યા.

ઉજ્જયિનીના ઉદ્યાનમાં એક વખત જ્ઞાની મહર્ષિ પધાર્યા. રાજા સપરિવાર વંદન કરી યથાસ્થાને બેઠા. મુનિવરે મધુરસ્વરે દેશના પ્રારંભી:—

जीवानां रक्षणं श्रेष्ठं जीवा जीवितकांक्षिणः
तस्मात्समस्तदानेभ्योऽभयदानं प्रशस्यते ॥

સર્વ જીવો જીવિતની ઇચ્છાવાળા છે, એટલે જીવોનું રક્ષણ કરવું એજ શ્રેષ્ઠ છે સમસ્ત દાનોમાં અભયદાન જ મુખ્ય ગણાય છે.

પુણ્ય તેજોમયી અહિંસાદેવીના ઉપાસકો જ અખંડ અને અનંત સુખના ભોક્તા બની શકે છે, આધિ–વ્યાધિ–ઉપાધિથી ઉદ્વિગ્ન બનેલ ઉત્તમ

# આપણું જીવન અને દવાઓ

વૈદ્ય શ્રી. કાંતિલાલ શાહ
★ ઝીંઝુવાડા.

માનવ દેહમાં સ્પર્શનેંદ્રિય (ચામડી) રસનેંદ્રિય (જીભ) ઘ્રાણેંદ્રિય (નાક) ચક્ષુરિંદ્રિય (આંખ) શ્રોત્રેંદ્રિય (કાન) આ પાંચે ઈન્દ્રિયો મસ્તકમાં હોવાથી આખા શરીરનાં અંગોમાં મસ્તક ઉત્તમ અંગ છે, અને પાંચે ઈન્દ્રિયોની પટુતા હોય તો જ માનવ દેહ દેદીપ્યમાન લાગે છે.

હવે આપણે જોવાનું એ છે કે પાંચે ઇન્દ્રિયોને પોષણ આપી નીરોગી રાખનાર, મસ્તકની પ્રતિભા, ચહેરાની શોભા, મોઢાની સુંદરતા અને આખાયે શરીરની સંભાળ રાખનાર, કોઈ હોય તો તે દાંતની બત્રીસી જ છે, આરોગ્યના શ્રીગણેશ દાંતથી જ શરૂ થાય છે. પાકેલા દાડમની કળી જેવા, મોતીના દાણા જેવા, દૂધ જેવા સફેદ, કણી બંધ, સ્વચ્છ સુંદર, સુડોળ, સશક્ત દાંતો એ માનવમંદિરના પાયાના પત્થર છે. માટે આવા અમૂલ્ય દાંતો નીરોગી રહે એ માનવ માત્રની પહેલી ફરજ છે. કારણ ચર્વણ–પાચન–શોષણ દાંતથી જ શરૂ થાય છે.

વર્તમાન કાલમાં વૃદ્ધો, યુવાનો ને બાળકો ત્રણ પેઢી આપણી સમક્ષ છે. નિરીક્ષણ કરતાં સહેજે કબુલ કરવું પડશે જ કે દાંતની મજબુતાઇ, પહોળાઇ, અને સંખ્યા ઉત્તરોતર ઘટતી આવે છે અર્થાત્ દાંતના દર્દોથી માનવ ઘેરાઇ-રહ્યો છે.

મસ્તકમાં રહેલ પાંચે ઈન્દ્રિયો અને અવયવો અરસપરસ નસો ને મજ્જાતંતુથી ગુંથાએલા છે, એટલે દાંત બગડવાથી ઈંદ્રિયોને પણ ઓછુવત્તું સહન કરવું પડે છે.

કાનમાંથી રસી આવવી, યા ઓછું સાંભળવું આંખની કમતાકાત યા ચશ્મા ચઢાવવા, નાકનું અવાર–નવાર શરદીથી ઘેરાવવું, જીભમાં તોતડાપણું, આ પ્રમાણે દાંત બગડવાથી બધું બગડે છે.

આરોગ્ય માટે કરોડો રૂપીઆ ખરચાઇ ચુકયા છે, ખરચાય છે અને ખર્ચાશે છતાં યે દાંતની કક્ષા ઓછી થવા માંડી છે એટલું જ નહિ પણ દાંત સડીને દાંત, પારા ને પેઢામાં પરૂ (રસી) થવા સુધીનો ભયંકર રોગ પાયોરીયા વધવા લાગ્યો છે આમ શાથી થયું ?

દાંત બે વખત આવે છે. ત્રણ વરસની ઉમર સુધીમાં જે દાંત આવે છે તેને દુધીયા દાંત કહેવાય છે, આ દાંત છ વરસ થતાં સુધીમાં પડી જાય છે અને ક્રમે ક્રમે વીશ વરસ સુધીમાં જીંદગી પર્યંતના, દાઢ, દાંત, બે ખુણીયા, કાપનારા એવી રચના વાળા દાંત આવી જાય છે.

બાળકને જ્યારે સૌ પ્રથમ દાંત ફુટવા શરૂઆત થાય છે, ત્યારે ખાસ ધ્યાન રાખવાની જરૂર છે. અહિં જો બેદરકાર રહ્યા તો દાંતની મજબુતાઈ થશે નહિ.

બાલ્ય જીવનની સૌથી પ્રબળ વૃત્તિ કોઇપણ ચીજને ચુસવાની છે, અંગુઠો ચુસે છે, અગર તો કોઇપણ વસ્તુ હાથમાં લેશે તો તરત જ ચુસવા

---

આત્માઓએ કેવલ અહિંસાનું આશ્રયણ કરવું એ હિતાવહ છે,

'જ્ઞાની ગુરુદેવ ! મને આ સંપત્તિ પ્રાપ્ત થઈ, એ મારા કયા પુણ્યના બલે ?'

સમય જોઈ રાજાએ ગુરુદેવને પ્રશ્ન પૂછયો.

'મહાનુભાવ ! એ અહિંસાનો જ પ્રભાવ છે. માળીના ભવમાં ફક્ત પાંચ પોરા બચાવેલ એજ જીવો મરી ક્રમશઃ પાંચ યક્ષો થયેલ અને એ યક્ષોએજ તને આ રાજ્યસંપત્તિનો અધિકારી બનાવ્યો છે.

પૂર્વની એક સામાન્ય અહિંસાનું કેટલું ઉત્તમ પરિણામ ?

ગુરુની અમૃતમય વાણીએ અનેકોને અહિંસાના ઉપાસક બનાવ્યા. કુલપૂત્ર રાજવીના સમગ્ર રાજ્યમાં પાણીના સ્થાનોએ ગળીને પાણી વાપરવાનો કડક કાયદો પસાર થયો.

**ધન્ય અહિંસા !**

[ઉપદેશ પ્રાસાદના આધારે]

લાગશે, આ ચુસવાની વૃત્તિથી એ સાબીત થાય છે કે. ચુસીને પેટમાં મોકલી શકાય એવો જ આહાર બાલક માટે જોઈએ. આવો આહાર કુદરતી રીતે જ માતાના સ્તનમાં દૂધ (ધાવણ) રૂપે ઉત્પન્ન થાય છે, બાળકને માટે નીરોગી રાખનાર, મીઠું, મધુરું અને પૌષ્ટિક પોષણ ધાવણ સિવાય બીજું એક પણ નથી.

માતાના સ્તનપાનથી ઉછરેલાં બાળકોના શરીરનાં અવયવો, શ્વાસનળી, ગળું, જડબાં, મોઢાના સ્નાયુઓ, જીભ અને દાંતો કુદરતી રીતે વ્યવસ્થિત ખીલી ઉઠે, કારણ ધાવવાની, ચુસવાની ક્રિયાથી કસરત મળે છે, લોહીનું ભ્રમણ ઝડપી થાય છે, શુદ્ધ ઝડપી લોહી પોષણ આપે છે, અને તેથી દાંત પુટવાની ક્રિયા રોગ રહિત થાય છે, આવી રીતે મજબુત દાંતના પાયા રોપાય છે.

આવી રીતે કુદરતી સ્તનપાનથી બાળક નીરોગી રહે છે. છતાં યે દાંત પુટતી વખતે તાવ અને ઝાડા કોઈ કોઇ બાળકને થઈ આવે છે, બાળકને ઝાઠા થતાં હોય તો માતાએ આહારમાં દહિં અને છાસ સાથે હલકો ખોરાક લેવાથી અને તાવ હોય તો મહાસુદર્શન ચુર્ણ લેવાથી બન્ને રોગ શાંત થઈ જાય છે, બાળકનાં દરદો મટાડવા ધાવણ હલકું બનાવવું એ જ સાચો ઉપાય છે.

પણ જો બાળકને દાંત પુટતી વખતે દાંત તરફ અનાદર કરીએ તો એ મિત્ર મટી ધીમે-ધીમે દુશ્મન બનશે. સ્વાસ્થ્ય અને જીવનના આનંદને ચાવી જશે. બેઠેલા ગાલો, ગંધાતું મુખ બદસુરત ચહેરો, પીડા, દુઃખ અને અનેક પ્રકારની શારીરિક યાતનાઓ એ બેદરકારીની સજા છે.

અહિં માતાઓ કહેશે કે, ધાવણ ઓછું આવે છે ત્યાં શું કરીએ ? આવી વાત જ્યારે સાંભળીએ છીએ ત્યારે ખરેખર દુઃખનો પાર રહેતો નથી. ગુર્જર ભૂમિની માવડી જ્યારે સુવાવડમાંથી ઉઠી ઘર કામે લાગતી, ત્યારે વજન વધવાથી હાથણી જેવી શોભતી, અને પુત્રપ્રેમથી દૂધની ધારાઓ વહાવતી હતી, ત્યાં આજે કઇ સ્થિતિ સર્જાણી છે ? ધાવણ ઓછું આવવાનું કારણ લોહીની અછત છે. આને માટે શરૂઆત મગ-બાજરીનું ભઇડકું અને ખીચડી, દૂધ સાથે લેવી. આથી મળાવરોધ થશે નહિં. જેથી ભૂખ કકડીને લાગશે, ભુખ ઉઘડે એટલે ઘી, દૂધ, અડદ, ટોપરૂ શતાવરી, વિહારીકંદ, આસોંધ, બળદાણા, ઘઉં, બાજરો, ગોળ વિગેરે પૌષ્ટિક આહાર લેવાથી દૂધ વધશે, બાળકને ખડતલ, નીરોગી બનાવનાર મજબુત દાંતો જો સ્તનપાનથી ઉછેરાશે તો જ બનશે.

પ્રથમાવસ્થાના દાંતોને નીરોગી અને મજબુત રાખવા માટે બરાબર સાવચેતી રાખી હશે તો પછીના જીંદગી પર્યંતના દાંત આપોઆપ-મજબુત ઉગવાના અને નીરોગી રહેવાના.

દંતરક્ષા માટે સૌથી પહેલી ક્રિયા દાતણથી શરૂ થાય છે, મહુડો, કરંજ, લીંબડો, સરેડી, બીલી, વજ્રદંતી, પીંપળ, બોરડી, અઘેડી, દાઠમ આંબો વગેરે વૃક્ષોનાં દાતણ આયુર્વેદે બતાવેલાં છે, અને જુદા જુદા દંતરોગ ઉપર પ્રયોગો પણ બતાવ્યા છે પણ બાવળનું દાતણ બહુ જ પ્રચલિત થઈ ગએલું છે. કારણ ખેરની જાત છે. ચીકણું મીઠાશવાળું અને કોમળ છે, ચાવવાથી કુચો સરસ આપે છે.

બાવળનું દાતણ ખુબ ઝીણું ચાવવાથી તેના રસનો સ્પર્શ દાંત, જીભ, તાળવું વગેરેને થાય છે. ચાવવાથી અવયવોને કસરત મળે છે, ઝીણો કુચો એક એક દાંત ઉપર ઘસવાથી દાંતનો મેલ નીકળી છૂટો પડી જાય છે. અને ચીરીથી જીભ ઉપરનો મેલ (ઉલ) બહુ સ્હેલાઈથી ઉતારી શકાય છે. બીજા વૃક્ષોનાં દાતણથી ઉલ ઉતારતા જો ધ્યાન ન રાખીએ તો જીભને છોલાવાની ભીતિ છે. જયારે બાવળની ચીરી કોમળ હોવાથી કાંઇ ભીતી રહેતી નથી. ત્યારબાદ ઠંડા પાણીના કોગળા કરવાથી દાતણે ઉખાડેલો મેલ નીકળી જાય છે. કોગળો મુખમાં ભરી અવળસવળ હલાવ્યા કરવો તે કોગળો જ્યાં સુધી પાણીમાં સ્હેજ

ગરમી આવે ત્યાં સુધી હલાવ્યા કરવો અને પછી કાઢી નાંખવો, કોગળા કરતાં ઉતાવળ કરવી નહિ આ પ્રમાણે કોગળા કરવાથી મુખશુદ્ધિ થાય છે, લોહીનું ભ્રમણ વધે છે, દાંતના પારા, પેઢાં જડબા વગેરે અવયવો પોષણ મેળવી રોગપ્રતિકાર-શક્તિ મેળવે છે.

મુખમાં હાડકા વગરની જીભ, અને દાંતને ઘણો જ પ્રેમ કુદરતે ગોઠવ્યો છે. દાંત કેવો ? નર જાતિ, જીભ કેવી ? નારી જાતી, આ બન્નેને અરસ પરસ અનહદ પ્રેમ છે. દાંતની રક્ષા માટે જીભ અવારનવાર દાંત ઉપર ફર્યા જ કરે છે. દાંતમાં કાંઈ ભરાણું હશે તો જીભ તે શલ્ય કાઢવા માટે મારો ચલાવશે અને શલ્ય દુર થશે ત્યારે જ જંપશે. તેવી જ રીતે જીભ ઉપર ચાંદિ, ફોલ્લા કે ગરમી થઈ હશે તો દાંત ખાવાનું (ચાવવાનું) છોડી દેશે, કારણ જીભના રોગીને પ્રવાહી પદાર્થજ લેવો પડશે, કેવો અદ્‌ભુત સ્નેહ કુદરતી છે!

આ ઉપરથી આપણા સામાજિક વ્યવહારમાં એકના દુઃખે દુઃખી અને સુખે સુખી બનવાનું અપનાવી લેવાય તો પુત્રને પિતા વચ્ચે, વહુ અને સાસુ વચ્ચે, નણંદ અને ભાભી વચ્ચે, પતિ અને પત્ની વચ્ચે, જે કલહ વધી રહ્યો છે, અને સળગી જવું, કુવે પડવું, આત્મહત્યા કરવી, આવા ઘોર પાપો થઈ રહ્યાં છે તે અટકી જઈ શાંતિનું સામ્રાજ્ય સ્થપાશે.

દાતણ પછી ખોરાક ખાવાની શરુઆત થાય છે. પ્રથમનો ખોરાક દાંતથી ચવાય તેવોજ લેવો જોઈએ. કારણ રાત્રીભર આરામ લઈ દરેક અવયવોને કાર્યરત બનવાનું છે, એટલે ખુબ ચાવેલો ખોરાક દરેક અવયવોને પોષણકારક બનશે.

બાળબ્રહ્મચારી, પરોપકારી, વયોવૃદ્ધ વૈદ્યરાજ પાનાચંદભાઈ કે જેઓ જીંદગી સુધી (૫૦ વર્ષના ગાળામાં) હજારો દરદીઓની એક પાઈ પણ લીધા વિના સેવા ને શુશ્રુષા કરી ગયા, તેઓશ્રી શિયાળામાં ઘરના અમને બધાને પોતાની પાસે બેસાડી ટોપરૂં અને ગોળ ખુબ ચાવી-ચાવીને ખાવ, એમ કહી ખવરાવતા અને કહેતાં કે ટોપરૂં ખુબ ચાવી ચાવીને ખાવાથી દાંત દૃઢ થશે યા દંતરોગ થશે નહિં, ટોપરૂં ખાવાથી દાંતને તેલ મળશે અને ખુબ પૌષ્ટિક અને તેલી હોવાથી આખા શરીરને પોષણ મળશે અને દાંતને અંદરથી મજબુત કરશે, એમની આ શીખ મુજબ વર્તવાથી આજે ૪૫ વરસે પણ મારા બત્રીશે દાંત નીરોગી છે, જ્યારે અનેક યુવાન ભાઈઓ તથા બહેનો યુવાવસ્થામાં દંત-રોગથી ગ્રસ્ત થયા છે.

ખોરાકની શરૂઆત આજે તો ચહાના પીણાથી થાય છે, જેમાં ચાવવાની જરૂર નહિ હોવાથી દાંતને બગાડે છે. ઉપરાંત ખાંડનો અતિ વપરાશ, અકુદરતી ખોરાક, મિશ્રિત દવાઓ, અતિ ઠંડા પીણાં (બરફ) અતિ ગરમ પીણું, તમાકુનું અતિ સેવન, દાંતને કસરત ન મળે તેવા ખોરાક, તૈલી પદાર્થો ટોપરૂં, તલ, મગફળી, બદામ વગેરે મેવાનો ઓછો થતો વપરાશ, ઉતાવળે દાતણ કરવું, જમ્યા પછી કોગળા ન કરવા, સૂર્યાસ્ત પછી પણ ખાનપાન ચાલુ રાખવાં, પાન-સોપારી અવારનવાર ખાધા કરવા, દાંત ખોતરવા, મળાવરોધ થાય તેવા મેંદાના પદાર્થો, ગાંઠીયા, ચેવડા વગેરે તીખા તમતમતાં ખોરાક ખાવા, આ બધા કારણો દાંતને રોગી બનાવે છે.

વિજ્ઞાન આકાશમાં આગળ વધે છે. પૃથ્વીના પેટાળમાં પેસે છે, દરિઓ ડોળે છે, હિમગિરિના શિખરો સર કરવા મથે છે. દિશી-વિદિશીમાં ઘુમે છે. અને આ બધા પ્રયત્નોમાં ઘોર હિંસા કરવામાં આવે છે, શા માટે? માનવીને સુખી કરવા માટે. પણ ખરેખર વિચાર કરીએ તો, માનવીના શરીરની ઊંચાઈ ઘટતી જાય છે, દુર્બળતા વધતી જાય છે. દાંતની લંબાઇ, પહોળાઇ ને સંખ્યા ઘટતી જાય છે, અને જો આમ ને આમ હિંસા વધતી રહેશે, ઉત્તમ અનાજો, તૈલી-પદાર્થો, ઘી, દૂધ, દહીં, છાસનું ઉત્પન્ન ઓછું થતું જશે તો ભવિષ્યનો માનવી બોખો યાને દાંત

વિહોણો બની જશે. એટલે કે મનુષ્ય રોગોથી ઘેરાઇ જશે, દુઃખની પરંપરા સર્જાશે, આકુળ-વ્યાકુળ બનશે.

ખૂબી તો એ છે કે અભણ કરતા ભણેલામાં, ગામડા કરતા શહેરોમાં અને જંગલમાં રહેનાર કરતા વસતીમાં રહેનારમાં દાંતનો રોગ વધુ વ્યાપક બન્યો છે.

દાંતમાં થએલું પરૂ અને ગંદકી પૌષ્ટિક કિંમતી આહારના કોળીયા સાથે ભળી જઈ શરીરને પોષણથી વંચિત રાખે છે, જેથી અશક્તિ અને નબળાઇ વધે, પાચનતંત્ર બગડે, રકતકણોનો નાશ થાય, લોહી દુઃષિત બને, સાંધા, જ્ઞાનતંતુનો દુઃખાવો, સોજો વગેરે રોગો થાય, માટે દાંતની રક્ષા માટે અવશ્ય જાગ્રત રહેવું જરૂરી છે.

મીઠાના અગરમાં મીઠું પકવનાર અગરીઓ ગગા કરમણ, ત્રીશ વર્ષની ભર યુવાવસ્થામાં દાંતશુળ એવું ઉપડયું કે ન પૂછો વાત. એટલું જ નહિં પણ ગાલ ઉપર સખત સોજો ચડી ગયો, મોઢું પણ ખોલી ન શકાય, આવી સ્થિતિ સર્જાણી. દેશી દવા શરૂ કરી, બહાર સોજા ઉપર દશાંગ લેપ લગાડયો અને લોબાન ને ગેરૂની પોટલી બનાવી દાંતમાં ત્રણત્રણ કલાકે મુકવા માંડી. ઉપરાંત શોધેલી ફટકડી અને મીઠું મેળવી તેના કોગળા ત્રણ ત્રણ કલાકે કરવા માંડ્યાં. ધીમેધીમે સોજો ઉતરવા લાગ્યો, મોઢું ખુલ્યું, ત્રણ દિવસે દરદ કાબુમાં આવ્યું, સાવ સાદી અને નિર્દોષ દવાએ બહુ જ ફાયદો કર્યો.

(૧) ચરક ઋષિ કહે છે કે, તલના તેલના કોગળા કરવાથી જડબાની શકિત વધે છે, સ્વરશુદ્ધિ થાય છે, મુખસૌંદર્ય વધે છે, ગળું સુકાતું નથી, હોઠ ફાટવાનો ભય રહેતો નથી, દાંતનો ક્ષય થતો નથી, પેઢાં મજબુત બને છે, દાંતોમાં દુઃખાવો થતો નથી, દાંતો ખટાશ ખવાય તો યે અંબાતા નથી. કઠણ ખોરાક સરળતાથી ચાવી શકાય છે.

(૨) સારંગધરઋષિ કહે છે કે, ઇરિમેદાદિતેલ દાંતના સર્વ રોગ ઉપર મૂકવાથી ઘણો જ ફાયદો કરે છે. દાંતના માંસનો સડો, દાંત હાલતા હોય, દાંતના પારા દુઃખે, નાસુર કે ઘારાં, દાંત કાળા થવા, ખાટી વસ્તુ ચવાતી ન હોય, પ્રહર્ષ નામે દાંતના રોગ, દંત વિદ્રધી, જીવડાં પડી ગયા હોય કાળા વિંધ પડી ગયા હોય, રસી આવતી હોય એ સર્વ રોગ દૂર થાય છે.

(૩) ત્રીફળા, કરિયાતુ, હળદર, લીંબડાની છાલ, અને ગળો એ સાત વસ્તુનો કવાથ પીવાથી દાંતના રોગ મટે છે.

(૪) અક્કલકરો અસલ તોલા બે, કાથો તોલા એક, લવીંગ તોલો ૦ા શુધ્ધ કરેલું મોરથુથુ બે આની ભાર ઉપરની ચીજો વસ્ત્રગાળ કરી વાટકામાં ભરવી તેટલી જ અડાયાછાણાની રાખ વસ્ત્રગાળ કરીને લેવી, બન્ને એક રસ કરી શીશી ભરવી, આ મંજન દાંતના દરદોને બહુ ફાયદો કરે છે.

(૫) ટોપરૂં અવાર નવાર ખુબ ચાવીને ખાવું.

ચોવિહારનું છેવટ તિવિહારનું પચ્ચકખાણ અવશ્ય કરવું. કારણ શ્રમ પછી આરામની જરૂર રહેલી જ છે, એટલે સૂર્યાસ્ત પછી દાંતને આરામ આપવવાથી દાંત સારુ પોષણ લઈ શકશે. જેથી દાંત તંદુરસ્ત રહેશે, અને બાર કલાકના ઉપવાસનું પણ ફળ મળશે, આ રીતે ધર્મ અને આરોગ્ય બન્ને સચવાઇ રહેશે.


યક્ષરાટ્ ઇષ્ટપ્રાપ્તિ યંત્ર...

શ્રી ઘંટાકર્ણ મહાવીર

ત્રિરંગી ચિત્ર ૭½"×૧૦"

પોસ્ટેજ સાદું ૨૫ ન. પૈસા

કિંમત ૫૦ ન. પૈસા

આધિ-વ્યાધિ-ઉપાધિ તાત્કાલિક દૂર કરવા જાતેજ ચમત્કાર અનુભવી લો

શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
બુક સેલર્સ અને પબ્લીશર્સ
ફીકા સ્ટ્રીટ-ગોડીજી ચાલ-મુંબઇ ૨.

# જ્ઞાન ગોચરી

શ્રી ગવેષક

★

હમણાં હમણાં મોટા મોટા શહેરોમાં-ખાસ કરીને અમદાવાદમાં નવા જમાનાની અચૂક નિશાનીઓ જેવા કેટલાક બનાવો બનતા સાંભળવામાં આવે છે. ચોરી, લૂંટ, ધાડ, ખૂન, જુગાર, મારફાડ, આત્મઘાત વગેરેના બનાવો બનવા પામે છે. સ્થાનિક વર્તમાનપત્રોનું છેલ્લું પાનું તો જાણે કે આવા બનાવો માટેના ખાસ વિભાગ જેવું બનતું જાય છે.

આવા ભારે ભેદી ચોંકાવનારા રોમાંચક બનાવો જ્યારે બનતા સાંભળવામાં આવે છે ત્યારે કેટલીકવાર યાદ આવી જાય છે કે પૂર્વજોએ પુરાણોનાં ઉપસંહારમાં ભવિષ્ય વિષે જે કેટલીક આગાહીઓ રૂપ વર્ણનો કરેલા છે, તે જાણે સાચા પડતાં હોય તેમ જણાય છે. કેટલાંક બનાવો તો એવા બને છે કે કલ્પનામાં ભાગ્યે જ આવ્યા હોય.

બનાવો ખૂબ ચોંકાવનારા હોય છે પરંતુ આવડા મોટા શહેરમાં અને દેશમાં બનાવો તો બન્યા કરે. બનાવોનું સ્વતંત્ર રીતે બહુ મહત્ત્વ ન ગણાય. પરંતુ આ બધા બનાવો જે આવી રહેલા કાળની આગાહી કરી રહ્યા છે, માનવજીવનને જે નવાં નવાં વલણો, વહેણો અને માર્ગો અખત્યાર કર્યા છે તે જોતાં આપણને એક પ્રકારની ધ્રુજારી છૂટે છે.

માનવસમાજ ધીમે ધીમે જાણે-અજાણ્યે નીતિનાશને માર્ગે ધકેલાઇ રહ્યો હોય તેવો ભાસ થાય છે. અને આવાં ગમખ્વાર ચિત્રો કેવળ શહેરોમાં જ જોવા મળે છે એવું નથી. હવે તો આની અસર ઊંડે ઊંડે ગામડાઓ સુધી પહોંચતી થઇ છે.

ગુજરાતના એક પ્રખર લોક-સેવકે વાતવાતમાં કહ્યું કે આજે 'જે જાતની કેળવણી દેશમાં ચાલી રહી છે તેનું પ્રમાણ વધીને જ્યારે ૬૦ ટકાએ પહોંચશે ત્યારે હિન્દુસ્તાનનો નાશ થશે.' હિન્દુસ્તાનનો નાશ થશે એટલે હિન્દુસ્તાનની સંસ્કૃતિનો નાશ થશે એમ સમજવું. હાલની કેળવણી આપણા જુવાનોને હૈયા ઉકલત, કોઠાસૂજ, ઊંડા ડહાપણને બદલે કેવળ ચર્ચાખોરી, પોપટીઆ જ્ઞાનની એંઠી સામગ્રી આપે છે, અને સૌથી વધારે નુકશાન તો એ કરે છે કે નીતિ, ધર્મ અધ્યાત્મ, કુળપરંપરા, કુળધર્મ, વગેરે તરફ ઉપેક્ષાની વૃત્તિવાળાં બનાવે છે. પરિણામે જુવાન નાસ્તિક બનતા જાય છે. ધર્મભીરુતા, ઇશ્વરનો ડર વગેરે લોપ પામતા જાય છે અને આ બધું પાછું વિજ્ઞાનને નામે-સુધારાને નામે પોસાય છે.

નૈતિક ડર આપણે છોડયો છે પણ સાથે સાથે તેની જગ્યાએ બીજો કોઈ અંકુશ આપણે લાવી શકયા નથી કે ઉભો કરી શકયા નથી. સમાજની સ્વચ્છતા અને સુખાકારી માટે સમાજના ઘટકરૂપ દરેક વ્યક્તિને એવી તાલીમ મળવી જોઇએ. કે જેથી તે પોતાના અધોગામી પ્રકૃતિ અને સ્વભાવને અંકુશમાં રાખીને જીવે. જો દરેક વ્યકિત સ્વતંત્રતાને નામે બેફામ બનીને જીવવા લાગે તો પછી સમાજજીવન કે નાગરિક જીવન જેવું કશું રહે નહિ. આજે મોટા શહેરો બીજી બધી રીતે ભલે વિકાસ પામતા હોય પણ તેનાં નાગરિક જીવનમાં તો ભારે રોગ પેસી ગયેલો દેખાય છે. માનવની અધોગામી પ્રકૃતિને અંકુશમાં રાખવાની વાત તો એક કોરે રહી પરંતુ તેને વધારે ને વધારે છૂટો દોર કેમ મળે તેવું વધારેમાં વધારે જાણનારાઓનું જ આજે સામ્રાજ્ય પ્રવર્તવા લાગ્યું છે. આ બધું આપણને એક સ્વસ્થ અને નિરોગી સમાજ અને પ્રજા

તરીકે જીવવા દેવામાં ભારે અંતરાય ઊભો કરશે. જેટલી જરૂર નદીઓનાં પાણીને અંકુશમાં લઇ ખેતરમાં વાળવાની જરૂર છે તેટલીજ જરૂર સમાજની અધોગામી વૃત્તિઓનાં પુરને અંકુશમાં લઇને સ્વસ્થ, સંસ્કારી અને નિરોગી જીવન માટેનું વાતાવરણ પેદા કરવાની છે.

આ દેશ દુનિયાના બીજા દેશોની હરોળમાં આવીને ઉભો રહે તેવું દરેક દેશવાસી ઈચ્છે છે. પરંતુ સુધારાને નામે આ દેશ પોતાની સંસ્કૃતિને ગુમાવે તેવું કોઇ ઇચ્છિતું નથી.

મોટા શહેરોમાં અત્યારે જે પ્રકારના અસામાજિક તત્ત્વોની રંજાડ વધતી જાય છે તેનો વ્યવહારૂ ઉપાય સામાજિક દબાણ છે. સમાજમાં અસામાજિક તત્ત્વોને કોઇ પણ રીતે પ્રતિષ્ઠા ન મળે, અસામાજિક કૃત્ય કરનારને કઠક સામાજિક બહિષ્કારનો અનુભવ કરવો પડે તેવું વાતાવરણ પેદા થવું જોઇએ. સત્ય હોય ત્યાં અસત્ય ટકી ન શકે, પ્રકાશ હોય ત્યાં અંધકાર ન હોઇ શકે. સમાજ જીવનમાં અનીતિ, અનાચાર વગેરે બધું ચાલી શકે છે એનું કારણ એ છે કે, સમાજમાં આ અનિષ્ટોને દૂર રાખનાર અને ખાળનાર નીતિ અને સત્યની સાચી તપશક્તિનો નાશ થયો છે. ઓછા વત્તે અંશે સૌ જ નૈતિક ગુનેગારી તરફ ઢળતા જાય છે. એટલે કોઇ કોઇને રોકી શકે તેવું રહ્યું નથી.

નગરના અને સમાજના આગેવાનોએ આ પરિસ્થિતિને અટકાવવા ગંભીર પ્રયત્નો અને ઉપાયો હાથ ધરવા જોઇએ.

(સંદેશ : અગ્રલેખ)

## આ છે તમારી જગવિખ્યાત ન્યૂયોર્ક નગરી !

ન્યૂયોર્કના નાગરિકો ! પહેલી નજરે તમને લાગતું હશે કે આ શાન્ત અને નિરુપદ્રવી નગરી છે. પણ તે તમારી ભ્રમણા છે, દિવસો જતા જાય છે તેમ આ નગરી હિંસા અને ગુનાનું ધામ બની રહી છે. દર પ્રભાતે તમે જાગો તેની પહેલાંનાં ૨૪ કલાક દરમ્યાન શું બન્યું હોય છે, તે તમે જાણો છો ?

સવાર પડે તે પહેલાં કેટલાયનું ખૂન થયું હોય છે. કોઈની ગુનાહિત બેદરકારીને કારણે બીજાનો જીવનદીપ ઓલવાઈ ગયો હોય છે. ૨૭ વ્યક્તિઓ પર ધાસ્તીભર્યા હુમલા થયા હોય છે. સરેરાશ ત્રણ સ્ત્રીઓ ઉપર બળાત્કાર થયો હોય છે, ૧૪૦ ઘરો અને દુકાનોમાં ચોરી થઈ હશે. ૪૦ વ્યક્તિઓની મોટરો ચોરાઇ ગઇ હશે. ૩૧ ઇસમોને રસ્તામાં ઉભા રાખી લુંટી લેવામાં આવ્યા હશે, મોટી ધાડના ૬૯ બનાવો બન્યાં હશે ને ઠગાઈ ધાસ્તીભર્યા હથિયારોનો કબજો, જાતીય ગુનાઓ–એમ અનેક નાના–મોટા ગુનાઓ બન્યા હશે અને દિવસમાં એક લાખ ચાલીસ હજાર ડોલરની એટલે કે લગભગ સાત લાખ રૂપિયાની મિલકત ચોરાઈ ગઇ હશે. આ છે ન્યૂયોર્ક નગરીનો એક દિવસ.

અને શું છે તેનો છ મહિનાનો રેકોર્ડ ? ૧૭૫ ખૂનો, ૨૫૬ ગુનાહીત બેદરકારીથી મૃત્યુ, ૫૪૦ સ્ત્રીઓ પર બળાત્કાર, ૫૪૧૦ લોકોને લૂંટી લેવામાં આવ્યા, ૪૬૪૩ હુમલાઓ, ૨૪૬૬૯ ઘરો કે દુકાનોમાં ચોરી કે ધાડ, ૧૨,૧૦૯ નાની ચોરીઓ, ૬૨૫૨ મોટરોની ચોરી, ૫૩૨ કેફી પદાર્થો અંગે ગુના અને ૨૩૩૨ નાના ગુનાઓ. આ છે ન્યૂયોર્ક નગરીની છ મહિનાની સિદ્ધિ (!)

(ન્યૂયોર્ક શહેરના પોલીસ કમિશનર શ્રી આડમ્સે પોતાના છ મહિનાના હોદ્દા પછી ન્યૂયોર્ક શહેરના નાગરિકોને ઉદ્દેશી કરેલાં વાયુપ્રવચનમાંથી) (પ્રવાસી)

## ભપકાનો વિરોધ

થોડાક સમય અગાઉ એક મિત્ર પાસેથી એક રોમાંચક વાત જાણવા મળી હતી.

વાત એમ હતી કે સૌરાષ્ટ્રના બધા રાજ્યોને જોડી દઇને એકમ રચાયું ત્યારે એક ગામમાં

એક કન્યાના લગ્ન લેવાયા હતા અને જાન આવવાની તૈયારી હતી.

થોડીવારમાં ઢોલનો અવાજ આવ્યો અને સાથે સાથે સ્ત્રીઓનો ગીતો ગાવાનો અવાજ પણ આવવા લાગ્યો. કન્યાએ અગાઉ પોતાના ભાવિ ભરથારને જોયેલો નહીં એટલે તેણે તો ત્રીજા માળ પરની અગાશીમાં સંતાઇને જાન લઇને આવતા વરરાજાને જોયા.

જોતાંની સાથે કન્યા ઢળી પડી અને બેભાન થઈ ગઈ. માબાપ તથા સગાવહાલાંઓએ મહા-મહેનતે તેને ભાનમાં આણી ત્યારે કન્યા કહે, 'મને મારી નાંખો, બસ મારી જ નાંખો અને નહીં તો આપઘાત કરવા દો.'

પણ માબાપ કેમ માને ? ફોસલાવી પટાવીને તેમણે કન્યાને તેની આવી દિલગીરીનું કારણ પૂછયું. તો કન્યાએ રોતાં રોતાં જણાવ્યું 'મને આવા ઘરડા વર સાથે કેમ પરણાવો છો? આવા ધોળા વાળવાળો અને બોખો વર મને નહીં જોઇએ હું કુવે પડીશ, ગળે ફાંસો ખાઈશ.'

મા બાપ અચંબામાં પડી ગયા કે આ શું? મૂરતિયો તો અઢાર વર્ષનો નવજુવાન શોધ્યો હતો અને કન્યા આમ કેમ બોલે છે? શું કોઈ છેતરપીંડી તો નહીં થઈ હોય ?

'પણ તને કહ્યું કોણે કે તારો વર બોખો ડોસો છે?' બાપે પૂછયું.

'કહે કોણ વળી! મેં મારી નજરે આ અગાશીએ ચડીને જોયો.'

માબાપ તથા સગાવહાલાએ જોયું તો સાચે જ જાનનો વરઘોડો આવતો હતો.

માબાપે પાસે જઇને પૂછયું કે 'ભાઈ આ કોની જાનનો વરઘોડો આવ્યો છે ?'

ત્યારે જવાબ મળ્યો કે 'આ તો સૌરાષ્ટ્રના પ્રધાન સાહેબ ગામની મુલાકાતે આવ્યા છે અને એમના માનમાં આ સામૈયું કર્યું !'

આવા તો કંઇક છબરડા આપણે ત્યાં પ્રધાનો માટે યોજાતા સત્કાર-સમારંભોમાં વળ્યા છે. આપણા પ્રધાનો માટે આપણને માન છે. પરંતુ કેટલાક પ્રધાનોને તો હવે ઉદ્‌ઘાટનોની એવી આદત પડી ગઇ છે કે રાતે તેઓ સૂતા હોય તો અહીં રાતે ઉભા થઇને મકાનના બધા બારીબારણાં પણ આદતને જોરે ઉઘાડી નાંખે છે.

એમની આવી ઉદ્‌ઘાટનપ્રિયતાને લીધે એમને ફાયદો થતો હશે પણ જનતાનું તો તેલ જ નીકળી જાય છે. પંડિત જવાહરલાલ નેહરૂ મુંબઈમાં આવે તો સહુથી પહેલાં તો એમના માનમાં મુંબઇનો અને ઉપનગરની રેલ્વેનો વાહનવ્યવહાર ખોરવાઈ જાય છે. સમા-રંભને નામે ઓફીસરોથી માંડીને કર્મચારીઓ સુદ્ધાં ઓફિસના કામોને રખડાવી મારે છે. વળી પ્રધાનની સાથે પોતાની આવડત તથા પહેર-વેશનું પ્રદર્શન પણ કરાવી લે છે.

ઉદ્‌ઘાટન થાય ત્યારે ટોચ ઉપરના થોડા ઘણા માનવીઓને માન મળે છે પણ જે ઇમા-રત કે યોજનાનું ઉદ્‌ઘાટન થવાનું હોય તેમાં રાત દિવસ પરસેવા પાડતા, જંગલને મંગલ માનીને ત્યાં ઝુંપડામાં જીવતા અને ઓછામાં ઓછું વેતન પામતા શ્રમજીવીઓને સીફતપૂર્વક દૂર કરી દેવામાં આવે છે.

અગાઉ જ્યારે શ્રાવણ મહિનો કે બીજો કોઇ પવિત્ર મહિનો આવે તો પણ પુષ્પો મોંઘા થતાં નહીં, પણ ગામમાં જો કોઇ પ્રધાન સાહેબ આવવાના હોય તો પુષ્પોના ભાવો ઉંચા ચડી જાય છે. આવા પુષ્પોની કલગીઓ અને ગજરા તથા હારનો માર ઘણી વાર ખુદ પ્રધાનો માટે પણ અત્યાચાર સમાન બની જાય છે.

(મુંબઇ સમાચાર)

# જૈન દર્શનનો કર્મવાદ

## પ્રદેશબંધનું સ્વરૂપ

માસ્તર ખુબચંદ કેશવલાલ–શિરોહી (રાજસ્થાન)

⊙

આત્માની સાથે મિશ્રિત થયેલ કર્મના સ્વભાવ–સ્થિતિ અને રસ (પાવર) અંગેની હકિકત અગાઉના લેખોમાં વિચારી ગયા. કર્મને એક વસ્તુ કે એક પદાર્થ જે જાણે તે જ કર્મ-સ્વરૂપ બરાબર સમજી શકે જેમ પ્રાણિઓના શરીરમાં રહેલી સાત ધાતુઓ (રસ–રૂધિર-માંસ મેદ–અસ્થિ–મજ્જા અને વીર્ય) તે પ્રાણિએ ગ્રહણ કરેલ ખોરાકનું પરિણમન છે. આ સાત ધાતુઓનાં અણુઓ કોઇ નવાં ઉત્પન્ન થયાં નથી, પરંતુ તેનું પરિણમન નવું છે.

વસ્તુની અવસ્થામાં પલ્ટો થવો તે તેનું પરિણમન કહેવાય છે. પરિણમન પામેલ પુદ્ગલના વર્ણ–ગંધ–રસ અને સ્પર્શમાં પલ્ટો થઇ જવાથી તેના સ્વભાવમાં પણ પલ્ટો થાય છે પુદ્ગલપરિણમન સદાને માટે એક સરખું ટકી રહેતું નથી. અમુક ટાઈમ સુધી અમુક પરિણમન રૂપે રહી ત્યારબાદ અન્ય પરિણમન રૂપ પરિણમે છે. શરીરમાં રસ–રૂધિરાદિ રૂપે પરિણમેલ સપ્તધાતુ તે જેમ ખોરાકનું પરિણમન છે તેમ આત્માની સાથે સંબંધિત થયેલ કર્મ, તે કાર્મણવર્ગણાના પુદ્ગલોનુંજ પરિણમન છે. અનાજમાંથી પરિણમેલ સપ્તધાતુમાં જે સ્વભાવ પ્રગટ થાય છે તે સ્વભાવનું પ્રાગટ્ય અનાજમાં હોતું નથી. તેવી રીતે કાર્મણવર્ગણાના પુદ્ગલોમાંથી પરિણમેલ કર્મમાં જે સ્વભાવ પ્રગટ થાય છે તે સ્વભાવનું પ્રાગટ્ય કાર્મણવર્ગણાના પુદ્ગલોમાં હોતું નથી.

ખોરાકનું સપ્તધાતુરૂપે થતું પરિણમન પ્રાણિઓના શરીરમાંજ થાય છે. પ્રાણિઓના ઉદરમાં પ્રવેશ્યા સિવાય સૃષ્ટિમાં ઢગલાબંધ પડેલા અનાજનું જેમ સપ્તધાતુ રૂપે પરિણમન થતું નથી. પુદ્ગલોમાં અનેકરૂપે પરિણમન થવાનો સ્વભાવ હોય છે, પરંતુ અમુક અમુક સંયોગોની પ્રાપ્તિએજ તે તે સંયોગને અનુરૂપ પૃથક્ પૃથક્ રીતે પરિણમન થઈ શકે છે, આત્મપ્રદેશની સાથે કર્મસ્વરૂપે પરિણમન પામતી કાર્મણ-વર્ગણા શું ચીજ છે? કયાં રહેલી છે? કેવી રીતે રહેલી છે? તે હકિકત આગળ ઉપર વિચારીશું. આ લેખમાં તો માત્ર કાર્મણવર્ગણાના પ્રદેશ સમુહનું આત્મપ્રદેશો સાથે મિશ્રણ થઇ પૂર્વના કર્મ સાથે ચોંટી જવા રૂપ પ્રદેશબંધની હકિકત વિચારવાની છે.

પરમાણુ એટલે પુદ્ગલનો અવિભાજ્ય ભાગ. પુદ્ગલના અવિભાજ્ય ભાગને પરમાણુ કહેવાય. એક કરતાં વધુ પરમાણુઓ એકઠા થાય ત્યારે તે એકત્રિત સમુહને સ્કંધ કહેવાય છે. સ્કંધરૂપે એકત્રિત થયેલ પ્રત્યેક પરમાણુને પ્રદેશ કહેવાય છે. એકત્રિત થયા પહેલાંની સ્વતંત્ર અવસ્થામાં જે ભાગને પરમાણુ કહેવાય છે, તેજ ભાગને એકત્રિત અવસ્થામાં પ્રદેશ કહેવાય છે. ભાગ તેનો તે જ છે, પરંતુ સ્વતંત્ર અવસ્થામાં અને એકત્રિત અવસ્થામાં તેની સંજ્ઞા કરે છે.

અહીં પરમાણુ સમુહની એકત્રતાના સંપૂર્ણ ભાગને સ્કંધ કહેવાય છે, સ્કંધ અનેક પ્રકારના છે. દરેક સ્કંધોમાં કંઈ પ્રદેશની સંખ્યા સરખીજ હોવી જોઈએ એવો નિયમ નથી. પરંતુ સરખી સંખ્યા પ્રમાણ પ્રદેશયુક્ત સ્કંધોય હોય છે.

સરખી સંખ્યા પ્રમાણુ પ્રદેશયુક્ત પૃથક્ પૃથક્ સ્કંધોનો એક વર્ગ કહેવાય છે. એવા વર્ગોના સમુહનું નામ વર્ગણા. વર્ગણાઓનું કંઈ કર્મરૂપે પરિણમન થઇ શકતું નથી. અમુક યોગ્યતાવાળી વર્ગણાઓનું જ કર્મરૂપે પરિણમન થઇ શકે છે. એટલે જે વર્ગણાઓનું કર્મરૂપે પરિણમન થઈ શકે છે તે વર્ગણાને કાર્મણ વર્ગણા કહેવાય છે.

આ કાર્મણ વર્ગણા અનંતાનંત પ્રદેશયુક્ત સ્કંધોવાળી હોય છે. ચૌદરાજલોકનો એકપણ અંશ કાર્મણ વર્ગણા રહિત નથી. એટલે કોઈ પણ જગ્યાએ રહેલા જીવને કાર્મણવર્ગણા મળી શકે છે. ચૌદરાજલોકમાં સર્વત્ર કાર્મણવર્ગણાઓ હોવા છતાં તે વર્ગણાઓ કંઈ સ્વયં ઉડીને આત્મ-પ્રદેશો સાથે ચોંટી જતી નથી. જેમ લોઢાનો સ્વભાવ ખેંચાઈને અયસ્કાન્ત મણિને વળગી જવાનો

પરંતુ લોઢા સામે અયસ્કાન્તમણિનું આકર્ષણ હોય તોજ લોઢું અયસ્કાન્તમણિને વળગે છે. એમ ને એમ વળગી જતું હોત તો જગતમાં કોઇ સ્થળે અયસ્કાન્તમણિ અને લોઢું અલગ-અલગ દૃષ્ટિગોચર થાત જ નહિં. તેવી રીતે યોગના બળથી જ આત્મા કાર્મણવર્ગણાને પોતાના ભણી ખેંચે છે.

જેમ અયસ્કાન્ત મણિમાં લોઢાને ખેંચવાની કુદરતી શકિત છે અને લોઢામ ખેંચાવાની લાયકાત છે. તેમ આત્મામાં યોગબળથી કાર્મણ વર્ગણાને ખેંચાવાની કુદરતી શકિત છે. અને કાર્મણ વર્ગણામાં ખેંચાવાની લાયકાત છે જેમ લોઢામાં ખેંચવાની કે અયસ્કાન્તમાં ખેંચાવાની લાયકી નથી, તેમ કાર્મણવર્ગણામાં આત્માને ખેંચવાની કે આત્મામાં ખેંચાવાની લાયકી નથી. કાર્મણવર્ગણાના પુદ્‌ગલોને આત્મા કર્મરૂપે પોતાના સ્વભાવને આવરનાર તરીકે બનાવે અને પુદ્‌ગલમાં એવી તાકાત છે કે તે આત્માના ભાવને આવરનાર પરિણામ પામી શકે.

બે પૃથક્ પૃથક્ વસ્તુમાં એકનો ખેંચવાનો અને બીજાનો ખેંચાવાનો સ્વભાવ હોય તોજ બે વસ્તુનો સંબંધ થઇ શકે છે. અને એજ ન્યાયે કાર્મણવર્ગણાઓ જીવને ચોંટી શકે છે. વસ્તુનો આવો સ્વભાવ તે કૃત્રિમ નથી પણ કુદરતી છે. પ્રત્યેક સમયે સંસારી જીવ કાર્મણ વર્ગણાઓ ખેંચે છે. પરમાણુઓમાં ચિકાશ હોવાથી પૂર્વના કર્મ સાથે બીજી નવી આવેલી કાર્મણવર્ગણા-કર્મ ચોંટી જાય છે. જીવ પ્રત્યેક સમયે કંઇ સરખી સંખ્યા પ્રમાણ કાર્મણવર્ગણાઓ ખેંચતો નથી પરંતુ તે ખેંચાતી કાર્મણ વર્ગણાની સંખ્યાનું પ્રમાણ અને પૂર્વના કર્મ સાથે નવી આવતી કાર્મણવર્ગણા ચોંટવાના જોસનું પ્રમાણ તે સમયે વર્ત્તતા જીવના યોગ-બળ ઉપર જ આધાર રાખે છે. આ યોગબળની સમજણ પણ આગળના લેખમાં વિચારીશું.

સંસારી જીવે ગ્રહિત પ્રતિસમય કર્મરૂપે પરિણમન પામતી કાર્મણ વર્ગણાના પ્રદેશ સમુહના આત્મા સાથે મિશ્રણ થવા ટાઇમે જુદાજુદા ભાગ પડી જાય છે. અને તે પ્રત્યેક ભાગમાં સ્વભાવનો નિર્ણય, આત્મ પ્રદેશો સાથે મિશ્રિતપણે રહેવાના વખતનો નિયમ અને સ્વભાવ બતાવવાના જુસ્સાનો પણ માપપૂર્વક ચોકકસ ધોરણસર નિયમ તે પ્રદેશ બંધ સમયે જ નિયત થઇ જાય છે. પ્રતિસમય ગ્રહિત કાર્મણવર્ગણામાંથી કર્મરૂપે થતા પરિણમનમાં પ્રદેશસમુહના સ્વભાવ-સ્થિતિ અને રસનું નિર્માણ કંઈ એક સરખું થતું નથી, પરંતુ ભાગલારૂપે વહેંચાઇ પ્રત્યેક ભાગલાના પ્રદેશસમુહમાં ઉપરોકત નિર્માણ જુદીજુદી રીતનું થાય છે.

આ રીતે એકજ સમયે ગ્રહિત કાર્મણવર્ગણાના ભાગલા પડી જઈ પ્રત્યેક ભાગમાંના પ્રદેશ સમુહનું અલગ અલગ રીતે સ્વભાવ-સ્થિતિ અને રસ (પાવર)ના નિર્માણ થવાની હકિકત કેટલાકને આશ્ચર્યકારી લાગશે, પરંતુ તેમાં કંઈ આશ્ચર્ય જેવું નથી. કારણુ કે જીવ અને પુદ્‌ગલોની અચિંત્ય શકિતઓ પ્રત્યક્ષ દેખાય છે. એક જ કારણથી થતા કાર્યમાં અનેક વિચિત્રતા ઉત્પન્ન

થવાની પ્રત્યક્ષતા, એક સ્વરૂપવાળા એવા એક બીજાથી વિચિત્ર પ્રકૃત્યાદિવાળા વિચિત્ર અવયવોવાળી વનસ્પતિઓમાં આપણે અનુભવીયે છીએ, તદુપરાંત ભોજનનો કોળીયો ઉદરમાં પ્રવેશ્યા બાદ તેજ કોળીયાનું રસ–રૂધિર–માંસ મેદ–અસ્થિ–મજ્જા અને વીર્ય એ સાત ધાતુરૂપ વિવિધ રીતે થતું પરિણમન તે આપણા રોજે રોજના અનુભવની વાત છે.

શરીરમાં સાતે ધાતુઓની નિરંતર એક પ્રકારની રસાયનિક ક્રયા ચાલ્યા કરે છે. જે ખોરાક ખાવા પીવામાં આવે છે તે હોજરી અને આંતરડામાં પરિપકવ થઈ નાડીઓમાં ખેંચાઈ તેમાંથી મળમૂત્ર જુદાં પડે છે, અને તેમાંથી સારરૂપ જે રસના સ્થાન હૃદયમાં જઈ હૃદયમાંહેના મૂળરસમાં મળે છે, અને ત્યાંથી શરીરમાં પ્રસાર પામી સર્વધાતુઓનું પોષણ કરે છે. હૃદયમાં ગયા પછી આ રસના ત્રણ વિભાગ થાય છે. ૧ સ્થુલ ૨ સૂક્ષ્મ અને ૩ મળ. સ્થુલ રસ પોતાની જગ્યાએ રહે છે, સૂક્ષ્મરસ ધાતુમાં જાય છે. અને મળ રસધાતુઓના મળમાં જઈ મળે છે.

આહારમાંથી થતી આ રીતની રસાયનિક ક્રિયા ઉપરથી સમજુ માણસ સ્હેજે સમજી શકશે કે એકજ સમયે ગ્રહિત કાર્મણવર્ગણાના કર્મરૂપે થતા પરિણમનમાં પણ અમુક અમુક સંખ્યા પ્રમાણ પ્રદેશસમુહવાળા જુદાજુદા પ્રકારના ભાગલા પડી જઇ તે પ્રત્યેક ભાગલાવાળા કર્મપ્રદેશસમુહમાં સ્વભાવ–સ્થિતિ અને રસ (પાવર)નું નિર્માણ વિવિધ રીતે પરિણમે એમાં કંઇ આશ્ચર્ય જેવું નથી.

આ રીતે એક જ અધ્યવસાય વડે ગ્રહણ કરાતા કાર્મણવર્ગણાના દલિકોમાંથી કેટલાંક દલિકો જ્ઞાનાવરણ કર્મપણે પરિણમે છે, કેટલાંક દર્શનાવરણપણે પરિણમે છે. એ પ્રમાણે વધુમાં વધુ આઠ કર્મરૂપે પરિણમે છે.

એટલે એકાધ્યવસાયગૃહીત દલિકના વધુમાં વધુ આઠ ભાગલા પડી જુદાજુદા આઠ સ્વભાવ ઉત્પન્ન થાય છે. સાત કર્મ બાંધનાર જીવને સાત ભાગ, છ કર્મ બાંધનાર જીવને છ ભાગ અને એક કર્મ બાંધનાર જીવને એક જ ભાગ થાય છે.

કર્મની મૂલ પ્રકૃતિ આઠ છે, ગૃહિત દાલકોના વધુમાં વધુ ભાગલા પડે તો આઠ જ પડે છે. આઠે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ શાસ્ત્રમાં જુદીજુદી રીતે કહી છે. જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય–વેદનીય અને અંતરાયકર્મની ઉત્કૃષ્ટ ત્રીસ કોડાકોડ સાગરોપમની, મોહનીય કર્મની સી-તેર કોડાકોડ સાગરોપમની, નામ અને ગોત્ર કર્મની વીસ કોડાકોડી સાગરોપમની અને આયુકમ ન તેત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે. આપણે અગાઉ કહી ગયા કે પુદ્ગલનું કોઇપણ પ્રકારનું પરિણમન સદાને માટે સ્થાયી જ રહે એવો નિયમ નથી. અમુક ટાઈમે તો અવશ્ય તે પરિણમન પલ્ટો પામી અન્ય પરિણમનરૂપે પરિણમે છે.

એ રીતે કર્મરૂપે પરિણમેલ કાર્મણવર્ગણાના પુદ્ગલનું પરિણમન કર્મરૂપે સદાના માટે રહી શકે જ નહિ. વધુમાં વધુ જુદાજુદા આઠ ભાગમાં વહેંચાયેલ તે દલિકો તે ભાગને અનુરૂપ પ્રકૃતિ પ્રાપ્ત કરી, આત્મપ્રદેશો સાથે વધુમાં વધુ કેટલો ટાઈમ કર્મરૂપે ટકી શકે તે ટાઇમના ધોરણને શાસ્ત્રીય ભાષામાં " ઉત્કૃષ્ટ સ્થિતિબંધ" કહેવાય છે. પ્રત્યેક કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો કાળ ઉપર મુજબ છે. તેનાથી વધુ ટાઈમ તે દલિકો તે કર્મરૂપે આત્મપ્રદેશની સાથે ટકી શકે જ નહિ આત્મપ્રદેશથી છૂટાં પડ્યા બાદ તે દલિકોમાં કર્મરૂપે થયેલ પરિણમન રહેતું નથી, એટલું જ નહિં પણ છૂટાં થયેલાં તે દલિકો પુનઃ કાર્મણ વર્ગણાના સ્કંધોમાંજ જઈ મળે એવો પણ નિયમ નથી.

અહીં આ સ્થિતિબંધ અંગેની આટલી હકિકત કહેવાનું કારણ એ છે કે કાર્મણવર્ગણાના

દલિકોના ગ્રહણ સમયે ભાગલા પડી જઇ જુદા જુદા આઠ કર્મોમાં વહેંચાતાં દલિકોનું પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધને અનુલક્ષીનેજ હોય છે. એટલે કે જે કર્મની અધિક સ્થિતિ હોય તે મૂલ કર્મના ભાગમાં ઘણાં દલિકો (પ્રદેશો) પ્રાપ્ત થાય છે. એ સામાન્ય નિયમ છે. પરંતુ તેમાં એક અપવાદ છે કે વેદનીય કર્મને સર્વ કર્મથી પણ અધિક દલિકો (પ્રદેશો)ની પ્રાપ્તિ થાય છે. આનું કારણ એ છે કેઃ— સુખ-દુઃખાદિકનો સ્પષ્ટ અનુભવ વેદનીય કર્મથીજ થતો હોવાથી વેદનીયનો ભાગ ઘણાં પુદ્ગલવાળો હોવો જોઇએ, ઓછાં પુદ્ગલ હોય તો વેદનીય સ્વકાર્ય કરવા સમર્થ થઇ શકતું નથી.

ઉત્કૃષ્ટ સ્થિતિબંધના ધોરણે મૂળકર્મ પ્રકૃતિને ભાગે આવેલ દલિકો (પ્રદેશો)માંથી તે તે મૂળ કર્મપ્રકૃતિના ઉત્તર ભેદોમાં વહેંચણી થઈ જાય છે. આ ઉત્તરભેદરૂપ કર્મપ્રકૃતિમાં પણ થતા દલિકોના ભાગલાનું પ્રમાણ નિયમસર હોય છે. એ નિયમનું ધોરણ શાસ્ત્રમાં બહુજ સ્પષ્ટપણે દર્શાવ્યું છે. એ નિયમની હકિકત વધુ વિસ્તૃત હોવાથી જિજ્ઞાસુઓએ પંચમ કર્મગ્રંથ, કમ્મપયડી, પંચસંગ્રહ વગેરે ગ્રંથોમાં આપેલ પ્રદેશબંધના વિષયમાંથી જાણી સમજી લેવી.

કર્મની મૂળ પ્રકૃતિ અને ઉત્તર પ્રકૃતિઓમાં થતા ભાગલામાં આવેલ દલિકોમાં સ્વભાવનું અને દલિકોના પ્રમાણનું નિર્માણ યોગથી થાય છે. અને સ્થિતિ તથા રસનું નિર્માણ તત્સમયે પ્રવર્ત્તતા જીવના કાષાયિક અધ્યવસાયથી થાય છે. જ્યાં સુધી યોગપ્રવૃત્તિ છે ત્યાં સુધી તો જીવ કાર્મણ વર્ગણાનાં પુદ્ગલો અવશ્ય ગ્રહણ કરે જ છે.

પરંતુ જે જીવમાંથી કષાય કર્મપ્રકૃતિઓ બીલ્કુલ નાશ પામે છે, તેવા જીવોએ યોગબળથી ગ્રહણ કરેલ દલિકોમાં સ્થિતિ અને રસનું નિર્માણ થતુંજ નથી. આવા આત્માઓ જે દલિકો ગ્રહણ કરે છે તે દલિકો કેવલ શાતાવેદનીય રૂપેજ પરિણમે છે. અયોગી અવસ્થા (ચૌદમે ગુણસ્થાનક) માં વર્ત્તતો જીવ અબંધક હોય છે. એ અવસ્થા પ્રાપ્ત કરનાર આત્મા સદાના માટે અબંધકજ રહે છે.




# जिनमंदिरोंके उपयोगी

रथ, हाथी इन्द्रध्वज। गाडी, पालखी भंडारपेटी शास्त्रोक्त पद्धति अनुसार तीन प्रतिमाजी स्थापन करनेका सिंहासन, लकडेका कोतरकाम बनाके उसके पर सोने, चांदीके पतरे (चद्दर) लगानेवाले.

चांदीकी आंगीओ, पंचधातुकी प्रतिमाजी ओर परिकर बनानेवाले. चांदीकी चद्दर आपके यहां आके लकडे पर लगा देते है. ओर्डर हमारी दुकान पर देनेसे भी काम बनाके भेज सकते है. मशीन (यंत्र) से चलनेवाले रथ ओर ईन्द्रधजाकी गाडी बनाने वाले.

मिस्त्री व्रिजलाल रामनाथ पालीताणा.

ता. क. मीलनेकी जरूर हो तो खर्च देनेसे आ सकते है.

# નિર્ભયતાની સાધના ★ પૂ. મુનિરાજશ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજ

"Why are ye fearful,
O ye of little faith?"
—Jesus Chirst (Matt. Viii.26.)

'હે અલ્પશ્રધ્ધાળુ માનવ! તું શા માટે ડરે છે?'
—ઇશુ ખ્રિસ્ત.

ઉપરના વાકય પર કરવામાં આવેલું ચિંતન આપણા જીવનને નિર્ભય બનાવવા માટે એક નવ ચાંવી આપતું જાય છે.

તમે વિચાર કરશો તો તમને સ્પષ્ટ દેખાશે કે ભય ત્યાં જ રહી શકે છે કે જ્યાં અલ્પશ્રદ્ધા કે શ્રધ્ધાનો અભાવ છે, જ્યાં સંપૂર્ણ શ્રદ્ધા (સમ્યક્ત્વ) છે, ત્યાં ભય રહી શકતો જ નથી.

તમારાં ચિત્તમાં ઉત્પન્ન થયેલ ભયનું તમે પૃથક્કરણ કરશો તો તમને દેખાશે કે ભય વખતે તમારા ઇષ્ટદેવ પ્રત્યેની (તેમનામાં રહેલી સર્વ જીવોના ભય દૂર કરવાની શકિત વિષે) શ્રદ્ધામાં ન્યૂનતા આવી ગઈ છે. તે વખતે તમે એમ કલ્પના કરો છો કે 'આ આપત્તિમાં મારૂં શું થશે? મારા ઉપર અમુક આપત્તિ આવશે તો? તેનું નિવારણ હું શી રીતે કરીશ?'

જેનાં મનમાં ઇષ્ટદેવ પ્રત્યે અથાગ શ્રદ્ધા છે, સંપૂર્ણ સમર્પણ ભાવ છે, તેને દૃઢ નિશ્ચય હોય છે કે, 'હું મારી સાધનામાં લીન છું. મારા ઈષ્ટદેવ સર્વ સમર્થ છે. મારા ઉપર આપત્તિ આવી શકે જ નહીં! અને કદાચ આવે તો પણ શું? તે મારું કશું જ બગાડી શકે તેમ નથી, કારણ કે હું જાગ્રત છું. કદાચ મારું કાંઈ બગડે, તો પણ તેને અનંતગણું સુધારવાની તાકાત મારા ઈષ્ટદેવમાં છે.'

આ રીતે સત્ય શ્રદ્ધાવાનને ભય ન હોય, એમ તત્વજ્ઞાનીઓ ફરમાવે છે.

ભય એ અનેક અનર્થોનું મૂલ કારણ છે.

એક માણસને એવું લાગ્યું કે 'મને ક્ષય થઈ ગયો છે.' તેને વાસ્તવિક ક્ષય લાગુ પડયો જ ન હતો. તેનાં મનમાં ક્ષયનો ભય સતત રહ્યા કરે. તેણે પોતાના મનરૂપ કોરી ફિલ્મપર ક્ષયના દર્દીઓ, તેમની પીડાઓ, દવાઓ, પોતાની ક્ષયગ્રસ્ત અવસ્થા, વગેરેના ફોટાઓ પાડવાનું કામ ચાલુ રાખ્યું, ખરાબ વિકલ્પો ચાલુ રાખ્યા, સારૂં એવું શરીર બગડતું ગયું. ભયની માત્રા વધતી ગઈ. તેને ક્ષય લાગુ પડી ગયો અને અને અંતે તે પોતાની રાક્ષસી કલ્પનાઓનું ભક્ષ્ય—મરણને શરણ થયો!

શ્રી જૈનશાસન કહે છે કે આપણા અશુભ મન, અશુભ વચન અને અશુભ કાયિક પ્રવૃત્તિઓથી આપણા જ અનર્થોને નોતરનારૂં દુઃખમય વાતાવરણ આપણે સર્જીએ છીએ.

શ્રદ્ધા એ સર્વસંપત્તિઓને પામવાનો અનુપમ ઉપાય છે. એકલવ્યની ગુરુ પરની શ્રદ્ધાએ તેને માટીના પુતળા પાસેથી પણ અજોડ ધનુર્વિદ્યા અપાવી ન હતી?

શ્રી તીર્થંકર પરમાત્માના શાસન પ્રત્યે અવિહડ શ્રદ્ધાને ધારણ કરનારા શ્રી શ્રેણિક મહારાજા અને શ્રી કૃષ્ણ મહારાજા, શું તીર્થંકરની મહાસમૃદ્ધિઓનું ભાજન નથી બનવાના?

યોગની પ્રથમ ભૂમિકામાં પણ અભયની આવશ્યકતા છે. મહાયોગી શ્રી આનંદઘનજી મહારાજ શ્રી **સંભવજિન** સ્તવનમાં કહે છે કે 'સેવન કારણ પહેલી ભૂમિકારે,

અભય અદ્વેષ અખેદ'

પરિણામની ચંચલતા—અસ્થિરપણું તે અહીં 'ભય' શબ્દનો અર્થ છે. ઇષ્ટ દેવની સાધનામાં પરિણામની સતત ધારા એક જ કેંદ્ર તરફ વહે છે. તેમાં ભંગ પાડનાર કોઇ હોય તો તે ભયની સૂક્ષ્મ વૃત્તિઓ છે. તેને શ્રદ્ધાથી અને અધિક એકાગ્રતાથી જીતી શકાય છે.

નિર્ભયતાની પ્રાપ્તિ માટેનું પ્રથમ સાધન શ્રદ્ધા છે, હવે બીજા સાધનો પર આપણે વિચારીએ.

**ઇષ્ટદેવના જપથી** ભય જીતી શકાય છે. જેમ જેમ જપ વધે છે તેમ તેમ ઇષ્ટદેવ પરની શ્રદ્ધા વધે છે અને તેથી ભય નાશ પામે છે.

**મૈત્રી ભાવના** પણ અમોઘ ઉપાય છે, 'સર્વ જીવો મારા મિત્ર છે' એવી સતત ભાવનાથી બીજા જીવોને વિષે અપાયકારકતાની બુદ્ધિ નાશ પામે છે. આ જગતમાં પોતાના ઉપર અપાય કરનાર તેને કોઈ પણ દેખાતું નથી. તેથી તે નિર્ભય બને છે. મૈત્રી ભાવના તેને **અહિંસાદિ મહાવ્રતો** તરફ પ્રેરે છે. અહિંસાદિથી તે સર્વ જીવોને મન, વચન અને કાયાથી અભય આપે છે. અભયદાનના બદલામાં પોતે નિર્ભય બને છે.

બાર ભાવનાઓ, તેમાં પણ વિશેષે કરીને **એકત્વ ભાવના,** આત્માને નિર્ભય બનાવે છે. સંગ્રહ નયથી 'આત્મા એક જ.' (एगे आया–શ્રી સ્થાનાંગ સૂત્ર) અથવા આપણા બધાનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર સરખાં હોવાથી અને આપણા બધાનો 'કર્મ' એ સમાન શત્રુ હોવાથી આપણે બધા **એક** (મિત્ર) છીએ. ભેદ જે દેખાય છે તે તો કર્મકૃત છે અને ક્ષણિક છે. 'હું એક છું-જ્ઞાનદર્શન-ચારિત્રલક્ષણ છું. જ્ઞાનાદિ સિવાયના બીજા કોઈ પણ ભાવો (વિભાવ) મારા નથી. જે વસ્તુ મારી છે જ નહીં, તેમાં ભય શાનો?' ઇત્યાદિરૂપ એકત્વ ભાવના જીવને એકદમ નિર્ભય બનાવે છે. જો આત્મા એક જ છે તો પછી–

न गोप्यं क्वापि नारोप्यं, हेयं देयं च न क्वचित् ।
क्व भयेन मुनेः स्थेयं, ज्ञेयं ज्ञानेन पश्यतः ॥'
(નિર્ભયાષ્ટક)

સમગ્ર જ્ઞેયને શ્રુતજ્ઞાન રૂપ ચક્ષુઃ વડે જોતાં મુનિને ક્યાંય છૂપાવવા યોગ્ય, સ્થાપન કરવા (રાખી મૂકવા) યોગ્ય, છોડવા યોગ્ય કે આપવા યોગ્ય કાંઈ પણ રહેતું નથી, તેથી ભય ક્યાંથી હોય? મુનિની પાસે **તત્ત્વજ્ઞાન** રૂપ અમોઘ શસ્ત્ર છે, તેથી તેને ભય હોય જ નહીં.

ઉપર બતાવેલાં શ્રદ્ધાદિ સાધનોમાં સર્વ જીવો પ્રવૃત્ત બનો, સર્વ ભયોથી રહિત એવા સ્થાનને પામો, એ જ મંગલ કામના.

शिवमस्तु सर्वजगतः ।

**શ્રી રતીલાલ હ. શાહ-મુંબઈ** 'કલ્યાણ'નું ઓનરરી કામ કરે છે. તેઓ ૧૨ થી ૨ સુધીમાં મળશે. ટેલીફોન નંબર ૨૯૮૦૬ થી સંપર્ક સાધશો.

**पवित्र सुगंधी अगरबत्ती, जैन बाइओना हाथे वणेली.**

मंदिरमां ने घेर वापरवा लायक तेमज घणा वरसोथी जाती देखरेख नीचे ऊत्तम चीजोथी बनावेली ज अगरबत्ती दक्षिण, महाराष्ट्र, सौराष्ट्र, गुजरात, मारवाड, मुंबई, कच्छ, खानदेश, कलकत्ता, मद्रास, मध्यप्रदेश, मध्यभारत वगेरेना मोटा शहेरोमां कायम अमारी अगरबत्ती, वासक्षेप अने धुप वपराय छे.

अढार अभिषेकनी पुडीओ, गंगाजल, शत्रुंजयनदीनुं, सुरजकुंडनुं जल तथा भगवान प्रवेशनो तथा शान्तिस्नात्रने लगतो सामान, केसर,–सुखड–बरास–वाळाकुंची–वरख–बादला (सोनेरी–रूपेरी) वगेरे मले छेः

जयेन्द्रकुमार रमणिकलाल जैन सुगंधी भंडार ६८/७१ गुरुवार पेठ पुना. २

# કૃતજ્ઞ બનો

પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ

કૃતજ્ઞતા એટલે સામાના ઉપકારની કદર. અન્યના કરેલ સત્કાર્યોને વિસ્મૃતિપથમાં ન ઉતારતા મનમાં પૂર્ણ પ્રેમથી તેનું ચિંતવન. કૃતજ્ઞતાથી આત્મામાં એક એવી યોગ્યતા પ્રકટે છે કે જેના પ્રતાપે આત્મામાં અનંત ગુણો સ્વયં પ્રકાશિત થાય છે. કૃતજ્ઞતામાં મસ્ત બનેલ પ્રાણી પોતાના અંતરમેલના પ્રક્ષાલનની સર્વ સામગ્રીઓ પ્રાપ્ત કરી શકે છે. પારકાના ગુણો વિનમ્રભાવે ચિંતવતો પ્રાણી પોતાનામાં તે ગુણોની ઓછાશ જુએ છે, સામાને પોતાનાથી અધિક માને છે. કૃતજ્ઞતાના ચિંતવનમાં એકતાન બનેલ પ્રાણી વિષયવિમુખ થઈ અનાસક્ત બની સારાય સંસારને ભૂલે છે. માનને મારી અભિમાન ત્યજી, પોતાનામાં રહેલ ઓછાશને પૂરવાના બીજો વાવે છે. કૃતજ્ઞતાના કાર્યમાં નવીન કર્મબંધ અતિ અલ્પ બને છે. જ્યારે પ્રાચીન કર્મ ક્ષીણ થાય છે.

આથી કૃતજ્ઞતાને સઘળા ગુણોના મૂળમાં પાણીનું કામ કરનાર કહી શકાય. કૃતજ્ઞતા વિનાની ગુણરાશિ ઓગળી–સુકાઈ જાય છે. કૃતજ્ઞતાથી કીર્તિ, કાંતિ, બળ, બુદ્ધિ, આરોગ્ય, ધનસંપત્તિ અને પુણ્યરાશિ દિન–પ્રતિદિન સુદના ચંદ્રની જેમ વધતી જાય છે. કૃતજ્ઞતા વગરના ક્ષમા, મૃદુતા, ઋજુતા, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, સંતોષ, વિરાગ અને દયા આદિ આત્મકલ્યાણના અમોઘ સાધનો ધીરે ધીરે ઘસાઇ જાય છે. એટલે કૃતજ્ઞતાને સઘળા ગુણોની જનની કહેવામાં હરકત નથી. કૃતજ્ઞતાના વર્ણનમાં કૃતઘ્નતા (અન્યના સત્કાર્યોની કદર ન કરવી તે) ઓળખવી અને વર્ણવવી તે આવશ્યક ગણાય.

સમૃદ્ધિમાં જાણે ઇંદ્રપુરી જ ન હોય એવા એક વિરાટ નગરમાં ગુણરત્નના સાગર અને ધન, ઇજ્જત–આબરૂ, વેપાર તેમજ જમીન–જાગીરથી લોક પ્રસિદ્ધ દામજી નામે શેઠ નિવાસ કરતા હતા. તેમને દીવાળી નામે ધર્મશીલ ધર્મપત્ની હતી, જે દરરોજ ખરેખર દિવાળી જેવી આનંદ આપનારી હતી. આનંદ પ્રમોદમાં શેઠજી દિવસો વ્યતીત કરે છે.

ધર્મકાર્યમાં રસ લેનારી આ શેઠાણી દીન–દુઃખી કે સાધુસંતની તો સાચી અન્નપૂર્ણા માતા જ હતી. સાધુસંતો પોતાની ગમે તે જરૂરની વસ્તુઓ વગર સંકોચે માગી શકતા. બાઈ સાચી માતાની ઢબે બધાયે સાધુની સેવા કરતી. આનંદથી અનેકના પ્રસંગોમાં આવવા છતાં એની પવિત્રતા એકાંતે પ્રશંસનીય હતી. પતિની સેવા પણ તેનો પવિત્ર મંત્ર હતો. પતિ પણ સ્ત્રીને સર્વ રીતે સંતોષ આપતો. તેની વાતવાતમાં સલાહ લેવી તે શેઠને આનંદનો વિષય હતો. સ્ત્રી અભિમાની ન બનતા લઘુતા વધારતી હતી.

સમય જતાં તેમને એક પુત્ર થયો, જેનું 'સુંદરકુમાર' નામ પાડયું. ગુણનો ભંડાર અને રૂપનો અંબાર લોકપ્રિય થઇ પડતો આ કુમાર ચાર વર્ષનો થતાં માતા કાળધર્મ પામી. પત્નીના વિયોગે શેઠ ગાંડા બની ગયા અને કુમારને સાચવવાની ચિંતામાં પડયા. Pangs of separation are painful સ્નેહીનો વિયોગ કાંટો વ્યથાજનક હોય છે. વહાલા દીકરાને સાચવવા માટે લગ્ન કરું છું, એમ સ્પષ્ટીકરણ કરી 'મદના' નામની સ્ત્રી સાથે લગ્ન કર્યું. તેનામાં દીવાળી જેટલા ગુણો ન હતા પણ પતિના તાપે એને કેટલીક સજ્જનતા રાખવી પડતી. પતિને રાજી રાખવા શોકયના પુત્રની સારી સારવાર કરતી. આમ સુખપૂર્વક દિવસો જતા નવી સ્ત્રીને પુત્ર થયો. જેનું 'ગુણવંત' નામ પાડવામાં આવ્યું.

સુંદર પોતાના નાના ભાઇને પ્રાણથી પણ પ્યારો ગણી ખૂબ રમાડે છે. આ બન્ને ભાઈઓને હળીમળી આનંદ કરતા દેખી શેઠને આનંદ દેહમાં માતો નથી. આમ કાળક્રમે ગુણ-

વંત ૧૨ વર્ષનો અને સુંદર ૧૮ વર્ષનો થયો. એવામાં ત્રણેને યોગ્ય ભલામણ કરી, મારા પછી મારી આબરુ સેંકડો ગુણી વધે તેવું તમારે કરવાનું છે, વગેરે કહી શેઠ પરલોકે સિધાવ્યા.

શેઠ પરલોકવાસી થતા મદનાએ રસોઇ કરવા માટે એક બ્રાહ્મણી રાખી. બન્ને બંધુઓ ખૂબ હળીમળી રહે છે. છતાં મદનાને સુંદરનો અંત લાવવાનો વિચાર સુઝયો, તેમાં કારણ એ હતું કે "શેઠની દશલાખની મીલકત છે; મારો ગુણવંત નાનો છે એને આ મારી શોકયનો પુત્ર પૂરો ભાગ આપે કે ન આપે. કદાચ આપે તો પણ અડધો તો એ લઈ લેશે. પણ જો સુંદરનું કાસળ કાઢી નાંખું તો બધીએ મીલકત મારી અને હું ઘરની ઠકરાણી બની જાઉં. ગમે તેમ તો એ અત્યારે બધી સત્તા સુંદરના હાથમાં છે. એટલે આ પરાધીન દશા હવે હું શું કરવા વહું ?"

આમ વિચારી એક દિને ઉત્સવના પ્રસંગે લાડુ બનાવવાના હતા ત્યારે સુંદરને મોકલવાના લાડુમાં ઝેર ભેળવી દીધું. સુંદર મોટે ભાગે ગામની બહાર બંગલામાં રહેતો હતો. તેનું હજી લગ્ન થયું ન હતું. એટલે સાવકી માએ બ્રાહ્મણીને લાડુ લઇ સુંદર પાસે મોકલી. સુંદર કંઇ કામકાજમાં ગુંથાયેલો હતો તેથી કહ્યું, "બેન જરા રાહ જુઓ મને ૦ા કલાક વાર લાગશે." બ્રાહ્મણી બોલી, ભાઈ મને કંઇ ઉતાવળ નથી. ખુશીથી કામ કરો. પાસેના ઓરડામાં બ્રાહ્મણી બેઠી.

થોડી વારમાં ગુણવંત દોડતો આવી સુંદરના ખોળામાં પડયો, અને કહેવા લાગ્યો કે ભાઈ આજ તો ખૂબ રમત ચાલી. થાક લાગ્યો અને હવે ભૂખ પણ કારમી લાગી છે. કંઇક ખાવાનું આપો. સુંદરને ભાઇની કાલીઘેલી વાતો સાંભળી ઘણો જ પ્રેમ આવતો. સરલ હૃદયના સુંદરે કહ્યું "જા પાસેના ઓરડામાં ત્યાં બેન બેઠા છે તે તને ખાવાનું આપશે." ગુણવંત ઓરડામાં ગયો લાડુ એક ખાતાં જ એના ડોળા ચકળવકળ થવા લાગ્યા. એકદમ બાઇ બૂમ પાડતી પાસે આવી, ભાઇ ભાઇ ! નાના ભાઇ મૂર્છિત થઈ પડયા. સુંદર ભાઇની પાસે ગયો અને જુએ છે પોતાનો વહાલો ભાઈ હાથ ને પગ પછાડી રહ્યો છે. તત્કાળ ડાકટરને બોલાવી લીધા. અનુમાનથી સમજ્યા કે આ ભોજનમાં વિષપ્રયોગ છે. ઉપાય કરવા માંડયો. મદનાને જલદી આવવા કહેવરાવ્યું. તે મોઢેથી ખેદ કરતી અને અંતરથી હસતી દોડી આવે છે. તે તો જાણતી હતી કે આંજે કાંટો નીકળી જશે. પણ બંગલે આવતા જ એના તરંગનો ભંગ થઈ ગયો. પોતાનો જ વહાલો દીકરો મોતના પંજામાં ફસાયો દેખી એ દુષ્ટાના મોઢામાંથી એકદમ નીકળી ગયું કે અરેરે, હાથે કર્યાં હૈયે વાગ્યા. આ સાંભળતાં જ ડાકટર અને સુંદર સમજી ગયા કે આણે જ કાળો કેર વર્તાવ્યો છે. ડાકટર કઠણ પ્રયોગ કરી રહ્યા હતા. ઝાડો પીશાબ, ઉલટી કરાવી ઝેર કઢાવી નાંખ્યું.

ચાર કલાકે ગુણવંતના જીવમાં જીવ આવ્યો. શરીર એકદમ નિર્બળ બની ગયું હતું. મેડા ઉપર લઇ જઇ સુવાડયો. અનેક સારવારમાં જોડાઈ ગયા છે; ડાકટર હવે મદનાની જડતી લેવા બેઠા "બાઈ ! આ લાડુમાં સર્પ કે ગરોલી વિગેરેનું કંઈ ઝેર છે જ નહિ. આમાં તો 'સોમલ'નું ઝેર ભેળવાયું છે. આ ઝેર ભેળવનાર કોણ ? તે સાચું કહો. ભોજન લાવનાર બાઇ તો સુંદરલાલને દેવ માને છે, તેનું આ કામ ન હોય, હવે અવશિષ્ટ તમે જ છો. એટલે સાચી વાત જણાવો." બાઈના મોતીઆ મરી ગયા. ડાકટરની બેરીસ્ટર જેવી વાણી આગળ બાઈ મુંઝાઈ ગઈ. રોતેરોતે પોતાનું પાપ પ્રકાશ્યું. સુંદરે માનપૂર્વક માતાને ઘેર પહોંચાડી. પાંચેક દિવસે ગુણવંત તદ્દન નીરોગી બન્યો.

સુંદરે પોતાની પાસે બોલાવી તેને કહ્યું, "ભાઇ ! તું મને અત્યંત પ્યારો હોવા છતાં તને મૂકી હવે હું આ સંસારનો ત્યાગ કરીશ. મેં જ્ઞાની ત્યાગી મહાત્માના ઉપદેશમાં સાંભળ્યું છે કે

"કલ્યાણ આપોઆપ આત્માંગણમાં ઉપસ્થિત થતું નથી, એ માગે છે ધર્મસાધના, એ ચાહે છે આત્મ ભોગ. ભારતવર્ષ જે આત્મકલ્યાણને પ્રાધાન્ય આપી દિગંતવ્યાપી યશનું ભાગી બન્યું છે તે આત્મકલ્યાણ સમાયેલું છે ખરેખર ધર્મસાધનામાં. ઈચ્છાની તૃપ્તિ કે વાસનાની પૂર્તિમાં સુખ (સાંસારિક) સમાએલું છે, પણ જ્યાં સુખની ભાવના હોય ત્યાંથી કલ્યાણ તો દૂર ને દૂરજ રહે છે. પોતાનું અને અન્યનું કલ્યાણ કરવું હોય તો ત્યાગ-તપશ્ચર્યા-સદાચાર-વિશ્વમૈત્રી આદિના પંથે પ્રયાણ આદરવું જોઇએ. સંસારના અનંતા પ્રવાસોમાં દુઃખો ભોગવ્યા તેમ સુખ પણ ચિરકાળ અનેક વખત દેવ અને માનવભવમાં ભોગવ્યા પણ કલ્યાણનો પંથ સમજાયો નથી, સમજાયો હોય તો જચ્યો નથી અને જચ્યો હોય તો જીવનમાં ઉતાર્યો નથી."

સુંદરે આગળ ગુણવંતને જણાવ્યું. "ધનને માટે માતાજી મારો પ્રાણ લેવા તત્પર થઇ હતી ને હું ન મર્યો. પણ તું મરવાનો હતો, પણ મારૂં ભાગ્ય કંઈ ઉજળું એટલે હું બચી ગયો. હવે ઉજળા મુખે સંસારનો ત્યાગ કરી આત્મકલ્યાણ સાધીશ, સંસારમાં રહું તો મારે માથે કેવીએ કલંકની ટીલી માતાજી ચોંટાડી દે. એ ધોવી મુશ્કેલ થઇ પડે. માટે તું હવે રાજીખુશીથી મને રજા આપ, મારે રજા એક તારી જ લેવાની છે. પિતાજીએ મને તું ભળાવેલો છે. હવે બહુ વિચારથી ચાલજે અને ઘરની આબરૂ વધારજે."

આ સાંભળી ગુણવંત ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યો ને કહ્યું કે "તમે મારા ભાઈ છો, માતા છો અને પિતા પણ છો. તમારા સિવાય કોઈને હું ઓળખતો નથી અને મારા માનતો યે નથી. તમે જ્યાં જશો ત્યાં હું તમારો પીછો છોડનાર નથી. તમે મારશો કે ઉગારશો તોયે તમેજ છો."



સુંદરની સાથે જવાનો ગુણવંતનો દઢ આગ્રહ છે. આવ સ્થિતિમાં સુંદરે ગુણવંતને ઘેર મોકલ્યો. સુંદર ઘેર આવે છે એટલે માતાનો આનંદ માતો નથી. કારણ સુંદર ચાલ્યો જવાનો છે એ વાત તેને મળી ગઈ હતી. ગુણવંત આવતાની સાથે મા કહેવા લાગી કે તું મોટો ભાગ્યશાળી છે. હવે બે ચાર દિવસમાં આખી મીલ્કતનો તું માલિક બનશે. ગુણવંત એક પણ હરફ સાંભળ્યા સિવાય, જવાબ આપ્યા સિવાય અને પોતાનું મુખ કઠોર કરી મેડા ઉપર ચઢી ગયો. માને તો નવાઈ લાગી. આનંદના સમાચાર ગુણવંતને કેમ ન ગમ્યા? તે પૂછવા તેની પાછળ ઉપર મેડે ગઈ. માને આવતી દેખી ગુણવંત કહેવા લાગ્યો કે હવે બસ કર. તારૂં મોઢું મારે જોવું નથી. તારી બધીએ માયાજાળ તુટી પડી છે. દેવ જેવા અને મારા બાપથી એ અધિક મારા મોટા ભાઈના પ્રાણ લેવાનું તેં કાવતરૂં રચેલું તેમાં હુંજ કુટાઈ ગયો. મારા ભાઇના પુન્યે હું જીવતો રહ્યો. હવે હું તને અંતિમ સમાચાર આપવા આવ્યો છું કે મારો મોટો ભાઈ સંસારમાં રહેવા માગતો નથી એટલે હું પણ તેની સાથે જ ચાલી નીકળવાનો. એના ગુણોને ગણવા કોઈપણ સમર્થ નથી. મારા ઉપર એનો કેટલો નિઃસ્વાર્થ અને નિર્મળ પ્રેમ છે, એ તું ન સમજી શકી. હશે! તારૂં ભાગ્ય. આ છેલ્લા સમાચાર જાણ.

થોડા જ દિવસમાં એ નગરમાં શ્રી પ્રબુદ્ધાચાર્ય નામે જૈનાચાર્ય પધાર્યા. તેમની પાસે આ બન્ને ભાઇએ સંયમ સ્વીકારી આત્મકલ્યાણના પુનિત પંથે પ્રયાણ આદરી ધર્મની સુંદર સાધના કરવા માંડી. નાનો ભાઈ મોટા ભાઈનો શિષ્ય બન્યો છે. પોતાના ગુરુની તેમજ શ્રી પ્રબુદ્ધાચાર્યની યોગ્ય સેવા, વિનય, વૈયાવચ્ચ આદિ કરતા નાનો ભાઈ મહાજ્ઞાની થયો. મહાજ્ઞાની થવા છતાં પણ વાતવાતમાં પોતાના મોટા ભાઇના (ગુરુના) ગુણો ગાવા એ એનો વ્યવસાય

થઇ પડયો. કોઇ વાતે તેણે સ્વતંત્રતા રાખી નહિ. બધાએ કામોમાં પોતાના વડિલોને આગળ કરવા. માન-સન્માન બધુંયે પોતાના પૂજ્યોને અપાવવું. આવી રીતે વર્તતા શ્રી ગુણવંતમુનિ પોતાના ગચ્છના નાયક બન્યા. મોટાભાઈ ગુરુની અંતસમયની એવી આરાધના કરાવી કે ભાઇ અલ્પકાળમાંજ મોક્ષ સાધી શકે. એવી પોતે પણ આરાધના કરી.

બીજી બાજુ કૃતઘ્ની માતા છે. એટલા માટે કૃતઘ્ની છે કે સુંદર જે તેની સેવા બજાવતો એનું વર્ણન આપણને અગોચર છે. પિતાના અકાળ-મૃત્યુથી માતાને સાંત્વન આપવા પુત્રનો જે પ્રયાસ હતો તે કોઈ સંત-મહંતને શરમાવે તેવો હતો. એવા પુત્રના પ્રાણ લેનારી માતાને કયા વિપાકો ભોગવવા પડે છે તે જુઓ.

લાખોની સાહ્યબી મૂકી જુવાનજોધ બન્ને પુત્રે દીક્ષા લીધી, એનું કારણ લોક શોધવા લાગ્યા. કારણ છૂપું ન રહ્યું. છેવટે વાત પુટી ગઈ. ઝેરની બીના લોકોના જાણવામાં આવતા યુધિષ્ઠિરના અવતાર સમા સુંદરને મારવાની તરકીબ કરનાર માતા લોકોને ડાકણથી પણ ભૂંડી લાગી. ગામનો અધમ માણસ પણ એનું મોઢું જોવા રાજી ન હતો. ઘરમાંથી બહાર નીકળવાનો પણ આને વાંધો હતો. કોઈ એની સાથે ન બોલે કે ચાલે, ન ઉભા રહેવાનું, કોઇ ઘરમાં પેસવા ન દે. માર્ગમાં કોઇ સામું મળે તો પોતાનું મોઢું ફેરવી દે. કફોડી સ્થિતિ થઇ ગઇ. રસોઈઅણ હાથ જોડી રવાના થઈ ગઈ. ઘરમાં એકલી અને અટુલી આંસુ સારતી અને છાતી કુટતી આ બાઈ બે પાંચ વર્ષે યમની અતિથિ થઇ ગઈ. લાંબું દુર્ગતિમાં રખડી.

પાછળ રહેલી મિલકતને ગામના શાણા લોકોએ શેઠજીના નામે ધમાદામાં ખરચી. આવી રીતે કૃતજ્ઞપુત્રો સદ્ગતિના ભાગી થયા જ્યારે કૃતઘ્ન માતા દુર્ગતિની.

ગૃહસ્થોમાં પણ આવા પ્રકારની કૃતજ્ઞતા હોય છે અને તેના પ્રતાપે આવા પ્રકારના ઉત્તમ સુખ અને સન્માન પ્રાપ્ત કરે છે. પશુઓમાં પણ આવી કૃતજ્ઞતા કોઈ કોઈ જગ્યાએ જોવામાં આવે છે અને ભવિષ્ય ઉજ્વળ બનાવે છે. તો ત્યાગી બનેલા માનવોએ કેવા પ્રકારની કૃતજ્ઞતા ધારણ કરવી જોઇએ એ વિચારવું ઘટે છે. કૃતઘ્નતાની બુરાઈ નીહાળવામાં આવે તો એ ડાકણને છોડવાનું મન ભાગ્યશાળીને થાય. સાચું જ કહ્યું છે કે Philanthropy is a philosopher's stone. પારસમણિ સાચો હોય તો તે પરોપકાર જ છે. જે સૌનું કલ્યાણ સાધે છે.

આ દૃષ્ટાંત આપણને સૂચવે છે કે કૃતજ્ઞતા દ્વારા સુસંસ્કારથી આત્મા લઘુત્વને પામી ઉર્ધ્વ-ગામી બને છે. જ્યારે કૃતઘ્નતાદ્વારા કુસંસ્કારોથી આત્મા ગુરુત્વ પામી અધોગામી બને છે. સૌ કૃતજ્ઞ બની આત્મકલ્યાણ પામો એ જ એક મંગલ કામના.

⊙


## જરૂર છે.

જાહેર સંસ્થામાં રહી અનુભવ લીધો હોય તેમજ નામું વગેરે જાણનાર બે કર્લાર્કની અને એક પૂજારીની જરૂર છે. પૂજારી તબલા હાર-મોનીયમ જાણકારની પહેલી પસંદગી થશે. પગાર, ઉંમર, અનુભવ સાથે નીચેના સ્થળે મળો યા લખો.

મેનેજીંગ ટ્રસ્ટીઓ

**શ્રી જીરાવલા પાર્શ્વનાથજી જૈન પેઢી**

વાયા- આબુરોડ પોસ્ટ રેવદર

**જીરાવલ** ( રાજસ્થાન )

# ચૂંટેલાં કુસુમો

શ્રી અજ્ઞેય

જૈનદર્શન કોઈપણ પ્રકારના ભૌતિક સુખની કામના પોતાના ઇષ્ટ સમક્ષ કરવામાં મિથ્યાત્વ માને છે. કારણ કે કોઇ કોઈનું હિતાહિત કરવા સમર્થ નથી. જે કાંઇ બને છે તે માત્ર નિમિત્તરૂપે કોઇ આવી ચઢે છે.

જીવન અને ધ્યેયનું પરિવર્તન જ્યારે થાય ત્યારે આકસ્મિક જ થાય છે.

જે દિવસો સુખમાં જતાં હોય છે, તે દિવસો ભારે સાંકડા બની ગયેલા લાગે છે. પણ દુઃખની પળો કેમે ય ખૂટતી નથી. અને સુખની પળો કેવી રીતે ચાલી જાય છે તેની ખબર પડતી નથી.

માનવીને કઈ પળે કયો રોગ, આક્રમણ કરશે તે કલ્પવું ભારે કઠિણ છે.

જગતમાં–સંસારમાં એવું એકપણ સ્થળ નથી કે જ્યાં રોગ, દુઃખ, શોક, જરા, મૃત્યુ વગેરે માનવીને અકળાવનાર તત્ત્વો ન પડ્યાં હોય !

સંસારમાં આશાભંગ થયેલા, વિસામાથી છંડાયેલા, અને બીજી રીતે દુઃખનો અનુભવ કરી રહેલા ઘણા લોકો હોય છે, યોગ્ય તક મળતાં આવા માણસોના પ્રાણમાં જ્ઞાનનો પ્રદીપ પ્રગટી ઉઠે છે. અને એ દીવડો પ્રગટયા પછી લોકો અને પોતે જેને દુઃખ માને છે તે જ મહાસુખનું કારણ બની જતા હોય છે.

જ્ઞાન આડા અંધકારના ન ભેદાય એવા કઠણ પડો હોતા જ નથી. એક નાની શી ચિનગારી જીવનમાં કદિ ન ઓલવાય એવો જ્ઞાન દીપક નિમિષ માત્રમાં પ્રગટાવી દે છે.

સંસારનાં નાનાં મોટા કોઈ સુખ એ સુખ નથી. કેવળ સુખાભાસો છે, જેમ પડછાયાને કદિ પકડી શકાતો નથી, તેમ સંસારનાં સુખોને કદિ સ્થિર રાખી શકાતાં નથી.

સંસારત્યાગ એ જ જીવનમાં સુખનો રાજમાર્ગ છે.

આર્યસંસ્કૃતિએ પ્રત્યેક વ્યવસાય પાછળ ધર્મદૃષ્ટિનો એક આદર્શ રાખ્યો હોવા છતાં પ્રત્યેક વ્યવસાય ધર્મદૃષ્ટિને બાધક ન હોવો જોઇએ, એવી સતત કાળજી રાખેલી હોવા છતાં કેટલાંક વ્યવસાય ધર્મથી દૂર દૂર જઈ પડયા હોય છે.

સંસારમાં કોઇ કોઇનું નથી. એ મહાસત્ય સમજવું જોઈએ. ત્યાગ વગર મુક્તિ નથી. જ્ઞાન વગર આત્મદર્શનની સિદ્ધિ નથી. અને તપ વગર કાયાના મોહને નષ્ટ કરી શકાતો નથી.

સુખમાં જ્ઞાન પ્રગટવું ભારે કઠિણ હોય છે, અને દુઃખમાં જ્ઞાન સ્હેજે પ્રગટી શકે છે, જેમ રાગનું મૂળ સુખમાં છે, તેમ વિરાગનું મૂળ દુઃખમાં રહેલું છે.

સંસારમાં એવા ઘણા સુખી માણસો હોય છે જેઓ વધુ ને વધુ સુખ માટે ઝંખતા હોય છે, અને શરીરસુખ ખાતર જ પ્રયત્ન કરતા હોય છે.

અનંત સુખ મેળવવા માટે વીતરાગ દશા પ્રાપ્ત કર્યા વગર છૂટકો નથી.

માનવી પાસે જેમ યાદ કરવાનો એક સ્વભાવ પડયો છે તેમ વિસરી જવાનો પણ એક સ્વભાવ પડયો છે, ન ભૂલી શકાય એવી વાતો પણ સમયના થર તળે દટાતી જાય છે, અને શોક, ચિન્તા, સુખ, દુઃખ, વેદના, આનંદ, વિયોગ મિલન વગેરેને માનવી યાદ કરે છે તેમ વિસરી પણ જાય છે.

**જો** માનવી પાસે વિસરી જવાની પ્રકૃતિ ન હોત, તો જગતનો સઘળો આનંદ, વિશ્વાસની સમગ્ર માધુરી અને જીવનની નાની મોટી પ્રગતિ રૂંધાઈ ચૂકી હોત, સ્વર્ગ અને સુખના સઘળા સ્વપ્નો નર્કની કાળ યાતનાઓમાં પલટાઈ ચૂકયા હોત !

રાજકારણમાં રચ્યા-પચ્યા રહેતા માણસોમાંથી કોઈ વિરલ વ્યક્તિઓ જ ધર્મારાધનમાં તદાકાર બનતી હોય છે.

સંસારના પ્રત્યેક સુખો દુઃખ અને બંધનનાં જ કારણો છે. એ કડવું દેખાતું સત્ય આજે કોઈને સમજાતું નથી.

જગતમાં એવું એક પણ સ્થાન નથી કે જ્યાંના હવાપાણીથી માનવી રોગગ્રસ્ત જરાગ્રસ્ત કે, મૃત્યુના ખોળે ખેલતો ન બની શકતો હોય!

જ્યાં જન્મ છે ત્યાં મૃત્યુ છે. જ્યાં કાયા છે ત્યાં રોગ છે, જ્યાં યૌવન છે ત્યાં જરા છે, જ્યાં સુખ છે ત્યાં દુઃખ છે, અને જ્યાં હાસ્ય છે ત્યાં આંસુ પણ છે.

જન્મનો અર્થ મૃત્યુ છે, એ પ્રત્યેક સંસારીએ યાદ રાખવું જરૂરી છે.

સમયના અવિરત વહેતા વાયરા હૈયાના જખમને પણ હળવા પાડે છે, ગમે તેવા પ્રિય કે પૂજ્યજનોનો વિયોગ પણ સમયના વાયરાની અંદર દબાઈ જતો હોય છે.

[સુપ્રસિદ્ધ સાહિત્યકાર ભાઈશ્રી ધામીનાં કથા સાહિત્યમાંથી સાભાર ઉદ્ધૃત ]


દેરાસરમાં વપરાતી

જરમન સીલ્વરની

સામગ્રી

REGD. TRADE MARK
GUARANTEED
C.C.
STAINLESS STEEL
18/8

અમારે ત્યાં હંમેશા હાજર સ્ટોકમાંથી મળશે.

- ફાનસ
- ચમર દાંડી
- કળશ
- પખાલ કુંડી
- પંખા
- ચંદન વાડકી વિ.

સ્ટેનલેસ સ્ટીલ તથા જરમન સીલ્વરના વાસણો ચાવી છાપ જોઈને ખરીદો

ચીમનલાલ છગનલાલ

૯૧, કંસારા ચાલ, કાલબાદેવી
મુંબઈ-૨

# શંકા અને સમાધાન

સમાધાનકાર: પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

[ પ્રશ્નકાર–**મહેન્દ્રકુમાર એસ. ઝવેરી મુંબઈ** ]

શં૦ આવતી ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભજિનનું જન્મકલ્યાણક કયા નગરમાં થશે?

સ૦ શ્રી પદ્મનાભ તીર્થંકરનું જન્મકલ્યાણક શ્રી શતદ્વાર નગરમાં થશે.

શં૦ શ્રી ઉદયરત્ન કૃત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું "કોયલ ટહુક રહી મધુવનમેં, પાર્શ્વ શંખેશ્વર બસો મોરે દિલમેં" જે સ્તવન છે તેમાં જે શરૂઆતની 'કોયલ ટહુક રહી મધુવનમેં' એ પંક્તિનો અર્થ કેવી રીતે ઘટી શકે છે?

સ૦ 'કોયલ ટહુકી રહી મધુવનમેં' એ રાગમાં સ્તવન બોલવાનું છે. એટલે તે પંક્તિ સ્તવનની નથી પણ રાગની છે એમ સમજવું.

શં૦ અષ્ટાહ્નિકા મહોત્સવ આદિ વિશિષ્ટ પ્રસંગ સિવાય રાત્રે ભાવના જિનમંદિરમાં કેટલા વાગ્યા સુધી કરી શકાય?

સ૦ જિનમંદિરમાં ભાવના એક પહોર સુધી રાખવી ઠીક છે.

[પ્રશ્નકાર : **સુશીલાબેન સી. ઝવેરી સુરત**]

શં૦ પકિખ આદિ પ્રતિક્રમણમાં અજિતશાન્તિ કહેવાય છે તેની ગાથાઓમાં રાગ, સીનેમાઓના ગાયનોના રાગમાં બોલાય છે. અને તે તે ગાથાના અંતમાં આવતા છંદનું નામ પણ બોલાય છે. એ ઉચિત ખરૂં? શાસ્ત્રીય પધ્ધતિમાં એક લઘુ અને ગુરુ વધી જાય તો તો ભારે ભૂલ ગણાય તો સીનેમાઓના ગાયનોના રાગોથી બોલવામાં આવે તો ઘણી માત્રાઓ વધી જાય છે અને અંતમાં છંદનું નામ બોલવું એને ગુન્હો ગણી શકાય કે નહિ?

સ૦ શ્રી અજિતશાન્તિ સ્તવનની ગાથાઓ સીનેમાના ગાયનોના રાગમાં ગાવાથી હ્રસ્વ, દીર્ઘ અક્ષરોના ઉચ્ચારણનો મોટો ફરક પડે છે એટલે જે જે છંદો લખ્યા છે તે પ્રમાણે તે તે ગાથાનું ઉચ્ચારણ થયું ન ગણાય માટે તેમ કરવું કોઇ રીતે ઉચિત નથી. પણ પરંપરાથી આપણા ચાલુ રાગોમાં એ ગાથાઓ બોલવી ઉચિત છે. ચાલુ રાગોમાં પણ હ્રસ્વ આદિ અક્ષરોનો ભેદ ન પડે તેની કાળજી રાખવી જોઇએ.

[ પ્રશ્નકાર–**એક મુનિરાજ** ]

શં૦ પ્રભુ મહાવીર સ્વામી ભગવાનના સાધુ સાધ્વીઓને શ્વેત વસ્ત્રો વાપરવાનું શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનમાં સાંભલવામાં આવ્યું તો તેઓ ઓઘા પાઠા લાલ, શીયાળામાં રાત્રે ઓઢવા માટે રંગીન કામલીના જોટા, સંથારા તરીકે રંગીન આસનો, લાલ પટાવાલા સંથારીયા આદિ વાપરતા દેખાય છે, તો તે શું અપવાદરૂપે?

સ૦ રંગીન પાટા કામલીઓના જોટા, આદિ વાપરવાનું અપવાદરૂપે સમજવું ઠીક છે.

[પ્રશ્નકાર : **સેવંતીલાલ એન. મ્હેતા ઉધરોજ**]

શં૦ ઘર દહેરાસરનું ખાલી મકાન ભાડે અગર વેચાણ આપી શકાય કે નહિ?

સ૦ ઘર દહેરાસરનું ખાલી મકાન, દેવદ્રવ્યની વૃદ્ધિ ખાતર ચાલુ ભાવે ભાડે અગર વેચાણથી આપી શકાય છે.

[ પ્રશ્નકાર : **કીર્તિકુમાર કે. શાહ પાટણ** ]

શં૦ ચૌદપૂર્વી નરકમાં કયા કારણે જાય?

સ૦ પ્રમાદ દશામાં શ્રુતજ્ઞાનને ભૂલી જાય, સમકિત અને સંયમ ભાવથી પતિત થઈ વિષય-વાસનામાં મસ્ત બનવાથી ચૌદપૂર્વીઓ નરક નિગોદ સુધી પહોંચી શકે છે.

શં૦ ભગવાન મહાવીર સ્વામીજી અને શ્રી પાર્શ્વનાથ ભગવાનના સમયમાં સૌધર્મેન્દ્ર કોણ હતા?

સ૦ તે બન્ને ભગવાનના સમયમાં શ્રી કાર્તિક શેઠનો જીવ સૌધર્મેન્દ્ર તરીકે હતો.

શં૦ પરમાધામી સમકિતદૃષ્ટિ હોય?

સ૦ પરમાધામી સમકિતદૃષ્ટિ હોય એ નિયમ નથી.

શં૦ દુર્ભવ્ય મોક્ષે ક્યારે જાય?

સ૦ નિગોદમાંથી નીકલેલો દુર્ભવ્ય જીવ અનંતકાલે મોક્ષે જાય છે.

[પ્રશ્નકાર : **વાલાણી બાલચંદ અમૃતલાલ થરા**]

શં૦ મોક્ષસુખ કોને મલે?

સ૦ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર ધારી આત્માને મોક્ષ મલે છે.

શં૦ પંચપ્રતિક્રમણ કરવાનું કારણ?

સ૦ દેવસિય, રાઈય, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ કરવાનું કારણ એ છે કે તેમાં થયેલા પાપોનો પશ્ચાત્તાપ તેમ જ તે તે પાપોથી પાછા હઠવા માટે, એમ સમજવું.

[પ્રશ્નકાર : **સેવંતીલાલ-પૂના**]

શં૦ પક્ખિ પ્રતિક્રમણ એક વખત કર્યા બાદ બીજે દિવસે તે જ પક્ખિ પ્રતિક્રમણ તે જ વ્યક્તિને કરાય કે નહિ?

સ૦ જે વ્યક્તિએ એક વખત પક્ખિ પ્રતિક્રમણ કર્યું હોય તે વ્યક્તિથી તે જ પક્ખિ પ્રતિક્રમણ બીજી વખત કરી ન શકાય.

[પ્રશ્નકાર : **પ્રભુલાલ અને નટવરલાલ કટારીઆ**]

શં૦ પાપ કેટલા પ્રકારે બંધાય અને કેટલા પ્રકારે ભોગવાય?

સ૦ પાપ ભોગવવાના ૮૨ પ્રકાર છે પણ પાપ બાંધવાના પ્રકારોની નિયમિતતા નથી. મુખ્યત્વે ૧૮ પાપસ્થાનકથી બંધાય છે.

[પ્રશ્નકાર : **જિજ્ઞાસુ હારીજ**]

શં૦ મોગરા બનાવટનું કેશર હમણાં નવું નીકલ્યું છે તે કેશર પ્રભુપૂજામાં વપરાય કે કેમ? તેનો કલર તો અસલ કેશર જેવો હોય છે. પરંતુ સુગંધી વગરનું હોય છે.

સ૦ સુગંધી વગરનું નકલી કેશર પ્રભુ પૂજામાં વાપરી શકાય નહિ.

[પ્રશ્નકાર : **શા. અરૂણકુમાર શાંતિલાલ છાણી**]

શં૦ પ્રથમ કર્મગ્રન્થમાં શ્યામરંગને અશુભ કહેલો છે ત્યારે નેમનાથ ભગવાનનો શ્યામરંગ તે અશુભ કહેવાય?

સ૦ પ્રભુ શ્રી નેમનાથ ભગવાનનો શ્યામ રંગ અતિ લાવણ્ય ને જ્યોતિર્મય હોવાથી તે અશુભમાં ગણાય નહિ.

શં૦ દિવસે સામાયિક લીધું હોય અને વાદળ આવવાથી લાઇટ કરી હોય તો તે લાઇટનો પ્રકાશ સામાયિકવાળાને ચાલે કે નહિ?

સ૦ તેવો પ્રકાશ સામાયિકવાલાને ઉપયોગમાં લઈ શકાય નહિ.

શં૦ અજીવવસ્તુને કર્મનો ઉદય હોય નહિ તો પ્રથમ કર્મગ્રંથમાં રત્ન વગેરેને ઉદ્યોતનો ઉદય કહેલ છે અને રત્નથી મઢેલી વસ્તુમાંથી પણ પ્રકાશ આવે છે તો તેને ઉદ્યોતનો ઉદય કેમ કહેવાય?

સ૦ રત્નાદિમાં ઉત્પન્ન થયેલા જીવો ઉદ્યોત નામકર્મ બાંધીને આવેલા હોવાથી, તેઓએ

નિર્માણ કરેલો પ્રકાશ ઉદ્યોત નામકર્મમાં હોવાથી તે જીવો તેમાંથી ચાલ્યા ગયા પછીપણ તેમણે મૂકેલી પ્રભા ઉપચારથી ઉદ્યોત નામકર્મમાં ગણાય છે.

[પ્રશ્નકારઃ-વલાણી કનૈયાલાલ ફકીરચંદ-આંગણવાડા]

શં૰ ગૃહસ્થવાસમાં રહેલા તીર્થંકરદેવ કોઈનો દીક્ષા મહોત્સવ કરે?

સ૰ છદ્માવસ્થામાં રહેલા શ્રી તીર્થંકર ભગવંત કોઈને દીક્ષા આપે નહિ.

શં૰ પુસ્તક આદિ તો ધર્મના ઉપકરણ છે એમ કહીને મમત્વભાવથી પુસ્તક આદિનો પરિગ્રહ કરે તો પરિગ્રહનો દોષ લાગે ખરો?

સ૰ મમત્વ ભાવે પુસ્તકાદિનો સંગ્રહ પરિગ્રહ ગણાય. જેથી પરિગ્રહનો દોષ લાગે.

શં૰ કોઇ અભવ્ય જીવ સ્વર્ગાદિ સુખની ઈચ્છાવડે દ્રવ્ય ચારિત્રને પામીને ભણે તો કેટલું શ્રુત પામે?

સ૰ અભવ્ય નવપૂર્વ સુધીનું જ્ઞાન સંપાદન કરી શકે, એવો પ્રઘોષ છે.

શં૰ અભવ્ય જીવો મોક્ષમાં જાય એવું બને ખરું?

સ૰ અભવ્યો મોક્ષમાં ન જાય, અભવ્યોના તારેલા ભવ્યો મોક્ષે જાય છે.

શં૰ જાતિસ્મરણ જ્ઞાનવાલો પોતાના કેટલા પાછલા ભવો દેખે?

સ૰ જાતિસ્મરણવાલો આત્મા પોતાના સંખ્યાતા પાછલા ભવો જોઇ શકે છે.

શં૰ પરમાધામી જીવો ભવ્ય કે અભવ્ય?

સ૰ પરમાધામીઓ ભવ્ય હોય છે.

શં૰ દેવતાઓને દાંત તથા કેશ હોય?

સ૰ દેવતાઓને દાંત અને કેશ હોય, પણ તે વૈક્રિય જાણવા.

શં૰ મુનિ મહારાજો ધર્મલાભ કહે તેમ તીર્થંકર ભગવંતો કહે?

સ૰ શ્રી તીર્થંકર ભગવંત પણ ધર્મલાભ શબ્દનો પ્રયોગ કરે છે.

[પ્રશ્નકાર : વ્હોરા છબીલદાસ પ્રતાપચંદ ન્યુ ડીસા]

શં૰ ભગવાનનો દેહ નિર્મલ હોવા છતાં જન્મ થાય ત્યારે છપ્પન દિક્કુમારિકાઓ શા માટે આવે છે?

સ૰ શ્રી તીર્થંકર ભગવંતોના જન્મ વખતે દિક્કુમારિકાઓ આવે છે તે તેમનો આચાર છે.

શં૰ પુષ્પચૂલા સાધ્વીજીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છતાં ય પણ અમુક ટાઈમ સુધી અન્નિકાપુત્ર આચાર્યની આહાર વગેરેથી શુશ્રુષા વગેરે કરતાં હતાં અને તેમને ખબર પડવા ન દીધી તો આચાર્યને કેવલીની આશાતના થાય કે નહિ? અને જો થાય તો તેમાં નિમિત્તભૂત કોણ કહેવાય?

સ૰ શ્રી અન્નિકાપુત્ર આચાર્ય મહારાજને ખબર પડ્યા પછી સાધ્વીજીની ભક્તિ સ્વીકારી હોત તો આશાતનાનો પ્રશ્ન સ્થાને ગણાત. એટલે તેમ બન્યું નથી.

શં૰ પુરુષને રસ્તામાં સાધ્વીજી મહારાજ મલે તો मत्थएण वंदामि કહી શકાય?

સ૰ ફેટાવંદનરૂપ मत्थएण वंदामि કહી શકાય.

(પ્રશ્નકાર :- શા. કેશવલાલ જીતમલ ડીસાટાઉન)

શં૰ તીર્થંકર ભગવંતને ૩૪ અતિશયો હોય છે જેમાં ૧૯ દેવકૃત છે તો દાઢી મૂછ વગેરે વધે નહિ તો દેવકૃત કેવી રીતે ગણાય!

સ૰ શ્રી તીર્થંકર ભગવંતને દીક્ષા લીધા બાદ મસ્તક, દાઢી; મુછના વાળ હોય તેનાથી વિશેષ વાળ દેવોના પ્રભાવથી વધે નહિ એટલે તે અતિશય દેવકૃત કહેવાય છે.




## વહી ગયેલી વાર્તા

**મધ્યદેશની રથમર્દન નગરીના રાજા હેમરથના યુવરાજ કનકરથ મંત્રી આદિ પરિવારની સાથે દક્ષિણ દેશની કાવેરીનગરીનાં સુંદરપાણી રાજાની કન્યા રૂક્મિણીને પરણવા નીકળ્યા છે, વચ્ચે અરિમર્દન રાજાના રાજ્યપ્રદેશમાં તેઓ આવે છે, ને અરિમર્દન રાજા રાજકુમારના રસાલાને ઘેરી વળે છે, બન્ને વચ્ચે યુદ્ધ જામે છે, બળવાન અને સાત્વિક શિરોમણિ યુવરાજ અલ્પપરિવારવાળા હોવા છતાં અરિમર્દનના સૈન્ય પર વિજય મેળવે છે, છેવટે કોઇપણ પ્રવાસીને આ માર્ગે હેરાન નહિ કરવાની શરતે અરિમર્દનના રાજકુમારને રાજગાદી સોંપી બધાયને અભયદાન આપવામાં આવે છે. હવે વાંચો આગળ !**

⊙

### પ્રકરણ ૮

### એક રહસ્ય !

બીજે જ દિવસે વહેલી સવારે યુવરાજ કનકરથે પોતાનો પ્રવાસ શરૂ કરી દીધો.

સાથે રહેલા એક જાણકારે જણાવ્યું હતું કે હવે એક ભયંકર અટવી આવશે અને અટવીનો માર્ગ ભારે કપરો છે. ધોળે દિવસે પણ હિંસક પશુઓનો ભય જણાય છે, એટલે આપણે જ્યાં પડાવ નાખવો હોય ત્યાં મધ્યાહ્ન પહેલાં જ સ્થિર થવું જોઈએ.

જાણકારની આ વાત બીજે જ દિવસે સાચી જણાવા માંડી. ધોળે દિવસે પણ અંધકાર જણાય એવું ગાઢ વન શરું થઇ ગયું હતું. અટવી માત્ર ગાઢ હતી તેમ નહોતું, નાની નાની પર્વત-માળાઓથી છવાયેલી હતી અને વૃક્ષો એટલા બધાં ઉંચા હતાં કે નાખી નજર ન જાય. હજી તો ભયંકર કહેવાતી અટવીનો પ્રારંભ જ હતો. આ અટવીમાં ચોવીસ કોશનો પંથ કાપવાનો હતો.

મધ્યાહ્ન પહેલાં જ યુવરાજનો રસાલો અટવીના પ્રાંત ભાગમાં આવેલા એક સ્વચ્છ મેદાનમાં આવી પહોંચ્યો અને સાથેના મંત્રીએ ત્યાં જ પડાવ નાખવાનો આદેશ આપ્યો.

યુવરાજે મંત્રીને બોલાવીને પુછ્યું. 'જળાશયની તપાસ કરી લીધી છે?'

'ના. પરંતુ પડાવ નાખ્યા પછી ચાર પાંચ માણસોને તપાસ કરવા રવાના કરી દઇશ. સ્થળ ઘણું સુંદર છે. અહીં શીતળતા પણ છે એટલે નજીકમાં જ કોઈ જળાશય હોવું જોઈએ.' મંત્રીએ કહ્યું.

સહકાર અને નિષ્ઠાથી થતાં કાર્યો હંમેશા પૂર્ણ બનતાં હોય છે. યુવરાજના સઘળા માણસો સહકારથી જ કામ કરતા હતા. માત્ર એક જ ઘટિકામાં પડાવ નખાઇ ગયો.

પાકશાસ્ત્રીઓએ તત્કાળ રસોઈ શરૂ કરી દીધો. પંદરેક માણસો આસપાસ કયાંય પલ્લિ કે ગોવાળનું ક્ષેત્ર હોય તો દૂધ મેળવવા નીકળી

---

શ૦ કર્મથી મુકત થયેલા આત્માને મોક્ષમાં જતા એક સમય થાય છે તો ૨–૩–૪–૫–૬ રાજલોક ઉંચે જતાં કેટલો કેટલો કાલ લાગતો હશે!

સ૦ સમય એટલો સૂક્ષ્મ છે કે તેના ભાગ થઈ શકે નહિ એટલે બીજા-ત્રીજા આદિ રાજલોકે પહોંચતાં આટલો સમયનો ભાગ થયો એમ કહી શકાય નહિ.

ચડયા. અને મંત્રીએ પાંચ માણસોને જળાશય માટે રવાના કર્યા.

યુવરાજના કાફલા સાથે હંમેશા જળ ભરેલાં પીપોની પાંચ ગાડીઓ રહેતી હતી, કારણ કે કોઈ વખતે માર્ગમાં જળાશય ન મળે તો મુશ્કેલી ન આવે.

યુવરાજ પોતાના મિત્રો સાથે શિબિરમાં બિછાવેલા ગાદીતકીયા પર આરામથી બેઠો બેઠો વાતો કરી રહ્યો હતો. દિવસનો ત્રીજો પ્રહર પૂર્ણ થવા આવ્યો હતો. પાકશાસ્ત્રીઓએ રસોઈ તૈયાર કરી લીધી હતી. પણ હજી સુધી જળની તપાસ કરવા ગયેલાઓ પાછા આવ્યા નહોતા સહુ એમના આગમનની વાટ જોતા હતા. કારણ કે નજીકમાં જળાશય હોય તો સ્નાન આદિની સરલતા થઈ પડે.

મંત્રી પણ રાહ જોઈ રહ્યો હતો. અને તે બીજા માણસોને તપાસ માટે મોકલે તે પહેલાં જ તપાસ કરવા ગએલા પાંચેય માણસો આવી પહોંચ્યા અને સીધા યુવરાજના તંબુમાં ગયા.

મંત્રીએ કહ્યું; 'જળાશયનું શું થયું ?'

'કૃપાવંત, જળાશય તો મળી ગયું છે. અમે જરા આડે રસ્તે ચડી ગયા હતા એટલે વિલંબ થયો. જળાશય સાવ નજીક છે. સામેની ટેકરી પાછળ.' એકે કહ્યું.

યુવરાજે કહ્યું; 'ઉત્તમ.' બધાને જળાશય દેખાડી દો.

બીજા એક માણસે કહ્યું; 'કૃપાવતાર, જળાશયની તપાસ કરવા જતાં અમે એક ન માની શકાય એવું આશ્ચર્ય જોયું છે.

'આશ્ચર્ય ! શું કોઇ વિચિત્ર વનપશુનાં દર્શન થયાં !'

'ના મહારાજ, જેનું કોઈ શબ્દોવડે વર્ણન ન કરી શકાય એવી સુંદર યુવતીનાં દર્શન થયાં.'

યુવરાજ હસી પડયો અને હસતાં હસતાં બોલ્યો; 'સુંદરતા એ કંઈ આશ્ચર્ય કહેવાય ?' કોઈને પુણ્યોદયે બીજા કરતાં વધુ સુંદરતા મળતી હોય છે.'

માણસે કહ્યું; 'મહારાજ, અમે જોયેલું આશ્ચર્ય તો જુદું જ છે.'

'ત્યારે તો મારે સાંભળવું પડશે. પરંતુ આપણા સાથીઓને સ્નાનાદિમાં વિલંબ ન થાય એટલા ખાતર અહીં એક જણ રોકાય બીજા સહુને જળાશય પર લઈ જાય.'

ચાર માણસો નમસ્કાર કરીને ચાલ્યા ગયા. એક જણ રોકાયો.

યુવરાજે તેના સામે જોઈને કહ્યું; 'તમને સહુને કયા પ્રકારનું આશ્ચર્ય દેખાયું હતું !'

યુવરાજના બે મિત્રો પણ આશ્ચર્યજનક વાત સાંભળવા બેસી રહ્યા હતા. બીજા બધા સ્નાન ભોજન માટે વિદાય થયા હતા.

ભૃત્યે કહ્યું; 'કૃપાવતાર, જળાશયની તપાસ કરવા અમે જરા આડે રસ્તે ચડી ગયેલા અને એ જળાશયની દક્ષિણે તપાસ કરી રહેલા ત્યાં અમારી નજરે એક સુંદર ઉપવન દેખાયું. આવું ઉપવન મેં જીવનમાં કદી જોયું નથી. અનેક પ્રકારના ફળવાળાં વૃક્ષો, પુષ્પની લતાઓ, નાની નાની કુંજો. આ બધું જોઈને અમને થયું કે ઉપવન આટલું બધું સ્વચ્છ અને વ્યવસ્થિત કેવી રીતે હશે ? સંભવ છે કે ત્યાં કોઇ રહેતું હોય. અને અમને એમ પણ થયું કે કદાચ ઉપવનની પાછળ કોઇ જળાશય હોય. અમે તપાસ કરવા માટે ઉપવન તરફ ગયા. અમે ઉપવનમાં પગ મૂકીએ તે પહેલાં જ અમે ચમકી ઉઠયા. એક ઘટાદાર વૃક્ષની ડાળીએ પુષ્પની વેલડીઓવાળો હિંચકો બાંધ્યો હતો અને તે હિંચકા પર કોઇ દેવકન્યા બેઠી ઝૂલી રહી હતી. એ દેવકન્યા જેવું રૂપ અમે આટલા વરસોમાં કોઇપણ સ્થળે જોયું નથી. અરે કૃપાવતાર, સ્વપ્નમાં પણ કદી આવું મનોહર, પવિત્ર અને

આકર્ષક રૂપ અમને દેખાયું નથી. અમે પાંચેય સ્થિર બનીને ઉભા રહી ગયાં....અમારા મનમાં થયું કે આપણે તે બાઈને જઇને જળાશય અંગે પ્રશ્ન કરીયે....આમ વિચારી અમે જરાક આગળ વધ્યા. અને તે રૂપવતીની અમારા પર દૃષ્ટિ પડી ગઇ. અમે વધુ દસેક કદમ ચાલીએ ત્યાં તો તે દેવકન્યા અદશ્ય થઇ ગઈ. કેવીરીતે અદશ્ય થઇ એ કશું અમે સમજી શકયા નહિ. અમે આસપાસ તપાસ કરી પણ કોઈ દેખાયું નહિં. અમને થયું કે કાંતો કોઈ શાપભ્રષ્ટ દેવકન્યા માનવલોકમાં આવી હશે અથવા તો કોઇ વનદેવી સદેહે વનમાં ક્રીડા કરી રહી હશે. અમને પણ જરા ભય લાગ્યો અને તરત પાછા વળ્યાં. ત્યાંતો અમને થોડે દૂર જળાશય દેખાયું અમે જળાશય પર ગયા. પાણીની તપાસ કરી ચકાસણી કરી....અને અમે એ પણ જોઇ શકયા કે એક નાની પગદંડી તે ઉપવન તરફ જતી હતી અને તે પગદંડી પર કોઈના કોમળ ચરણોનાં નિશાન દેખાતાં હતાં. વિલંબના ભયે અમે વધુ તપાસ કરવા ન રોકાતાં સીધા આવતા રહ્યા.'

યુવરાજ કનકરથને પણ આ આશ્ચર્યજનક વાત સાંભળીને મનમાં થયું, આવી ઘોર અટવીમાં કોણ રહેતું હશે? શું ખરેખર કોઈ શાપભ્રષ્ટ દેવકન્યા હશે કે કોઈ વનદેવી હશે?

યૌવનકાળ હંમેશા સાહસમાં રસ લેવા તૈયાર થતો હોય છે.

યુવરાજે કહ્યું: 'તારી વાત આશ્ચર્યમય તો છે જ, પરંતુ દેવકન્યાને આવા મૃત્યુલોકમાં શા માટે આવવું પડે એ જેમ એક કોયડો છે તેમ માનવકન્યા એકાએક અદશ્ય પણ ન બની જાય. મને લાગે છે કે કન્યા કોઈ કુંજમાં છુપાઇ ગઇ હોય અને તમને અદશ્યપણાનો આભાસ થયો હોય એવું તો નથી બન્યું ને?'

'ના મહારાજ, અમે પાંચે ય જણા સ્થિર નજરે જ એ તરફ જોઇ રહ્યા હતા. દેવકન્યા હિંચકે ઝૂલતાં ઝૂલતાં જ અદશ્ય થઇ ગઈ હતી.'

'હિંચકો ચાલતો હતો?'

'હા....પણ ત્યાં નજીક પહોંચ્યા ત્યારે હિંચકો બંધ હતો અને આસપાસ કોઇ નહોતું. છતાં એટલામાં કોઈ રહેતું હોય એવો સંશય તો જરૂર થયો હતો. કારણ કે ત્યાંની માટીમાં કોમળ ચરણોની છાપ દેખાતી હતી.'

'હં...હશે કોઇ દેવકન્યા.' કહી યુવરાજે ભૃત્યને વિદાય કર્યો.

યુવરાજના એક મિત્રે કહ્યું: 'મહારાજ, આ વાતમાં તથ્ય કેટલું છે એટલા પુરતી તપાસ તો કરવી જોઇએ.'

'તારી વાત સાચી છે મિત્ર, પણ અત્યારે તો મારો જઠરાગ્નિ બીજી કોઈ વાતમાં રસ લેવા દે તેમ નથી.' કહી યુવરાજ ઉભો થયો.

યુવરાજ માટે એના તંબુની બાજુમાં જ એક સ્નાનગૃહ રૂપે નાનો તંબુ ગોઠવવામાં આવ્યો હતો અને તેમાં સ્નાન જળ તૈયાર હતું.

એક ભૃત્ય યુવરાજનાં વસ્ત્રો લઇને સાથે ગયો. સ્નાનાદિથી નિવૃત થઇને આવ્યા પછી યુવરાજે જોયું, ભોજન તૈયાર છે અને મિત્રો રાહ જોતાં બેઠા છે.

સહુએ ભોજન શરૂ કર્યું.

પરંતુ યુવરાજના મનમાં ઉપવનવાળી વાત ખૂબ જ ખેંચાણ કરી રહી હતી. એને વારંવાર એમ થતું હતું કે દેવકન્યા અથવા વનદેવીનાં દર્શન તો અવશ્ય કરવાં જોઇએ. પણ કેવી રીતે? કોઇને સાથે લઈને જવું એ મનને પ્રિય નહોતું લાગતું અને ત્યાં જઈને તપાસ કર્યા વગર મનને શાંતિ મળે તેમ નહોતી.

પ્રવાસનો શ્રમ ખૂબ જ આરામદાયક હોય છે અને ખાસ કરીને નિદ્રાદેવીની આરાધના માટે તો સાનુકુળ જ હોય છે.

ભોજનાદિથી નિવૃત્ત થયા પછી સહુ થોડી

ઔર આનંદ-પ્રમોદમાં મશગુલ બની ગયા અને રાત્રિનો પ્રથમ પ્રહર પુરો થયા પછી તો તરત સહુ નિદ્રાદેવીની આરાધનામાં ગુંથાઈ ગયા. કારણ કે નિત્યના કાર્યક્રમ મુજબ વહેલી સવારે પુનઃ પ્રવાસ શરૂ થતો હતો.

રાત્રિનો બીજો પ્રહર પુરો થવા આવ્યો હશે ત્યારે યુવરાજ પોતાની શય્યામાંથી ઉઠીને બહાર આવ્યો અને જે ભૃત્યે આશ્ચર્ય ભરી વાત કરી હતી તેને બોલાવ્યો.

ભૃત્યના આવી ગયા પછી યુવરાજે કહ્યું: 'આપણે અત્યારે ઉપવનમાં તપાસ કરવા જવું છે.'

'અત્યારે મધ્યરાત્રિએ?' ભૃત્યને આશ્ચર્ય થયું.

'હા. દેવકન્યા હશે તો એનો વૈભવ રાત્રિ કાળે જ જોઇ શકાય.' યુવરાજે કહ્યું.

ભૃત્ય તૈયાર જ હતો. તે બોલ્યો: 'એકાદ મશાલ સાથે લઈ લઉં?'

'ના...ચંદ્રનું અજવાળું ઉત્તમ છે.' કહી યુવરાજે પોતાની તલવાર હાથમાં લઈ લીધી.

ભૃત્ય આગળ થયો. યુવરાજ તેની પાછળ પાછળ ચાલવા માંડયો.

પડાવના ચોકિયાતો જાગતા જ હતા. તેઓ યુવરાજને ઓળખ્યા પછી નમન કરતા અને સાવધાનનો અવાજ કરતા રહેતા.

બંને પડાવ બહાર નીકળ્યા ત્યારે તેમની સામે પડાવનો મુખ્ય ચોકિયાત આવ્યો અને નમસ્કાર કરતાં બોલ્યો: 'મહારાજ, બે ચોકિયાત-ને સાથે મોકલું?'

'ના. અમે સરોવર પાસે જઇએ છીએ. પરંતુ તારે એક કામ કરવાનું છે.'

'જી.'

'હું વળતાં પાછો આવું ત્યારે મને મળજે અને મારી આજ્ઞા પછી જ પડાવ ઉપાડવાનો ડંકો બજાવજે.'

'જેવી આજ્ઞા.' કહીને મુખ્ય ચોકિયાતે મસ્તક નમાવ્યું.

યુવરાજ અને ભૃત્ય ઉપવન તરફની દિશાએ વાન થયા.

લગભગ એકાદ ઘટિકા ચાલ્યા પછી ભૃત્ય બોલ્યો: 'કૃપાવંત, સામે દેખાય તે ઉપવન.... ઉપવન ઘણું વિશાળ લાગે છે. અમે આ રસ્તેથી જ અંદર દાખલ થયા હતા.

યુવરાજે ઉપવન સામે નજર નરી. ચંદ્રનો હળવો પ્રકાશ હતો. અને હળવા પ્રકાશમાં તે ઉપવન એક પ્રકારની છાયા જેવું નીરવ શાંત જણાતું હતું.

'આપણે ખૂબ જ સંભાળથી અંદર જવાનું છે. પદરવ પણ ન થવો જોઇએ.' યુવરાજે કહ્યું.

ભૃત્યે મસ્તક નમાવીને આ સૂચના સ્વીકારી.

બંને ઉપવનમાં દાખલ થયા. ચાલવામાં બંને ખૂબ જ સાવચેતી રાખતા હતા. કારણ કે કોઈ પણ પ્રકારના ઝેરી જાનવરની શકયતા અવ-ગણી શકાય તેમ નહોતી.

મુક્ત આકાશમાંથ હળવી ચાંદની વરસી રહી હતી. યુવરાજે ચારે તરફ નજર કરી. ઉપવન ખૂબ જ વિશાળ હતું. સ્વચ્છ હતું અને સુંદર પણ હતું. પરંતુ આ ઉપવનમાં કોઈ માનવી રહેતું હોય તેમ જણાતું નહોતું.

આગળ ચાલતાં ચાલતાં ભૃત્યે વૃક્ષની ડાળીએ બાંધેલો હિંચકો બતાવતાં કહ્યું: "કૃપાવતાર, સામે દેખાય તે હીંચકો.... અમે એ દેવકન્યાને આ હિંચકે ઝૂલતી જોઇ હતી."

યુવરાજે હીંચકા નજીક જઇને તપાસ કરી.... પુષ્પલતાઓથી વિંટળાયેલો હીંચકો હતો.... બેસવાની પાટલી નાની છતાં સ્વચ્છ હતી. યુવરાજના મનમાં થયું, જરૂર આ હિંચકો જ અહીં કોઇ હોવાનો પુરાવો છે. નહિંતો આવા ગાઢ અને નિર્જન પ્રદેશમાં હિંચકો શા માટે બાંધવામાં આવ્યો હોય:

આસપાસ થોડીવાર તપાસ કરીને યુવરાજ ભૃત્ય સાથે પાછો વળ્યો.. આ ઉપવન તેના

મનમાં એક રહસ્ય જેવું છપાઇ ગયું હતું. ઉપવન મોટું હતું અને અત્યારે આખા ઉપવનમાં ઘુમી શકાય તેમ પણ ન હોતું.. એટલે આ રહસ્યનો ઉકેલ સવારે લાવવો એમ યુવરાજે મનમાં નકકી કર્યું.

બંને જ્યારે પડાવમાં પાછા આવ્યા ત્યારે રાત્રિનો ચોથો પ્રહર શરૂ થઈ ગયો હતો અને મુખ્ય ચોકિયાત ચિંતિત હૃદયે રાહ જોઈ રહ્યો હતો.

યુવરાજને પડાવમાં દાખલ થયેલા જોતાંજ તે નજીક આવ્યો અને મસ્તક નમાવતાં બોલ્યો:" મહારાજ, પડાવ ઉપાડવાનો સમય થઇ ગયો છે...."

યુવરાજે કહ્યું: " આ સ્થળ અતિ સુંદર છે.... એક દિવસ અહીં રોકાઇ જવું છે."

સ્થળ ખરેખર સુંદર હતું. ચોકિયાતે માત્ર મસ્તક નમાવ્યું, યુવરાજ પોતાની શિબિરમાં ચાલ્યો ગયો.

પરંતુ હવે નિદ્રા આવે તેમ હતું નહિ... અને સૂર્યોદય પહેલાં તો તે ફરીવાર એકલો ઉપવન તરફ જવાનો હતો.. રહસ્યનો ઉકેલ લાવવા.

સુંદર નારી, સુંદર ઉપવન, સુંદર હિંચકો, એકાએક અદૃશ્ય થયું. આ બધું સાંભળ્યા પછી કોઇપણ સાહસપ્રિય યુવાન પોતાની જીજ્ઞાસાવૃત્તિને તૃપ્ત કર્યા વગર રહી શકે નહિં.

અને આ તો એક રહસ્ય હતું.... સ્વચ્છ અને રમણીય ઉપવનમાં સ્વર્ગની શોભા હતી અને શાંતિ પણ હતી. વળી હિંચકો જોયા પછી યુવરાજે નકકી કર્યું હતું કે અવશ્ય કોઇ ત્યાં રહે છે... રાતના કારણે એવા અજાણ્યા ઉપવનમાં ઘૂમી શકાયું નથી.. પણ આખું ઉપવન જોયા પછી અવશ્ય રહસ્યનો ઉકેલ લાવી શકાશે.

રોજના નિયમ પ્રમાણે સૈનિકો, ભૃત્યો વગેરે જાગી ગયા હતા. પરંતુ પડાવ ઉઠાવવાની ઝાલરી રણકી ન હોતી.

સાથે રહેલા મંત્રી પણ જાગી ગયા હતા.. પરંતુ પડાવને ઉપાડવાનાં કોઈપણ લક્ષણ ન દેખાતાં તેઓએ તરત મુખ્ય ચોકિયાતને બોલાવ્યો. મુખ્ય ચોકિયાતે આવીને જ્યારે મહારાજ કુમારે એક દિવસ અહીં આરામ લેવાની આજ્ઞા કરી એ વાત કહી ત્યારે મંત્રીને નવાઈ લાગી. કારણ કે ગઇ રાતે આવો કોઇ સંકેત યુવરાજે કર્યો ન હોતો.

મંત્રી તરત યુવરાજના તંબુ તરફ ગયો..

યુવરાજ એ વખતે બીજાં વસ્ત્રો બદલાવી રહ્યો હતો.. કારણકે જળાશયમાં સ્નાન કરીને તે ઉપવનમાં જવા માગતો હતો. મંત્રીને અંદર આવેલો જોતાંજ તે બોલ્યો: "પધારો... શી આજ્ઞા છે?"

"મહારાજકુમાર, પડાવ નથી ઉપાડવો?"

"આ સ્થળ મને અતિપ્રિય જણાયું છે... એકાદ દિવસ બહુ આરામ લેવાનું મન થતાં..."

વચ્ચે જ મંત્રીએ કહ્યું: "ખરેખર સ્થળ અતિ સુંદર છે... કંઇ હરકત નહિં.. પણ આપ બહુ વહેલા જાગી ગયા ?"

"આજ તો નિદ્રા જ નથી લીધી."

"કેમ ? કંઇ સ્વસ્થતા ?"

"ના પૂજ્ય, એવું કશું નથી. મધ્યરાત્રિએ હું જળાશય તરફ ગયો હતો.... ચાંદની વરસી રહી હતી અને વનશ્રી એક જીવંત કવિતા સમી જણાતી હતી."

મંત્રીએ આછા હાસ્ય સહિત કહ્યું: "યૌવનને ચાંદની અતિપ્રિય લાગે છે."

યુવરાજે કશો ઉત્તર ન આપ્યો.

મંત્રી વિદાય થયો.

તરત યુવરાજ પણ સ્નાન માટેનું અંગલૂંછણ અને બીજાં વસ્ત્રો લઈને બીજે રસ્તેથી તંબુ બહાર નીકળી ગયો.

આ વખતે તેણે કોઇ ભૃત્યો કે મિત્રને પણ

સાથે ન લીધો; એટલું જ નહિં પણ કમ્મરે તલવાર પણ ન લટકાવી.

યુવરાજ સીધો જળાશય તરફ ગયો... માર્ગમાં મળેલા બેચાર ભૃત્યોએ સાથે આવવા પ્રાર્થના કરી, પરંતુ યુવરાજે કોઇને સાથે લીધા નહિં.

યુવરાજ જ્યારે સુંદર, સ્વચ્છ અને અતિપ્રિય જણાતા જળાશય પાસે પહોંચ્યો ત્યારે સૂર્યોદય થઇ ગયો હતો.

સૌથી પ્રથમ યુવરાજે સ્નાન કર્યું, ત્યારપછી મનમાં નવકારમંત્રનું સ્મરણ કર્યું.. ત્યારપછી વસ્ત્રો બદલાવી તે જળાશય તરફથી ઉપવન તરફ જતી કેડી પાસે પહોંચ્યો અને ચારે તરફ નજર કરતો કરતો કેડીના રસ્તે ઉપવનમાં જવા અગ્રેસર થયો.

કેડી પર તે જોઈ શકયો કે થોડીવાર પહેલાં જ કોઇના પગલાં પડેલાં લાગે છે અને કોઇ કોઇ સ્થળે જળનાં છાંટા પણ પડયા હોય તેમ દેખાય છે. તેના મનમાં થયું અવશ્ય કોઇ આ માર્ગેથી જળ ભરીને અથવા ભીના લુગડે ઉપવનમાં ગયું લાગે છે. કોણ હશે?

આવા વિચારો સાથે તે ઉપવનમાં દાખલ થયો. તેણે આ ઉપવન ગઇ રાતે જોયું હતું પણ ત્યારે આ ઉપવન છાયા સમાન જણાતું હતું. અત્યારે ઉપવન તરફ નજર જતાં જ તે કલ્પી શકયો કે ઉપવન અતિ સ્વચ્છ સુંદર, રમણીય અને વિશાળ છે.

પગદંડીએ આગળ વધતાં વધતાં તેએ પણ જોઇ શકયો. ઉપવનમાં મનને પ્રસન્ન કરે એવાં વિવિધ પ્રકારનાં પંખીઓ કલ્લોલ કરી રહ્યાં છે. એટલું જ નહિ પણ ભાગ્યે જ જોવા મળે એવાં સુંદર હરણો પણ ચારે તરફ નિર્ભયતાથી ફરતા હોય છે.

યુવરાજના મનમાં થયુ: જરૂર આ ઉપવનમાં કોઈ રહેતું હોવું જોઈએ અને કોઇ રહેતું હોય તો તેનો અવાજ કેમ નથી આવતો? શું ભૃત્યે કહેલું સત્ય હશે? કોઇ દેવબાળા, વિદ્યાધરી કે વનદેવી જ રહેતી હશે? જો એમ હોય તો કેડી પર પગલાં શા માટે પડે? પગલાં માનવીનાં પડે, દેવનાં તો પડે જ નહિં.

આવા અનેક વિચારો વચ્ચે ચારે તરફ નજર કરતો કરતો યુવરાજ ઉપવનમાં આગળ ને આગળ ચાલવા માંડયો. તેણે મનથી નક્કી કર્યું હતું કે આજે આખા ઉપવનમાં ઘુમવું અને રહસ્યનો ઉકેલ શોધવો.

બીજા સોએક કદમ ચાલતાં જ એની દૃષ્ટિ એકાએક એક પુષ્પકુંજ તરફ ગઈ. અને જોતાં જ તે ચમકયો.

એક અતિ સુંદર તરુણી હાથમાં છાબડી લઈને પુષ્પો વીણી રહી હતી. શું આ તે જ વનદેવી હશે કે દેવકન્યા હશે? યુવરાજે જોયું. તરુણી અતિ રૂપવતી હતી. એણે કેવળ બે વલ્કલ ધારણ કર્યાં હતાં. એનો ચોટલો અતિ દીર્ઘ જણાતો હતો. એના પ્રત્યેક અંગમાં કદી ન ભૂલી શકાય એવું સૌન્દર્ય ઝળહળી રહ્યું હતું. એનો ચહેરો પુષ્પકુંજ તરફ હતો.. પુરો દેખાતો ન હોતો છતાં યુવરાજે અનુમાન કર્યું કે આ તરુણીનું વદન સમગ્ર વિશ્વનું માર્દવ સાચવીને જ દીપી રહ્યું લાગે છે.... એના ગોરા અંગમાંથી ગુલાબી રંગની આછી આભા જાણે સમગ્ર ઉપવનની શોભાને વધારી રહી છે....!

થોડીપળો સુધી યુવરાજ અનિમેષ નયને જોઇ રહ્યો.. એના મનમાં થયું.... મારે એ તરુણી પાસે જવું જોઇએ અને તે કોણ છે એ બધું જાણી લેવું જોઈએ.

અને એજ પળે તેને વિચાર આવ્યો.... ભૃત્ય કહેતો હતો કે દેવકન્યા અદૃશ્ય થઇ જાય છે... હું જઉં ને અદૃશ્ય થઇ જાય તો શું કરવું?

યુવરાજ તરુણી તરફ જવાનો નિર્ણય કરે તે પહેલાં જ એક હરણ તેની પાસેથી છલાંગ

## શિવપદનું ઝરણું ⊙ ✶ ⊙ ★ શ્રી મફતલાલ સંઘવી

**ના**ના મોટા કોઈ પણ જીવની હિંસા, સકળ જીવસૃષ્ટિના જીવનમાં કારમો પ્રત્યાઘાત જન્માવે છે. પ્રત્યાઘાતનો તે આંચકો એટલો બધો સૂક્ષ્મ હોય છે કે તેની અસરનું મૂલ્ય બુધ્ધિના સામાન્ય કાંટા વડે થઇ શકતું નથી. પરંતુ તે પ્રત્યાઘાતનું ઝેર જીવનના સર્વતોમુખી વિકાસમાં પ્રતિપળે વિઘ્નકર્તા નીવડે છે.

કોઈ પણ જીવને રહેંસી નાખવાનો નિર્દય ભાવ જ્યારે માનવીના મનનો કબજો લઈ બેસે છે, ત્યારે તેના જીવનનું વહેણ એકાએક જડવત્ બની જાય છે. તેની વૃત્તિમાં ભારોભાર વિનાશક તત્ત્વો નાચવા માંડે છે અને તે પોતે આ રીતે વિશ્વના ગતિશીલ ચૈતન્યના માર્ગમાં અડીખમ દિવાલની માફક રુકાવટ પેદા કરે છે. તેમજ જે જીવની હિંસા કરવા તરફ તે પ્રેરાય છે, તે જીવના દેહ છોડતી વખતના અધ્યવસાય મોટે ભાગે બદલાઈ જાય છે. ઘણા જ નીચે ઉતરી જાય છે. જીવ ઉપર નિષ્ઠુરતા પૂર્વક થતો ઘા, મોટે ભાગે ભયાનક પ્રત્યાઘાત જ જન્માવે. આ રીતે એક જીવની પણ થતી હિંસા, અનેકના જીવનમાં હિંસ્ર પવન ફેલાવે.

જીવન્મુક્તિના પરમ વિકાસમય માર્ગે શ્રધ્ધાપૂર્વક આગળ વધી રહેલા નાના મોટા કોઈ જીવને મારી નાખવાનો માનવીને કોઈ હક્ક નથી. વિશ્વમાં રહેલી તે તે જીવસૃષ્ટિ વિષયક અનેક પ્રકારની લાક્ષણિક વિષમતાઓને પોતાના તથાપ્રકારના જીવનબળ વડે સમતા બક્ષતા જીવમાત્રનું જીવન સકલ જીવસૃષ્ટિને પોતાના વહાલામાં વહાલા આપ્તજન જેટલું જ પ્રિય હોવું જોઈએ. કારણકે દરેક જીવ પોતાની જીવન-પ્રતિભાના શુદ્ધ અંશો વાટે જગતમાં જીવનને ઉપકારી એવા અનેક ઉપયોગી તત્ત્વોનું પ્રગટીકરણ કરે જ છે. હિંસાનો જે પશુભાવ આજના માનવમાં અમર્યાદ બનતો જાય છે, તે સ્પષ્ટ સૂચવે છે કે, પશુની જે સુંદર સૃષ્ટિ છે તેનું પણ નિકંદન કાઢી નાખશે ? અને સાવ એકલો, અટુલો બની જઈને દુનિયામાં ભાર વધારશે ! હિંસાનું પાપકૃત્ય માનવીના ગજા બહારનું ગણાય. માનવીમાં ઝળહળતો ચૈતન્યપ્રકાશ કદી અંધકાર તરફ પક્ષપાત ન જ દર્શાવે, પરંતુ જ્યારથી માનવીના જીવનમાં જડભાવના અંશોનું મિશ્રણ વધ્યું છે, ત્યારથી તેની ચૈતન્ય-લક્ષી પ્રવૃત્તિમાં ઘણો મોટો ફેરફાર થઈ ગયો છે. નાના–નાના પ્રસંગોમાં પણ સદ્‌ભાવ અને સમતા ગૂમાવી દઈને, વિકૃત સ્વરૂપ ધારણ કરવાનો તેના જીવનમાં બળવત્તર બનતો જતો સંમોહ કહી જાય છે કે અન્યની હિંસાનો દુર્વિચાર સર્વ પ્રથમ તેના વિચારકને જ ડસે છે અને પછી બીજાના દ્વારે પહોંચે છે. દુર્વિચારનું ડસવું એ દ્રવ્યના સ્થૂલ અંશનું પ્રગટવું.

મુક્તિના પરમ આધ્યાત્મિક ધ્યેયને વરેલી ભારતીય પ્રજા, હિંસા અને અહિંસા વચ્ચેની સ્પષ્ટ અને અને તાત્ત્વિક ભેદરેખાને સારી રીતે સમજીને ઝીલી લેવાની સૂઝ ગૂમાવતી જાય છે, તે કેવળ ભારત માટે જ નહિ પરંતુ સૃષ્ટિના

---

મારનું પસાર થયું અને તેનો અવાજ સાંભળીને પુષ્પ ચુંટી રહેલી તરુણીએ આ તરફ નજર કરી. નજર કરતાં જ તરુણીએ કોઇ અજાણ્યા નવજવાનને જોયો. અને આંખના પલકારામાં તે અદૃશ્ય થઈ ગઈ.

યુવરાજ ચમક્યો !

આ સુંદર તરુણી અદૃશ્ય શામાટે થઇ ગઈ ? એને ભય લાગ્યો કે પછી.........

ના. ના. એ ગમે તે હોય મારે તેને શોધવી જ જોઈએ. એના અદૃશ્ય થવા પાછળ કયો હેતુ છે ? તે એકાકિ છે કે તેના કોઈ સ્વજનો અહીં રહે છે ? વગેરે જાણવું જ જોઈએ.

રતિને પણ લજ્જિત કરે એવી આ તરુણી કોણ હશે ?

યુવરાજે તપાસ કરવાનો નિર્ણય કર્યો અને તે પુષ્પકુંજ તરફ દોડયો. (ચાલુ)

સમગ્ર જીવોના હિતની ગણત્રીએ ખૂબજ ગંભીર બીના ગણાવી જોઈએ.

જે પોતાના જીવનને ખરેખર જાણી શકયો હોય, તેજ માનવી સાચી રીતે સમજી શકે કે જીવનની શી કિંમત છે.? સાચા, મૌલિક અને વિશ્વમય જીવનના સાત્વિક આરાધકોનો મોટો અભાવ પણ જગતમાં ઠેર ઠેર વધતી જતી હિંસાના કેટલાંક અગત્યના કારણોમાંનો એક છે.

સામાન્ય ગતિએ વહી જતી સરિતાના પ્રવાહને પણ જો સહેજેમાં આપણે મનગમતા માર્ગે ન વાળી શકતા હોઈએ, તો એક જીવના અદ્દભુત ચૈતન્યમય જીવન પ્રવાહને બળજબરીથી આપણને મનગમતી રીતે વાળવાનાં શા બૂરા પરિણામો આવે તેનો પણ વિચાર કરવો જોઈએ.

એક કીડીનો જ દાખલો લઈએ. ઘરના ઓરડામાં એક કીડી ફરી રહી છે. તેની એક બાજુએ ધગધગતો અંગારો છે, બીજી બાજુએ ગોળનો ટૂકડો છે. તેનું મન લગભગ દેહમિશ્ર હોવા છતાં અંગારાની દિશામાં એક દોરાવા પણ નહિ ખસવાનો વિવેક તે બતાવશે જ. જયારે ગોળની દિશામાં તે ઝડપભેર ચાલી જશે. આનું કારણ એજ છે, કે– તેનામાં રહેલો આત્મા વિકાસોન્મુખ જીવનની દિશામાં જ ડગ ભરવાને માટે તેને પ્રેરતો હોય છે. અને પતનની દિશામાં જવાની સ્પષ્ટ ના ભણતો હોય છે.

દેહધારી માત્રની આ સ્થિતિ હોય છે. પરંતુ જ્યારે આત્મભાવ આડે દેહભાવજન્ય જડતાનું કાળું વાદળું આવી જાય છે અને એક મોટું અઘટિત, હિંસક કૃત્ય તેના હાથે પણ થઈ જાય છે.

ધર્મના પાયા વિહોણા જીવનનો વધતો જતો મોહ, જગતમાં વધતી જતી હિંસાના મૂળમાં રહેલો છે.


નિર્દોષ જીવોના હરિયાળા જીવન બાગને ઉજાડીને પોતાના જીવન બાગને પત્રપુષ્પ મહોરન્તો કરવાના મનોરથ કોઈના ય ફળ્યા છે ખરા કે?

જીવનની લૂંટના વધતા જતા અક્ષમ્ય પાપના અસહ્ય ભારણ તળે કચરાતા માનવજીવનને સવેળા ઉગારી લેવા માટે, 'આત્મવત્સર્વ ભૂતેષુ' ના પાયા ઉપરના અહિંસક જીવનને માનવ માત્રે આચારમાં વણવું જોઇએ. અહિંસાના ઉચ્ચતમ ધ્યેયને અવગણીને, સુખ–શાંતિ મેળવવાના થતા સર્વ પ્રયત્નો કોઇ કાળે સફળ નહિ જ થાય.

વિજ્ઞાન અને ટેકનોલોજીની નોંધપાત્ર પ્રગતિ છતાં. માનવીના જીવનના ઉર્ધ્વીકરણમાં તે કશો ફાળો નોંધાવી નથી શકી, તે સ્પષ્ટ સૂચવે છે કે– જીવનના મૌલિક વિકાસનો આધાર, બાહ્ય સાધનોની વિપુલતા ઉપર નહિ પરંતુ આંતરિક પ્રકાશના સમષ્ટિકરણમાં રહેલો છે અને આંતરિક પ્રકાશના સમષ્ટિકરણનો પાયો અહિંસા જ છે.

વાણી, વિચાર અને વર્તનમાંથી જેમ જેમ હિંસાની માત્રા ઘટતી જાય, તેમ તેમ જીવનમાં સ્નેહનું બળ વધતું જાય. તે બળની પવિત્ર અસરથી વાતાવરણમાંના અનેક અનિષ્ટ તત્ત્વો નાબુદ થાય છે અને જીવનમાં અદ્દભુત સુસંવાદિતા પ્રગટે છે. સુસંવાદિતા ત્યારે જ પોતાનું કેન્દ્ર ગૂમાવી દે છે, જયારે તેના ઉપર મનના શિખર ઉપરથી હિંસાની ધારાનો મોટો પત્થર ગબડાવવામાં આવે છે. સુસંવાદિતા જાય, એટલે જીવનમાંથી જીવન જાય. આત્માનો પ્રભાવ અંધકારમાં અટવાઇ જાય. માત્ર શ્વાસોચ્છ્વાસ વડે શરીર ટકાવવા સિવાય, સુસંવાદિતા વિહોણા શરીરમાં બીજી કોઈ આરાધના થઈ શકતી નથી.

હિંસ ભાવની ઝેરી વરાળ વડે જીવનના બાગમાં કદી નહિ પ્રગટે સત્ય, સ્નેહ અને સૌન્દર્યનાં પુષ્પો. સુખના અત્યંત પરિમિત ખ્યાલમાંથી જન્મેલા હિંસાના ગાઢ તિમિર પટમાં મૂંઝાતા આત્માને વિશ્વબાગનાં તેજવર્ણાં કુસુમોની સુગંધ ગમે છે; નહિ કે લોહીના ડાઘવાળા વિચારો. ( જુઓ પાન ૭૨૫ )



# જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા

શ્રી કિરણ

## નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન

**પ્રિય કમલ,**

શ્રી નમસ્કાર મહામંત્રમાં કેટલી શકિતઓ કેટલું માધુર્ય, કેટલો આનંદ ભર્યો છે, તે માત્ર સાધનાના અનુભવથી જણાશે !

શ્રી નવકારમાં ભરેલા સાત્વિક મહાઆનંદનો રસ ભાવની નિર્મળતા વિના પ્રગટતો નથી આવી ભાવની નિર્મળતા શ્રી પંચ પરમેષ્ઠિમાં એકાગ્ર થવાથી આવશે, શ્રી પંચ પરમેષ્ઠિ લોકોત્તર મહાપુરુષો છે.

શ્રી નવકારમંત્રના ઉચ્ચારણથી, શ્રી નવકારમંત્રના સ્મરણમાત્રથી આ ભાવનિર્મળતા હૃદયમાં જાગૃત થશે. કારણકે શ્રી નવકાર મહામંત્રનો જાપ શ્રી પંચ પરમેષ્ઠિ સાથેના પરિચયને ગાઢ બનાવે છે.

### પંચ પરમેષ્ઠિનો ગાઢ પરિચય

જો આપણે કોઈ વ્યક્તિનો પરિચય કરવો હોય તો તેના બાહ્ય આકાર, વસ્ત્ર, અલંકાર કે ચિત્રથી સાચી રીતે થતો નથી. ગાઢ પરિચય માટે તે વ્યકિતના વારંવારના સંબંધમાં આવવું પડશે, તેની વિચારધારા અને ભાવધારાને સમભાવે સમજવી પડશે. તેની સાથે સંપૂર્ણ સહાનુભૂતિ-પ્રેમ-ઐકય કરવું પડશે તેનાં સુખ-દુઃખને સમજવા પડશે, તે વ્યકિતની ભાવનાઓ, તેના જ્ઞાન, વિજ્ઞાન, આંતર પ્રકૃતિનો પરિચય પામવો પડશે.

સામાન્ય વ્યકિતનો ગાઢ પરિચય પ્રાપ્ત કરવો જો મુશ્કેલ છે, તો અસામાન્ય એવા વ્યકિતવિશેષના પરિચય માટે તો શું કહેવું !

કમલ, શ્રી પંચ પરમેષ્ઠિનો પરિચય -સંપૂર્ણ પરિચય કરવા માટે સર્વ સમર્પણ Total surrender અનિવાર્ય છે.

શબ્દની ચર્ચા માત્રથી, અર્થના બુદ્ધિપૂર્વકના વિશ્લેષણ માત્રથી, તર્કગમ્ય શાસ્ત્રયુકિત માત્રથી શ્રી નમસ્કાર મંત્ર સંબંધી વિગતોનું જ્ઞાન અવશ્ય પ્રાપ્ત થશે. જ્યારે સાધના માર્ગના આ સર્વશ્રેષ્ઠ પાંચ માનસ્થંભો શ્રી પંચ પરમેષ્ઠિનો વાસ્તવિક પરિચય માત્ર આરાધનાદ્વારા પ્રાપ્ત થશે.

### આહારનો પ્રત્યેક કોળીયો

જ્યારે આપણે ભોજન કરીએ છીએ ત્યારે આપણું ધ્યાન તો ભોજનના સ્વાદમાં છે, પરંતુ આહારના પ્રત્યેક કોળીયાથી સ્વાદની સાથે સાથે જ આપણા શરીરને પોષણ મળે છે, આપણી ઇંદ્રિયોની શકિત વધે છે, અને ક્ષુધાનું નિવારણ થાય છે.

જ્યારે આપણે જાપ કરીએ છીએ, ત્યારે આપણું મન શ્રી નમસ્કાર મંત્રમાં એકાગ્ર રહે છે, પરંતુ પ્રત્યેક જાપથી વિષય કષાયની મંદતા, સંસાર પ્રત્યે વૈરાગ્ય, કર્મમળોનો ક્ષય તથા આત્મિક ગુણોની પ્રાપ્તિ સ્વાભાવિકપણે થતી રહે છે.

આહારના પ્રત્યેક કોળીયામાં ભૂખનું નિવારણ કરવાની શકિત તથા દેહપોષણ છુપાયેલા

છે, એક એક કોળીયામાં તે આપણને સ્પષ્ટરૂપે કદાચ ન દેખાતા હોય તેથી શું !

જેમ અનેક કોળીયાના પરિણામ સ્વરૂપે ભૂખની નિવૃત્તિ અને શરીરનું પોષણ થાય છે, તેમ શ્રી નમસ્કાર મંત્રના એક એકવારના જાપથી આપણું અજ્ઞાન, કષાય અને પ્રમાદ દૂર થાય છે. શરૂઆતના સાધકને કદાચ આ વાત સ્પષ્ટ થશે નહિ.

કેટલીક વ્યકિતઓ નિત્ય જાપ કરે છે–વર્ષોથી કરે છે. તેમની એવી ફરિયાદ છે કે આ જાપથી તેમને પોતાને કંઈ અનુભવ થતો નથી. તેના અનેક કારણો હોઇ શકે. નિત્ય શ્રી નવકારમંત્ર ગણવા છતાં પણ બાકીનો બધો સમય વિષય કષાયમાં ડુબ્યા રહેવાથી જાપની શકિત અનુભવમાં નહિ આવે !

## શ્રી નમસ્કાર મંત્રની વિદ્યુત્ અસર

વારંવાર શ્રી નમસ્કાર મંત્રના જાપથી મન અને બુદ્ધિ ઉપરના પડળ દૂર થતાં, શાસ્ત્રની ભાષામાં કર્મમળોનો ક્ષય થતાં, આત્મપ્રકાશ અવશ્ય પ્રાપ્ત થાય છે. પણ આ પ્રકાશ Light of Knowledge ની ઝળક એકવાર અનુભવી છે તે શ્રી નમસ્કાર મહામંત્રના જબ્બર બળને જાણે છે, તેની વિદ્યુત્ અસર Electro-magnetic Effects ને સમજે છે.

શ્રદ્ધા, ભકિત અને એકાગ્રતાથી વિચારપૂર્વક, સમજણપૂર્વક, ભાવપૂર્વક જે સાધક શ્રી નમસ્કાર મંત્રનો જાપ કરે છે, એકાંતિક ભાવથી સર્વ સમર્પણ વૃત્તિથી જે પંચપરમેષ્ઠિને શરણે જાય છે, મન વચન કાયાની પ્રત્યેક ક્રિયામાં તેમનું સ્મરણ ચિંતન કરે છે, તે સાધકના બુદ્ધિ, મન, વાણી તથા દેહ વધુ ને વધુ પવિત્ર બને છે.

## આધ્યાત્મિક સમૃદ્ધિનું શબ્દમય પ્રતિક

જાપમાં જેમજેમ એકાગ્રતા વધતી જશે તેમ જાપની આગળની ભૂમિકાઓ પ્રાપ્ત થશે. પછી પંચ પરમેષ્ઠીના આંતર જીવન સાથે સાધકનું તાદાત્મ્ય થશે જ્યારે પંચપરમેષ્ઠીનું સાચું સ્વરૂપ સાધકના હૃદયમાં પ્રકાશિત થઇ ઉઠે છે, ત્યારે સંપૂર્ણ પરિચય પ્રાપ્ત થયો ગણાય.

શ્રી નવકારનો પરિચય તે શ્રી પંચપરમેષ્ઠિનો પરિચય છે. શ્રી નવકારની સાધના તે મોક્ષ-માર્ગની સાધના છે.

શું નવકાર ચિંતામણિ રત્ન છે? શું નવકાર કલ્પવૃક્ષ છે? ના! ના! બિચારા ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષ શ્રી નવકાર પાસે ઝાંખા પડે છે. ચિંતામણિ રત્ન કે કલ્પવૃક્ષ વડે એક જન્મનું સુખ પ્રાપ્ત થાય. શ્રી નવકાર વડે ભવાંતરનું સુખ પ્રાપ્ત થાય. શ્રી નવકાર પરમ સુખ Infinite Bliss આપે છે.

ચિંતામણિ રત્ન કે કલ્પવૃક્ષ પાપકર્મોનો નાશ ન કરી શકે. એવું એકે ય પાપ નથી જે શ્રી નવકાર વડે નાશ ન પામે !

સમ્યક્ શ્રદ્ધાપૂર્વક જાપ કરનાર સાધકને વિશેષ એકાગ્રતા પ્રાપ્ત થતા પ્રત્યેક માત્રા ચેતનવંતી જણાશે. ત્યારે સમજાશે કે શ્રી નવકારના એક એક પદમાં ઘણાં ગંભીર રહસ્યો રહ્યા છે, અનેક વિદ્યાઓ, જ્ઞાન–વિજ્ઞાનના અનેક આશ્ચર્ય-જનક બીજો શ્રી નવકારના પ્રત્યેક અક્ષરમાં રહ્યા છે.

કમલ, આજે આપણી સમજણમાં On our level of Understanding શ્રી નવકાર ભલે અક્ષરોનો સમૂહ છે, બાકી સાચી રીતે શ્રી નવકાર તો પ્રકાશ–અપાર્થિવ પ્રકાશનો પૂંજ છે.

શ્રી નવકારના આરાધકને જ્યારે આ પ્રકાશ-પૂંજની ઝાંખી થાય છે, ત્યારથી તેની સાધનાના ક્રમમાં એક વિશિષ્ટ ફેરફાર Dimensional change આવે છે. ત્યારે તેને સમજાય કે કે કોઈ આશ્ચર્યજનક રીતે મારૂં સ્વત્વ શ્રી નવકાર સાથે સંકળાયેલું છે. અને શ્રી નવકાર વિશ્વમાં જે પરમ સારભૂત છે તેની સાથે સંકળાયેલો છે.

જગતમાં જે કંઈ પ્રશસ્ત છે, તે સર્વ નવ-

કારમાં આવી જાય છે. મહાસમર્થ એવું જિન શાસન શ્રી જિનેશ્વર ભગવંતોનું છે. આ નમસ્કાર મહામંત્ર શ્રી અરિહંતદેવોએ કહ્યો છે, અને સર્વ અરિહંતો શ્રી નવકારના અંશ રૂપ છે.

સિદ્ધ પરમાત્માઓ આ પંચ નમસ્કારના શરણુ વડે સિદ્ધિપદને પામે છે.

पत्ता पाविस्संति
पावंति य परमपयपुरं जे ते।
पंचनमुक्कारमहारहस्स
सामत्थ-जोगेण ॥

પરમ પદ-પુરને જેઓ પામ્યા છેં, પામશે અને પામે છે તે સર્વ પંચ નમસ્કાર રૂપી મહારથના સામર્થ્ય યોગે જ છે.

શ્રી નવકારની સહાયવડે આત્મા સિદ્ધ બને છે અને સર્વ સિદ્ધો નવકારના અંશરૂપ છે.

આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ શ્રી નવકાર મંત્રની જિનપ્રણિત સાધના સાધી રહ્યા છે, માટે પંચ પરમેષ્ઠિમાં સ્થાન પામ્યા છે, આ સર્વે પણુ શ્રી નવકારના અંશરૂપ છે.

પાપકર્મોના સંપૂર્ણ નાશની પ્રક્રિયા શ્રી નવકારની અંતર્ગત છે. સ્વર્ગના શ્રેષ્ઠ સુખોની પ્રાપ્તિનો માર્ગ શ્રી નવકારની અંતર્ગત છે. પ્રશસ્ત સર્વકર્મ શ્રી નવકારની અંતર્ગત છે. સર્વ શ્રેષ્ઠ ધર્મ શ્રી નવકારની અંતર્ગત છે.

સાધનામાં આગળ વધ્યા પછી શ્રી નવકારની વિશાળતા Breathની, ઉંચાઇ, Heightની ઉંડાણુ Depthની સમજણુ પ્રગટે છે.

શરૂઆતમાં સાધક શ્રી નવકાર સાથે તાદાત્મ્ય અનુભવતો નથી. નમસ્કારમાં ઓતપ્રોત થઇ શકતો નથી. He is completely unaware of his Relation with.

અહિં શ્રી નવકાર માત્ર તેને અક્ષરોનો સમૂહ લાગે છે અને નમસ્કાર એક સ્થૂલ ક્રિયા રૂપ સમજાય છે.

જ્યારે તાદાત્મ્ય પ્રગટે છે, ત્યારે સાધક આ મહામંત્રનાં આંતરને સ્પર્શે છે. અને શ્રી નવકારનાં રહસ્યને પામે છે. ત્યારપછી જ શ્રી નવકારમાં રહેલી સર્વ અદ્ભુત શકયતાઓ Potentialities આવિર્ભાવ પામે છે.

The magic effects of શ્રી નવકાર really start after the awariness of this RELATION.

અને આ સંબંધ Relation ની જેમ જેમ વિશેષ સૂક્ષ્મતાઓ સ્પર્શતી જાય તેમતેમ ધ્યાનનો અગ્નિ અવશ્ય કર્મમળોને ભસ્મ કરે જ.

આ કંઈ ઉપમા કે અલંકાર Poetry નથી હકિકત Fact છે.

કમલ, શ્રી નમસ્કાર મહામંત્ર પંચ પરમેષ્ઠિની આધ્યાત્મક સમૃદ્ધિનો સાક્ષાત્કાર કરાવનારું શ્રેષ્ઠ સાધન છે.

અનુભવી સાધક જાણે છે કે-શ્રી નમસ્કાર મહામંત્ર શ્રી પંચ પરમેષ્ઠિની આધ્યાત્મિક સમૃદ્ધિનું શબ્દમય પ્રતિક છે. Symbol of spritual splendour

સ્નેહાધીન
કિરણુ


સિદ્ધિ સિદ્ધિ માટે....
મહાચમત્કારીક યંત્ર
શ્રી ઘંટાકર્ણ મહાવીર
સર્વસિદ્ધિ મહાયંત્ર
કિંમત રૂ. ૫/- ત્રિરંગી ચિત્ર 11"×14" પાસ્ટેજ ૭૫ ન. પૈ.
દરરોજ નિયમિત પ્રાતઃકાળે ધૂપ દીપ આપી એના ચમત્કાર જાતેજ અનુભવો
જેમાં વિશાયંત્ર-નવગ્રહ-માણીભદ્રજી-બટુક ભૈરવ સોળ વિદ્યા દેવીઓ-પદ્માંગુલી દેવી વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.
પ્રાપ્તિ માટે
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
બુક સેલર્સ અને પબ્લીશર્સ

# અર્વાચીન વિજ્ઞાન. માનવભવ અને શ્રી જિનેશ્વરદેવનું શાસન

## MODERN SCIENCE, HUMAN LIFE & COSMIC ORDER

શ્રી કિરણ

### અંગત નોંધ

[ તત્ત્વજ્ઞાન એટલે જીવન અને વિશ્વને સમજવાનું વિજ્ઞાન Science of Totality

તત્ત્વજ્ઞાન એટલે શ્રેષ્ઠ જીવન પ્રગટાવવાની અને અન્યને પ્રગટાવવામાં સહાયક થવાની કલા Art of Totality

તેથી તત્ત્વજ્ઞાનની ચર્ચા જીવન સુધારણા માટે, જીવન સુધારણાના હેતુથી હોય છે.

આ કાર્ય માટે કેટલાક મુદ્દાઓની સૂક્ષ્મ છણાવટમાં જવાની જરૂર પડે છે.

જુદી જુદી ભૂમિકાના પાત્રો સાથે જ્યારે આવી ચર્ચા થાય છે ત્યારે મહત્ત્વ ભાષાનું નથી, ભાષા પાછળના ભાવનું છે.

કેટલાક મિત્રો સાથે થયેલી વાતચિત Discussionsની રૂપરેખા Outlines છે.

તેના શબ્દોને ન વળગતા શબ્દો પાછળના ભાવમાં જવા માટે વાંચનાર પ્રયત્ન કરે, તેમાંના એકાદ ટૂકડા Part ને ન વળગી રહેતા સમગ્ર Whole ને સમજવાનો પ્રયત્ન કરે, વિચારોની સપાટી Surface ઉપર જ ન રહેતા તત્ત્વના ઉંડાણ Depch માં જવાનો પ્રયત્ન કરે, શાબ્દિક દલિલો Expression ને ન વળગતા અર્થના રહસ્ય Significence ને ઉઘાડવાનો પ્રયત્ન કરે. તે માટે વાંચકને નમ્ર વિનંતિ છે.

અંગત ઉપયોગ માટેની આ નોંધ એકાદ પાત્રને શ્રી જિનેશ્વરદેવના શાસનમાં દૃઢ ભક્તિભાવ જગાડનાર બને તો સાર્થક થશે, એ હેતુથી અહિં રજુ કરી છે.]

★

### સિદ્ધાંત નહિ માત્ર સંશોધન

પ્રશ્નઃ- ખગોળ ભૂગોળ સંબંધી વર્તમાન વૈજ્ઞાનિક શોધો સાથે શાસ્ત્રોના અભિપ્રાય કેમ મળતા નથી?

ઉત્તરઃ- આ સંબંધી જો સાચી જિજ્ઞાસાથી જાણવું હોય તો તમારે વિશેષ ઉંડા More deep in understanding જવું પડશે.

ખગોળ—ભૂગોળ સંબંધી વૈજ્ઞાનિક શોધો શું છે?

આ શોધો ક્યાં સુધી આવી છે? Evonution of Astronomical Conceptions?

આવી શોધો કઇ રીતે થાય છે. Methods of Research?

અર્વાચીન વિજ્ઞાનમાં જે નિર્ણયો બાંધવામાં આવે છે તેના આધાર શું છે?

આવા નિર્ણયોમાં વારંવાર ફેરફાર શાથી કરવામાં આવે છે?

શાસ્ત્રોએ ભૂગોળ અને ખગોળ માટે શું શું કહ્યું છે?

શાસ્ત્ર સિદ્ધાંત સાથે અર્વાચીન વિજ્ઞાનોનું ક્યાં ક્યાં મળતાપણું છે? ક્યાં વિરોધ છે?

વિરોધ કેવા પ્રકારનો છે?

આપણે આ સંબંધથી વિશેષ સૂક્ષ્મતામાં જવું પડશે.

પ્ર૦ ખગોળ, ભૂગોળ સંબંધી વર્તમાન વૈજ્ઞાનક શોધોને પ્રત્યક્ષ પ્રમાણ તરીકે લેખી શકાય?

ઉ૦ વર્તમાન વૈજ્ઞાનિક શોધો વૈજ્ઞાનિકોના કથન પ્રમાણે પણ સંપૂર્ણ Complete in itself થઈ નથી.

ખગોળ, ભૂગોળ સંબંધી આજના વિજ્ઞાનની જે શોધો છે, તે માત્ર "સંશોધન" છે "સિદ્ધાંત" નથી.

સંશોધનોનો આધાર નિરીક્ષણો Observation અને પ્રયોગ Experiments ઉપર છે. Research depends on observations and experiments.

વર્તમાન વૈજ્ઞાનિકોના ભૂગોળ-ખગોળના કેટલાક સંશોધનો એક-બીજાથી જુદા પડે છે.

વૈજ્ઞાનિકોમાં પણ ઘણીય બાબતોમાં પોત-પોતાના અભિપ્રાયોનો વિરોધ છે.

"પૃથ્વી Planet of Earth સૂર્યથી જૂદો પડેલો ટૂકડો છે." વિજ્ઞાનની એક સમયની આ દઢ માન્યતાનો આજે વૈજ્ઞાનિકોમાં વિરોધ થઈ રહ્યો છે.

Origin of Earth પૃથ્વીની ઉત્પત્તિ સંબંધી કોઇ ચોક્કસ સિદ્ધાંત ઉપર હજી વિજ્ઞાન આવ્યું નથી.

એક સમયે સર જેમ્સ જીન્સ Sir James Geans જેવા સુપ્રસિદ્ધ ખગોળવેત્તાઓ કહેતા કે 'Very rare chances of the existence of life elswhere in the universe.

"જીવન Life નું અસ્તિત્વ જેમ આપણી પૃથ્વી પર છે તેમ અન્ય સ્થાને હોવાનો સંભવ ઘણોજ ઓછો છે."

અર્વાચીન વિજ્ઞાનની નવી ગણત્રિઓથી આ માન્યતા ખોટી ઠરી છે. આજે એવું મનાય છે કે ઓછામાં ઓછી દશ લાખ પૃથ્વીઓ એવી હશે કે જેના પર જીવનનું અસ્તિત્વ Life સંભવિત છે.

આવા કેટલાક દાખલાઓ ટાંકી શકાય. જે દ્વારા સ્પષ્ટ થશે કે વર્તમાન વિજ્ઞાનની પાસે "માન્યતાઓ" છે.

આવી માન્યતાઓ ચોક્કસ સંયોગોમાં, ચોકકસ પ્રકારના નિરીક્ષણો દ્વારા રચાઇ હોય છે. ચોકકસ સંયોગો બદલાતા કે અન્ય પ્રકારના નિરીક્ષણો પ્રાપ્ત થતા આ "માન્યતાઓ" માં ફેરફાર થાય છે.

પ્ર.– તો શું વિજ્ઞાન પાસે "સિધ્ધાંત" નથી? માત્ર "સંશોધન" છે?

ઉ.– હા! કોઈ પણ સારા વૈજ્ઞાનિકને પૂછી જુઓ. વિજ્ઞાન પાસે સિધ્ધાંત હોઇ શકે નહિ, કારણ કે નવા નવા સંશોધનો અનુસાર વિજ્ઞાનમાં માન્યતા બદલાતી રહે છે.

આ માન્યતા પણ વૈજ્ઞાનિક પોતે "નિરીક્ષણ" ને કઇ રીતે ઘટાવે છે How the scientist interprets the observations તે ઉપર આધાર રાખે છે.

વર્તમાન વિજ્ઞાનની ભૂગોળ, ખગોળ સબંધી માન્યતાઓમાં પ્રયોગો Experiments ને ઓછો અવકાશ છે.

જે કંઇ નિરીક્ષણો Odservations થાય છે તે પણ અધુરા સાધનો દ્વારા થાય છે.

આ નિરીક્ષણો પણ નજીકના પદાર્થોના નથી પણ ઘણે દૂરના પદાર્થોના Objects at great distance in Space અથવા ઘણા વર્ષો પહેલાના પદાર્થોObjects at great distance in time ના હોય છે.

કયારેક તો જડવાદના દૃષ્ટિબિંદુ Angle of Materialism ને પુષ્ટિ આપવાના હેતુથી જ નિરીક્ષણોને ઘટાડવામાં આવે છે.

કેટલાંક નિરીક્ષણો પણ કયારેક એકબીજાથી વિરૂદ્ધ Contradictory હોય છે અને વૈજ્ઞાનિકોમાં પણ કેટલીક માન્યતાઓ એકબીજાથી વિરૂદ્ધ Cantradictory હોય છે.

આ પ્રમાણે હોવાથી વર્તમાન વૈજ્ઞાનિક શોધોને કઇ રીતે "પ્રત્યક્ષ પ્રમાણ" લેખી શકાય!

વૈજ્ઞાનિક શોધો "માન્યતા" છે, "પ્રમાણ" નથી; એક "દૃષ્ટિબિંદુ" છે, "સંપૂર્ણ સત્ય" નથી. અને તેમાંય વિજ્ઞાનનું દષ્ટિબિંદુ સ્થિર નથી, અસ્થિર એટલે નિરીક્ષણો અનુસાર Temporaly viewpoint છે.

# સાધના માર્ગની કેડી......

શ્રી પથિક

## ચિંતન

**( ત્રણ વખત વાંચવા વિનંતિ છે )**

### શા માટે જિનવચન સત્ય ?

રાગદ્વેષાદિ અંતરંગ શત્રુઓને જે જીતે તેજ "જિન" છે.

આ "જિન" શબ્દ નામ કે કલ્પના માત્ર નથી, પણ તપાવે તે તપન, દાહ કરે તે દહન, વગેરે શબ્દોની જેમ યથાર્થ છે. અર્થાત્ જેમને રાગાદિ શત્રુઓ જીત્યા છે તે જિન કહેવાય છે. તેઓ સ્વયં શુદ્ધ છે, તેથી તેઓનાં વચન સત્ય જ હોય છે.

### સમ્યગ્‌બુદ્ધિ

સમ્યગ્ બુદ્ધિ તે છે જે સદ્ વસ્તુ પ્રત્યે લઈ જાય, સદ્‌વસ્તુને સિદ્ધ કરનારી યુક્તિ પ્રત્યે લઇ જાય.

સદ્‌વસ્તુનો પ્રભાવ વર્ણવનાર ચરિત્ર, કથાનક કે દૃષ્ટાંત પ્રત્યે પણ સદ્‌ભાવ પ્રગટાવે. સદ્‌વસ્તુની યથાર્થ પ્રરૂપણા કરનાર પ્રત્યે પણ બહુમાન જગાડે.

સમ્યગ્‌બુદ્ધિ સદ્‌વસ્તુને ઓળખવા માટેની સર્વ બાજુઓનું એક સરખું મૂલ્યાંકન કરી શકે.

### સાધનાનું બળ

અધ્યાત્મનું કપરૂં ચઢાણ માત્ર વિચારોથી ચઢી શકાય. નિષ્કામ સાધનાનું સાત્વિક બળ તેમાં ભળવું જોઇએ.

### શિષ્ટાચાર પ્રશંસા

ગુણવાનોની વિનય અને બહુમાનપૂર્વક

---

અને ભૂગોળ તથા ખગોળ સંબંધી માન્યતાઓ કેટલી અસ્થિર છે તે માટેના એક વૈજ્ઞાનિકના શબ્દો આ રહ્યા.

"It will iudeed be interesting to see how of the many things which astronomers have learned during this last century will have to be unlearned in the next.

R. L. Waterfield.

( A hundred years of Astronomy )

અર્વાચીન ખગોળશાસ્ત્રીઓએ આ સદિમાં જેટલી માન્યતાઓ રચી છે, તેમાંથી ન જાણે કેટલી માન્યતાઓમાં ધરમૂલ ફેરફાર આવતી સદિમાં કરવો પડશે.

શ્રી આર. એલ. વોટરફિલ્ડે

"ખગોળ વિજ્ઞાનના સો વર્ષ" ગ્રંથમાં આ બદલાતી માન્યતાઓનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.

ખગોળ વિજ્ઞાનના સંશોધકો કહે છે કે અમે જેમ જેમ નવું શોધીએ છીએ તેમ તેમ જાણે અમારૂં અજ્ઞાન વધતું જતું હોય તેમ લાગે છે.

સુપ્રસિધ્ધ ખગોળવેત્તા ડો. હારલો શેપલે Dr. Harlow Shapley ના શબ્દો આ રહ્યા.

"Althongh in the last twenty years our knowledge of the sidereal world has more than doubled, the list of things we went to know has trebled or quadrupled leaving us relatively more ignotant than before.

છેલ્લા વીસ વર્ષમાં ખગોળ સંબંધી આપણું જ્ઞાન કદાચ બમણું થયું છે, પરંતુ આપણા પ્રશ્નો Problems ત્રણ ગણા કે ચાર ગણા બન્યા છે. અને આ રીતે અપેક્ષાએ આપણું અજ્ઞાન પહેલા કરતા વધ્યું છે."

સેવા કરવાથી જ આત્મહિતકર શિક્ષા પ્રાપ્ત થાય છે.

ઉપકાર કરવાનો તેમનો સ્વભાવ હોવાથી તેઓ હિતશિક્ષા આપે તો પણ જો આપણું હૃદય ભક્તિવાળું નહિ હોય તો તે હિત કરનારી નહિ થાય.

શિષ્ટ પુરુષોના વર્તનની પ્રશંસા કરવી જોઈએ.

શિષ્ટ તે કહેવાય છે કે જેમણે વ્રતધારી, જ્ઞાનવૃધ્ધ એવા ગુણવાનોની સેવા દ્વારા તેઓની પાસેથી શુદ્ધ હિતશિક્ષા મેળવી હોય.

શિષ્ટ પુરુષોનું આચરણ એટલે શિષ્ટાચાર નીચે મુજબ કહ્યો છે.

લોકાપવાદનો ભય.

દીન–દુઃખીનો ઉદ્ધાર કરવાનો આદર.

ઉપકારીના ઉપકારને નહિ ભૂલવારૂપ કૃતજ્ઞતા.

પોતાના સ્વાર્થનો ત્યાગ કરીને પણ અન્યની યોગ્ય પ્રાર્થનાનો ભંગ ન કરવા રૂપ સુદાક્ષિણ્ય. ગુણી કે અવગુણી કોઈની પણ ખરાબ વાત હૃદયના અસદ્‌ભાવ પૂર્વક અન્યની આગળ ન કરવી એટલે નિંદા ન કરવી.

ગુણવાનોના ગુણની—જે સંભળાવવાથી અહિત ન થાય તે રીતે પ્રશંસા કરવી.

આપત્તિમાં દીનતા ધારણ નહિ કરતા, ધીર બીર બનવું.

સંપત્તિના-સુખના સમયમાં ગર્વિષ્ઠ ન બનવું.

નમ્ર રહેવું.

થોડું અને અવસરોચિત હિતકર બોલવું.

અવિસંવાદ એટલે પરસ્પર વિરોધી બને તેવા વિચાર, ઉચ્ચાર કે આચારનો ત્યાગ કરવો એટલે બોલવા પ્રમાણે યથાશક્ય આચરવું.

વિઘ્નોમાં પસાર થઈને પણ અંગીકાર કરેલાં શુભ કાર્યને પૂર્ણ કરવું.

કુલાચારનું પાલન કરવું.

આવકથી અધિક કે અયોગ્ય કાર્યોમાં લક્ષ્મીનો વ્યય નહિ કરવો.

જે કાર્ય જે સ્થાને કરવા યોગ્ય હોય તે ત્યાં કરવું.

સારાં કાર્યો કરવા માટે હંમેશા આદર-આગ્રહ રાખવો.

અતિનિદ્રા, વિકથા, વિષય, કષાય કે વ્યસની-પણા રૂપ પ્રમાદનો પરિહાર કરવો.

લોકવિરૂદ્ધ ન કરવું.

ઔચિત્યધર્મને કોઈ વિષયમાં ચૂકવો નહિ.

પ્રાણાન્તે પણ અયોગ્ય એટલે નિંદનીય કાર્ય કરવું નહિ.

વગેરે શિષ્ટના આચારો છે.

આવા શિષ્ટાચારની પ્રશંસા કરવી. કારણ કે શિષ્ટપુરૂષોના ઉપર્યુક્ત આચારોની પ્રશંસા ધર્મના બીજરૂપ હોવાથી પરલોકમાં પણ ધર્મફળ આપે છે.

★

# છૂટાં–ફુલ

## લિપિનું રહસ્ય

દેવનાગરી લિપિને ભલે આંતરરાષ્ટ્રિય સ્થાન ન મળે પરંતુ વિજ્ઞાનની કસોટી ઉપર તેણે ચઢિયાતાપણું પ્રાપ્ત કર્યું છે.

એક જર્મન સંશોધકે अ, इ, उ અને ए અક્ષરોના અંદરથી પોલા માટીના પ્રતિરૂપ બનાવ્યા. આ પ્રતિરૂપોમાં ફુંકવાથી તે તે અક્ષરોના ધ્વનિ નીકળવા લાગ્યા.

બીજી કોઈ લિપિના અક્ષરો આ કસોટી ઉપર ખરા ન ઉતર્યાં.

આપણી પ્રાચીન લિપિઓનું શું મહત્ત્વ છે ?

અક્ષરોના ચોકકસ આકારો કયા કારણે છે ?

અક્ષરોની ધ્વનિ અસર Sound Effects તથા રૂપ અસર Color Effects કેવા પ્રકારની છે?

અક્ષરોના જોડાણ વડે કઈ વિભિન્ન અસરો Compound Effects જાગે છે?

લિપિના વૈજ્ઞાનિક સંશોધન પાછળ જનાર અભ્યાસી સામે આશ્ચર્યકારક રહસ્યો ઉઘડશે.

## અણુશકિતનો શ્રાપ

અમેરિકન અણુશકિત પંચના ડૉ. ચાર્લ્સ ડનડામે જણાવ્યું છે કે "અત્યાર સુધીમાં થયેલા અણુપ્રયોગમાંથી ઉડેલી કિરણોત્સર્ગી રજના પરિણામે સીત્તેર વર્ષ દરમિયાન દર વરસે ૫૦ થી ૧૦૦ હાડકાના કેન્સરના કેસો થશે. વધુમાં દર વરસે લોહીના કેન્સરના વધુ ૨૦૦ કેસો થવાનો સંભવ છે."

અણુશકિતની સૂક્ષ્મ શારીરિક, માનસિક તથા વંશપરંપરાગત હાનિકારક અસરોનો ખ્યાલ હવે અર્વાચીન વૈજ્ઞાનિકોને આવતો જાય છે.

## જે પોતે તરીને બીજાને તારે

જે પાણીમાં ડૂબતો હોય તેની પ્રત્યે સહાનુભૂતિનો અર્થ તેની સાથે ડૂબવાનો નથી પણ પોતે તરીને તેને બચાવવાનો પ્રયત્ન કરવાનો છે,

જે અધર્મમાં ડૂબતો હોય તેની પ્રત્યે સહાનુભૂતિનો અર્થ અધર્મ આચરવાનો નથી. પણ પોતે ધર્મમાં સ્થિર રહી તેને અધર્મથી બચાવવાનો પ્રયત્ન કરવાનો છે.

વ્યકિતના અધર્મનો તિરસ્કાર ભલે કરો, વ્યકિતનો નહિ. અધર્મનો નાશ કરવાનો છે, અધર્મ કરનારનો નહિ. રોગનો નાશ કરવાનો છે, રોગીનો નાશ કદિ ન થાય!

જે પોતે તરે છે તેમને ધન્ય છે. જે પોતે તરીને બીજાને તારે છે એવા સાધુ પુરુષોને અનેકવાર ધન્ય છે!


## શ્રી કદમ્બગિરિ તીર્થના યાત્રિકોને સૂચના

શ્રી કદમ્બગિરિજી તીર્થની યાત્રા કારતક સુદ ૧૫ પછી ચાલુ છે. પાલીતાણાથી રોહીશાળા, ભંડારીયા થઈને **કદમ્બગિરિજી** જવા માટેનો જે જુનો રસ્તો છે, તે હાલ શેત્રુંજી નદીમાં પાણી વધારે હોવાથી આશરે એક માસ પુરતો બંધ રહેશે. મહીના પછી પાણી ખાલી થયે તે રસ્તો પણ ચાલુ રહેશે. હાલ પાલીતાણાથી શેત્રુંજી ડેમ ઉપર થઈ ભૂતડીઆ, વડાલ, ભંડારિયા ઉપર થઇ શ્રી કદમ્બગિરિજી તીર્થનો રસ્તો ચાલુ છે. અને યાત્રા કરવા જઈ શકાશે.

શેઠ ગુલાબચંદજી સોભાગમલજી કોટાવાળા તરફથી કાર્તિક વદિ ત્રીજના શ્રી કદમ્બગિરિજી તીર્થનો સંઘ પાલીતાણાથી નિકળવાનો છે તો તે સંઘ પણ આ ડેમવાળા રસ્તેજ જવાનો છે, એટલે **શ્રી કદમ્બગિરિજી તીર્થની યાત્રા ચાલુ જ છે.**

લિ૦

**શેઠ જિનદાસ ધર્મદાસની પેઢી-કદમ્બગિરિ**

# જરા હિસાબ કરી જૂઓ ! શ્રી૦ સત્યદેવનારાયણ સિંહા

ભારત સરકારનાં વર્તમાન તંત્રમાં લાંચ રૂશ્વત, લાગવગ તથા અપ્રમાણિકતા તેમજ પોત–પોતાની ફરજ પ્રત્યેની તદ્દન બેપરવાઇ અને નાગરિક સભ્યતા કેટકેટલા મરી પરવાર્યા છે. એ જાણવા માટે નીચેનો લેખ સર્વ કોઇને રસિક માહિતી પૂરી પાડે છે, મહાગુજરાતના સુપ્રસિદ્ધ માસિક 'અખંડ આનંદ'માં પ્રસિદ્ધ થયેલો આ લેખ વગર ટીકા–ટીપ્પણે 'કલ્યાણ'ના વાચકો સમક્ષ અમે અહિં રજૂ કરીએ છીએ ! ભારતીય રેલ્વેતંત્રના અધિકારીઓની પોતાની ફરજ પ્રત્યેની અક્ષમ્ય બેદરકારી તથા નૈતિક દૃષ્ટિએ પોતાનાં જીવનની અધોગતિ, તંત્રને અને પરિણામે દેશના વહિવટને તેમજ દેશને કેટ–કેટલું નુકશાન કરી રહેલ છે, તે સામે અમે આજના તંત્રવાહકોને તથા લાગતા વળગતાઓને વધુ સાવધ રહેવાની આ તકે અમે હાકલ કરીએ છીએ !

★

ત્રણ કરોડ છવ્વીસલાખ ચાર હજાર પંચોતેર રૂપિયા.

જનતા એકસપ્રેસ સવારે નવ કલાક અને પાંચ મિનિટને બદલે ૧ કલાક અને પાંચ મિનિટે આવ્યો. કેરીની ટોપલીઓથી પ્લેટફોર્મનો એક ભાગ ભરાઈ ગયો હતો. વેપારીઓએ એ ટોપલીઓ બ્રેકવાનમાં મૂકવા વિનંતી કરી.

'જોતા નથી, ગાડી ચાર કલાક લેટ છે, તમારી ટોપલીઓ માટે ગાડી વધારે લેટ કરૂં ? જવાબ મળ્યો.

એક અવાજ આવ્યો; ટોપલી દીઠ ચારઆના સાહેબ ! પાકો માલ છે, વધારે વખત થશે તો બગડી થશે.'

બ્રેકવાન ખોલી નાંખવામાં આવી, ટોપલીઓ બ્રેકવાનમાં મૂકી દેવાઇ, ગાર્ડસાહેબે દસ દસની કેટલીક નોટો ખિસ્સામાં સરકાવી ઝંડી હલાવી. અને ત્યારે બે મિનિટને બદલે ૩૫ મિનિટ રોકાઇને ગાડી આગળ વધી. બસો ચાલીસ મિનિટ ગાડી મોડી થઇ ચૂકી હતી.

આગળના સ્ટેશને લોકો કહેતા સંભળાયા કે 'આ રેલ્વેવાળા ખોટી સૂચના આપે છે; બોર્ડ ઉપર લખ્યું છે કે બસો ચાલીસ મિનિટ મોડી અને ગાડી આવી બસો પંચોતેર મિનિટ મોડી.

'બસો પંચોતર મિનિટ મોડી ?'

ટોપલી દીઠ ચાર આના ! કુલ ટોપલીઓ ત્રણસો સાઠ. ગાડી મોડી કરી પાંત્રીસ મિનિટ. એના માટે જવાબદાર કોણ ? હમેશાં બદનામ ગણાતા વિદ્યાર્થીઓ કે રેલ્વે કર્મચારી ?

એક દિવસમાં એક સ્ટેશન ઉપર એક ગાર્ડને ૯૦ રૂપિયા મળ્યા, ભારતીય રેલ્વેના ફક્ત એક સો ગાર્ડ ગાડીઓને આ પ્રમાણે મોડી કરે અને ૯૦ રૂપિયા રોજ પેદા કરે તો એક વર્ષમાં બત્રીસ લાખ પંચ્યાશી હજાર રૂપિયા.

⊙

---

(અનુસંધાન પાન ૭૧૫નું ચાલું

હે માનવબંધુ ! તારી દુનિયામાં આત્મસ્નેહનું સંગીત ગુંજતું હોય, સમર્પણના ફૂલબાગ ખીલતા હોય, સત્યના તેજકિરણોના ફૂવારા ઉડતા હોય કે હિંસા, રાગ ને અસત્યના ધૂમ્રગોટ, કાદવ અને પથરા છવાએલા હોય, તેનો તું મધરાતની કો' શાંત પળે વિચાર તો કરી જો ! હિંસાની આગમાં ભડભડ બળતી માનવતાની મહોલાતને ઉગારી લેવા માટે છાંટી અમૃત આત્માનાં, સંસારને સજીવન જીવનકેન્દ્ર તરીકે સફળ બનાવવાની જીવમાત્રને વિનંતિ છે.

જીવતું નિર્મળ જીવન શિવપદનું નિર્મળ ઝરણું છે. તેને કોઈ મા અભડાવશો, દુષિત ભાવની છાયા વડે ! એજ શુભ ભાવના.

'મેં' મારી ફરજ બજાવી છે.

'હજુ નવા છો ને, એટલે થોડા દિવસ બાદ બધું સમજાઈ જશે.'

'એ મારાથી નહિં બને.'

'શરુ શરુમાં બધા એવું જ કહે છે. હું તમારો મત્ર છું, અને તમારાથી સીનિયર પણ છું. એ જુઓ, મારો દીકરો છે, તો તમારો એ કંઇ જ ન થાય ?

'ફરજ વખતે સંબંધ જોવાનો હોય નહિ.' ખિજાઇને 'જોઉં છું, આ 'ફરજ' કયાં સુધી સંભાળો છો તે.'

એક રેલ્વે કર્મચારીના પુત્રને વગર ટિકિટે, મુસાફરી કરવાના ગુના બદલ એક નવા સવા ટિકિટ કલેકટરે પકડ્યો, રૂપિયા પંદર દંડ વસૂલ કર્યો અને રસીદ આપી દીધી.

છોકરાના પિતા અને ટિકિટ કલેકટર વચ્ચે ઉપર પ્રમાણે બોલાચાલી થઈ. ફરજે સંબંધને મચક ન આપી. ફક્ત દસ દિવસ પછી તો નવા ટિકિટ કલેકટરનો કર્મચારીઓના મંડળમાંથી બહિષ્કાર થયો. બોલચાલ પણ બંધ. ખોટા આરોપમાં તેને ફસાવવાનું કાવતરૂં રચાયું, વસુલ કરેલી રકમ ટિકિટ કલેકટરે પોતાના ખીસામાંથી પરત કરી. નવો ટિકિટ કલેકટર જૂનો થઇ ગયો ફરજને વિસારી મૂકી અને 'લક્ષ્મી'થી ખીસ્સા ભરવા માંડયો.

એક દિવસમાં એક ટિકિટ તપાસનારને વધારાની આવક ફકત બે રૂપિયા (આમ તો એથી પણ વધારે થાય છે) ભારતીય રેલવેના ફકત બે હજાર આવા ટિકિટ તપાસનારની આવક મહિને એક લાખ વીસ હજાર રૂપિયા, એક વર્ષમાં ચૌદ લાખ ચાલીસ હજાર !

રેલ્વેના એક ગાર્ડના પુત્રની મહિનામાં લગભગ દસ વખત ટિકિટ વગર પટણાથી ધનબાદના બીજા વર્ગમાં મુસાફરી, બચાવ માટે જરૂર પડે ત્યારે બાપનું (ગાર્ડનું) નામ દેવું. ઝોન કહેવા અને નિયત સ્થળે પહોંચવું. પટણાથી ધનબાદનું બીજા વર્ગનું ભાડું અગિયાર રૂપિયા પંચાવન નયા પૈસા. જવા આવવાના તેવીસ રુપિયા દસ નયા પૈસા થાય- વળી એક મહિનો આવો પ્રવાસ કરે તો એક મહિનામાં બસો એકત્રીસ રુપિયા અને એક વર્ષમાં બે હજાર સાતસે બોંતેર રૂપિયાની આવકનું ભારતીય રેલવેને નુકશાન થયું અને તે પણ એક જ વ્યક્તિથી.

ભારતીય રેલ્વેના દસ લાખ કર્મચારીઓ– માંથી ફકત દશ હજાર કર્મચારીઓનાં સગાં–સંબંધી, પોતાનો પ્રવાસ વગર ટિકિટે કરે તો ઉપર જણાવ્યા પ્રમાણેના ભાડાના હિસાબથી એક વર્ષમાં રેલવેને કેટલું નુકશાન થાય ! રૂપિયા બે કરોડ સિત્યોતેર લાખ વીસ હજાર.

'મારે માલની ઓપન ડિલિવરી જોઈએ છે.'

'કેમ ?'

'વજન ઓછું છે માટે.'

'રસીદમાં કેટલું વજન લખ્યું ?'

'એક મણ ત્રીસ શેર અને અહિંયા તો એક મણ વીસ શેર થાય છે.'

'તો થોડીવાર ઉભા રહો, અહીંનું કામ પતાવી લઉં.' પછી આપના માલની ઓપન ડિલિવરી આપી દઉં.

'જરુર, સમયનો ખ્યાલ કરજો સાહેબ, મારે દુકાનનું મોડું થાય નહિ.'

દસના બાર અને બારના વાગ્યા ત્રણ. ત્યાં સુધી ઓપન ડિલિવરી ન અપાઇ. કેટલીક કચ કચ પછી પાર્સલ ખોલવામાં આવ્યું સામાનના માલિકની વાત ખરી નીકળી. તેમાંથી મોટાં મોટાં તેર પુસ્તકો ગુમ થયાં હતાં. દરેક પુસ્તકની કિંમત બત્રીશ રૂપિયા બાર આના. રેલ્વે પર કલેમ કર્યો. ચારસો પચીસ રૂપિયા બારઆના વસૂલ કરી દાવો પતાવ્યો.

દરવર્ષે રેલવેને કેટલાય લાખ રૂપિયાના દાવા આવી રીતે ચૂકવવા પડે છે. કારણુ એટલા માટે

કે ટોચથી માંડીને તળિયા સુધીના બધા જ એમાં સંડોવાયેલા હોય છે.

એક દાવાના ચારસો પચ્ચીસ રૂપિયા બાર આના. આવા દાવા આખા દેશમાં ફક્ત સો જ રેલવે પાસેથી વસૂલ કરવામાં આવે તો રેલવેની તિજોરીને કેટલું નુકશાન થાય ? બેંતાલીસ હજાર પાંચસો પંચોતેર રૂપિયાનું.

★

પટણાથી દિલ્હી જતાં ગાડી અલાહાબાદ સ્ટેશને રોકાઈ. ૨૫ માણસોનું એક ટોળું ટિકિટ વગર એક ડબ્બામાં દાખલ થયું. ગાડીએ સ્ટેશન છોડયું અને તરત જ ટિકિટ તપાસનાર દાખલ થયો. ટોળાના આગેવાન સાથે વાતચિત:

'અલાહાબાદથી કાનપુર જવાનું છે. કહો, પચ્ચીસ જણના કેટલા આપું ?'

'માણસ દીઠ બે રૂપિયા, અને બધાને વગર ટિકિટે સ્ટેશન બહાર લઇ જવાની જવાબદારી મારે માથે' ( ટિકિટ તપાસનાર ઉપર )

અલાહાબાદથી કાનપુરનું ત્રીજા વર્ગનું એક માણસ દીઠ ભાડું ચાર રૂપિયા છાસઠ નયાપૈસા તો પચીસ જણનું એકસોને સોળ રૂપિયા પચ્ચીસ નયા પૈસા.

આ પ્રમાણે આખા દેશમાં એક વર્ષમાં વગર ટિકિટે, નહિ હું ભૂલ્યો, ઉપર પ્રમાણેની છૂટ લઇને ફક્ત દસહજાર જાનો (દરેક જાનમાં ફક્ત ૨૫ માણસો હોય ) મુસાફરી કરે તો એક વર્ષમાં ભારતીય રેલવેની તિજોરીના કેટલા રૂપિયા ગયા. ?

એક લાખ સોળ હજાર પાંચસો રૂપિયા—

⊙

'અરે રમુડા.'

'જી હજૂર, આયો.'

'અરે આજે કેરી નથી ઉતરી ?'

'હજૂહ, હવે ચોમાસામાં કેરી ? સહકાડ, કેરી તો ગરમીના દિવસોમાં આવે, મોટામોટા ઇંડાજેવા લીંબુ ઊતડા છે, એનું અથાણું નાખજો હજૂડ.'

'તો એક કામ કર.'

'બતાવો સહકાહ'

'દશ-બાર ટોપલીમાંથી એકએક ડઝન લીંબુ કાઢીને બધાં ઘેર આપી આવ. કહેજે સાહેબે અથાણું નાખવાનું કહ્યું છે.

'સારૂં સહકાડ' શાકભાજી અને ફૂલાવર કાઢું ?'

કાઢજે, પણ જરા હોંશિયારીથી.'

'બહુ સારૂં, સહકાડ.'

આ રીતે શાકભાજી અને ભન્ન ભન્ન પ્રકારની ચીજો રેલ્વે કર્મચારીઓને મફત વગર મહેનતે મળતી રહે છે. અને નુકશાન પડે છે વ્યાપારીઓ ઉપર એની અસર પડે છે વ્યાપાર પર.'

તો આવો, હવે ઉપરની હકીકતનો કુલ સરવાળો કરીએ.

૩૨,૮૫,૦૦૦ રૂપિયા ગાર્ડને.

૧૪,૪૦,૦૦૦ રૂપિયા ટિકિટ તપાસનારને.

૨,૭૭,૨૦,૦૦૦ રૂપિયા રેલ્વે કર્મચારીઓના સગાં-સંબંધીનો પ્રવાસ ખર્ચ.

૪૨,૫૭૫ રૂપિયા રેલ્વે પર કરવામાં આવતા દાવાઓની ચૂકવણી.

૧.૧૬૫૦૦ રૂપિયા જાનના માણસોના ટિકિટ ભાડાની સવલતો.

---

૩,૨૬,૦૪૦૭૫ કુલ સરવાળો

( ત્રણ કરોડ છવીસ લાખ. ચાર હજાર પંચોતર રૂપિયા )

આ છે મારો સાતવર્ષનો સતત રેલવેમાં સફર કરવાનો અનુભવ-આંખે જોયેલી હકીકત ! હવે કાંઇ કહેવું છે તમારે ?

લાંબાચોડા આંકડા જોઈને આશ્ચર્ય પામશો નહિ. જ્યાંસુધી દરેક માણસને ભ્રષ્ટાચારથી-આવી લાંચરૂશ્વતથી દેશની કેટલી બરબાદી થાય છે તે નહિ સમજાત, ત્યાંસુધી લાખ લાખ પ્રયત્નો કરવા છતાં હાલની સ્થિતિમાં કંઈ જ ફેર પડવાનો નથી. [અખંડ આનંદ'માંથી સાભાર ઉધ્ધૃત ]

## પૂ. આચાર્ય શ્રી વિજય દાનસૂરીશ્વરજી જૈન ગ્રંથમાલાને અંગે

# જાહેર નિવેદન

પૂ. પાદ પરમોપકારી પરમગુરુદેવ સ્વર્ગસ્થ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજશ્રીનો મારાપર અનહદ ઉપકાર છે. તેઓશ્રીથીજ મને ધર્મપ્રાપ્તિ થઇ છે. આથી તે પૂ. પાદ પરમગુરુદેવશ્રીના મારાપરના અથાગ ઉપકારોની પુણ્યસ્મૃતિ મારાં જીવનમાં જળવાઇ રહે તેજ એક શુભ ઉદ્દેશથી વિ૦ સ. ૧૯૯૪ના કાર્તિક સુદિ૦ પંચમી–જ્ઞાનપંચમીના પુણ્યદિવસે મેં '**આ. શ્રી વિજયદાનસૂરિ જૈન ગ્રંથ-માલા**' ની સ્થાપના કરી અને તેના પ્રથમ-ગ્રંથાંક તરીકે 'શ્રી મૌન એકાદશી કથા'–સંસ્કૃતનું પ્રકાશન પૂ. પાદ સ્વ. આચાર્યદેવશ્રી વિજયક્ષમાભદ્રસૂરીશ્વરજી મ. શ્રીની શુભ પ્રેરણાથી મેં કર્યું.

ત્યારબાદ ગ્રંથમાલા ઉત્તરોત્તર સારી રીતે પ્રગતિ સાધતી ગઇ. આજે ગ્રંથમાળાએ અત્યાર સુધીમાં ૫૬ ગ્રંથોનું પ્રકાશન કર્યું છે. જેમાં મને પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રી, પૂ. પાદ મુનિરાજ શ્રી મંગલવિજયજી મહારાજ શ્રી, પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, સ્વ પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રી તિલકવિજયજી મહારાજ, પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રીમાનવિજયજી મહારાજ આદિ અનેકાનેક પૂ. મુનિવરોનો સુંદર સહકાર, પ્રેરણા તથા અનેકવિધ સહાય પ્રાપ્ત થઈ છે. સર્વથી વધુ સહકાર તથા ગ્રંથમાળાના ઉત્કર્ષ માટે સવિશેષ અથાગ પરિશ્રમ પૂ. સ્વ. પંન્યાસજી મહારાજશ્રી તિલકવિજયજી મહારાજ તથા પૂ. પંન્યાસજી માનવિજયજી મહારાજશ્રીનો છે. જેના પરિણામે તાજેતરમાં રૂ.૧૦ હજારના ખર્ચે શ્રી ઓઘનિર્યુક્તિ જેવો વિશાલકાય સાધુસમાચારીનો ગ્રંથ પ્રકાશિત થઈ શક્યો છે, ને સંસ્થા તે ગ્રંથને પૂ. પાદ આચાર્યદેવાદિ મુનિવર્ય તથા પૂ. સાધ્વીજીસમુદાયને ભેટ આપી શકેલ છે.

હવે મારી વય થઇ છે. મારી ગેરહયાતી બાદ પણ ગ્રંથમાળાનો વહિવટ, અને તેનું બધું પ્રકાશનકાર્ય વ્યવસ્થિત ચાલી શકે તે માટે સંસ્થાનો બધો વહિવટ હવે **આ. શ્રી વિજયદાનસૂરિ જૈન જ્ઞાનમંદિર–અમદાવાદના** ટ્રસ્ટીઓને સોંપી દેવામાં આવેલ છે, સંસ્થાના પુસ્તકો, કબાટો વગેરે ત્યાં સોંપેલ છે. હજુ પણ મારાથી બનતી સેવા હું કરીશ. અત્યારસુધી ગ્રંથમાળામાં જે કાંઇ વેચાણ થતું તે ગ્રંથમાલાનાં અન્યપ્રકાશનમાં ખર્ચ કરવામાં આવતો એટલે ગ્રંથમાલામાં પુસ્તકો કે કબાટો સિવાય કોઇ મૂડી રાખવાનો પ્રથમથી જ રીવાજ રાખેલો નથી.

મારી ગેરહયાતી બાદ પણ સંસ્થાનો વહિવટ ચાલુ રહે તે માટે મારી અંગત મૂડીમાંથી રૂા. ૧૦ હજારની રકમ સંસ્થાને સોંપવાની હું ભાવના રાખું છું. તો જ્ઞાનમંદિરના કાર્યવાહકો અવશ્ય મારી ભાવના પ્રમાણે ગ્રંથમાલાનું કાર્ય વ્યવસ્થિત રીતે આગળ વધારશે.

ગ્રંથમાલાનો બધો વહિવટ અમદાવાદ ખાતે સોંપેલ હોવાથી અને સંસ્થાના કબાટો, પુસ્તકો આદિનું કાર્ય હવે વ્યવસ્થિત થઇ ગયેલ છે માટે સંસ્થા અંગેનો પત્રવ્યવહાર સર્વકોઈને નીચેના સીરનામે કરવા વિનંતિ છે.

આ શ્રી વિજયદાનસૂરીશ્વર જૈન ગ્રંથમાલા.
C/o આ. શ્રી વિજયદાનસૂરીશ્વર જૈન જ્ઞાનમંદિર
ઠે. કાલુપુર રોડ, અમદાવાદ–૧

એજ લી.
માસ્તર હીરાલાલ રણછોડભાઈ
ઠે. ગોપીપુરા, સુરત
વિ. સં. ૨૦૧૦ આસો સુદિ ૫
તા. ૧૧–૧૦–૫૯

# ફુલ અને ફોરમ ★ પૂ. પં. મ. શ્રી પ્રવીણુવિજયજી ગણિવર

## કોણુ કોનો ક્યારે દ્વેષી થાય છે ?

जातापत्या पतिं द्वेष्टि, कृतदारस्तु मातरम् ।

कृतार्थः स्वामिनं द्वेष्टि, जितरोगश्चिकित्सकम् ।।

સંતતિની પ્રાપ્તિ પછી સ્ત્રી પતિનો દ્વેષ કરે છે. સ્ત્રી પરણ્યા પછી પુત્ર માનો દ્વેષી બને છે. કામ સર્યા પછી સેવક શેઠનો દ્વેષી બને છે. અને નિરોગ થએલો દર્દી વૈદ્યનો દ્વેષી થાય છે.

## અપેક્ષાએ અવિધિ પણુ સારી છે.

अविहिकया वरमकयं, उस्सुयवयणं वयंति सव्वन्नू

पायच्छितं जम्हा, अकए गुरुअं कए लहुअम् ।।

અવિધિએ કરવા કરતા નહિ કરવું સારૂં એને સર્વજ્ઞ ભગવાન ઉત્સૂત્ર ભાષણુ કહે છે. કારણુ કે નહિ કરનારને મોટું પ્રાયશ્ચિત્ત આવે છે. જ્યારે કરનારને થોડું પ્રાયશ્ચિત્ત આવે છે.

## ઉત્સૂત્રથી થતું નુકશાન

उस्सुत्तभासगाणां, बोहिनासो अनन्तसंसारो ।

पाणच्चाए वि धीरा, उस्सुत्तं तो न भासंति ।।

ઉત્સૂત્ર (ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ) બોલનારાના સમકિતનો નાશ થાય છે તેમ અનંત સંસાર વધે છે. માટે પ્રાણુના સાટે પણુ ધીરપુરુષો વિરૂધ્ધ વચન બોલતા નથી.

## માત્ર સંખ્યાની કિંમત નથી

एकेनाऽपि सुपुत्रेण, सिंही स्वपिति निर्भयम् ।

सहैव दशभिः पुत्रै,-र्भारं वहति गर्दभी ।।४।।

માત્ર એક જ પુત્રથી સિંહણુ નિર્ભય રીતે સુવે છે. જ્યારે દશ પુત્રો (ગધેડા) સાથે હોવા છતાં ગધેડીને તો ભાર જ વહન કરવો પડે છે.

## પૂજાની વસ્તુઓ માટે યોગ્ય સ્થાન પણુ જરૂરી છે.

अकण्ठस्य कण्ठे कथं पुष्पमाला ।

विना नासिकायाः कथं धूपगन्धः ।

अकर्णस्य कर्णे कथं गीतनादः,

अपादस्य पादे कथं मे प्रणामः ।।

ગળા વિના પુષ્પમાલા ક્યાં પહેરાવવી ?
નાક વિના ધૂપપૂજા ક્યાં કરવી ?
કાન વિના ગીતગાન ક્યાં કરવા ?
અને પગ વિના નમસ્કાર ક્યાં કરવો ?

## 'કરીશ'ની ચિન્તામાં માનવી 'હૂં મરીશ' એ જ ભૂલી ગયો !

करिष्यामि करिष्यामि करिष्यामीति चिन्तनात् ।

मरिष्यामि मरिष्यामि मरिष्यामीति विस्मृतम् ।।

હું આ કરીશ ફલાણું કરીશ એમ કરીશની ચિન્તામાં હું મરી જઈશ એજ ભૂલાઈ ગયું.

## માનવી અકૃત્યથી પાછો ક્યારે હઠે ?

मस्तकस्थायिनं मृत्युं, यदि पश्येदयं जनः ।

आहारोऽपि न रोचेत, किमुताऽकृत्यकारिता ।।

મસ્તક ઉપર લટકતી મૃત્યુની તલવારને જો આ માનવી દેખે, તો ખાવું પણુ ગમે નહિ. તો પછી અકૃત્ય તો કરવાનું તેનાથી બને જ કેમ ?

## કાલે હું કરીશ એમ કોણુ કહી શકે ?

यस्य यमेन मैत्री स्यात्

ज्ञानं वा भुवनाद्भुतम् ।

स एवं वदति कल्येदं,

करिष्यामि परः कथम् ।।

જેને યમરાજા સાથે મિત્રતા હોય, ત્રણુ ભુવનનું અદ્ભૂત જ્ઞાન હોય તેજ કહી શકે કે આ કામ હું કાલે કરીશ. બીજો કેવી રીતે કહી શકે.

## દુર્જનો ચાલણી જેવા છે

विसृज्य सूर्पवद्दोषान्, गुणान् गृहणन्ति साधवः ।

दोषरागी गुण त्यागी, चालनीव हि दुर्जनः ।।

સજ્જન પુરૂષો સુપડાની માફક દોષોને છોડી ગુણોને જ ગ્રહણ કરે છે. દોષનો રાગી અને ગુણનો ત્યાગી એવો દુર્જન ચાલણી જેવો છે.

### ધર્મી કુલની મહત્તા

वरं हि नरके वासो, धर्महीने कुले न तु।
नरकात् क्षीयते पाप-मितरस्माच्च वर्धते ॥

નરકમાં વસવું સારૂં પણ ધર્મરહિત કુલમાં વસવું ઠીક નહિ. કારણ કે નરકમાં પાપનો ક્ષય થાય છે જ્યારે ધર્મહીન કુલમાં પાપ વધે છે.

### આવ ભાઈ હરખા આપણે બન્ને સરખા

उष्ट्राणां विवाहेषु, गीतं गायन्ति गर्दभाः ।
परस्परं प्रशंसन्ति, अहो रूपमहो ध्वनिः ॥

ઊંટના વિવાહમાં ગધેડાઓ ગીત ગાય છે. તેમાં એક બીજાની પ્રશંસા કરતા કહે છે કે, અહો તમારૂં રૂપ કેવું? જ્યારે ઉંટ કહે છે કે, તમારા કોયલ જેવો મધુર સ્વર કેવો?

### તીર્થસ્થાનની મહત્તા

अन्यस्थाने कृतं पापं, तीर्थस्थाने विनश्यति,
तीर्थस्थाने कृतं पापं, वज्रलेपो भविष्यति ॥

અન્ય સ્થળે કરેલુ પાપ તીર્થસ્થાને નાશ પામે છે. પણ તીર્થસ્થાને કરેલું પાપ વજ્રલેપના જેવું બની જાય છે.

સોના ચાંદીના **વરખ** ખરીદવાનું વિશ્વાસપાત્ર એકજ સ્થળ

[ વર્ષોના અમદાવાદના જુના અને જાણીતા વરખવાલા ]

## એ. આર. વરખવાલા

સોના—ચાંદીના વરખ બનાવનાર તથા બાદલા અને કેસરના વહેપારી

૩૮૫૦ ઢાલગરવાડ, પાનકોરનાકા અમદાવાદ—૧

## —: કલ્યાણના પરદેશના ગ્રાહક બંધુઓને :—

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોસ્ટલ ઓર્ડર કે નીચેના કોઇ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| શ્રી દામોદર આશકરણ | પોષ્ટ બોક્ષ નં. ૯૪૮ | દારેસલામ |
| શ્રી તારાચંદ ડી. શાહ | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | નૈરોબી |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | મોમ્બાસા |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | કીસુમુ |
| શ્રી મેઘજીભાઈ રૂપશી એન્ડ કું. | પોષ્ટ બોક્ષ નં. ૭ | ન્યેરી |
| શ્રી દેવશીભાઇ જીવરાજ | પોષ્ટ બોક્ષ નં. ૯૮૭૪ | નૈરોબી |
| શ્રી મુલચંદ એલ. મહેતા. | પોષ્ટ બોક્ષ નં. ૧૨૭ | મોગાડીસ્કીઓ |
| શ્રી લાધાભાઈ રાયમલ શાહ | પોષ્ટ બોક્ષ નં. ૪૮ | મ્બાલે |

# શ્રી જિનમંદિરોમાં થતી આશાતનાઓને અટકાવવાનો ઉપાય

પૂ. ઉપાધ્યાયજી મહારાજશ્રી દેવેન્દ્રસાગરજી મહારાજ—મુંબઈ

આજે સમાજમાં જિનમંદિરોમાં થતી અનેકવિધ આશાતનાઓના કારમાં પરિણામો નજરે જોવાય છે, એ આશાતનાઓથી બચવાનો મોટો ઉપાય તો જે જૈનેતર પૂજારીઓ રાખવાની પ્રથા સમાજમાં ઘૂસી ગઇ છે, તે નીકળવી જોઇએ. તેને અંગે વ્યવહારૂ તથા શક્ય ઉપાય પૂ. મહારાજશ્રી અહિં દર્શાવે છે તે સર્વ કોઇએ લક્ષ્યમાં લેવા જેવી હકીકત છે.

★

પૂર્વકાલમાં ભગવંતશ્રી જિનેશ્વરદેવના મંદિરો એક એક વ્યકિતઓ તરફથી પોતાના ખરચે બંધાવવામાં આવતાં અથવા કોઇ ટાઈમે શ્રી સંઘ સમૂહની સહાયથી પણ બંધાવવામાં આવતાં. છતાં તે મંદિરો પોતાના ખરચે નિભાવતા અને ભગવંતશ્રી જિનેશ્વરદેવની જાતે પૂજા ભક્તિ-કરતા એટલે જે પ્રમાણે ઇન્દ્રમહારાજા ભગવંતશ્રી જિનેશ્વરદેવની ભકિત-પૂજા-સત્કાર-સન્માન સાચવે તે પ્રમાણે પૂર્વકાલના શ્રદ્ધાવંત પુન્યવાન શ્રાવકો સાચવતા અને બીજાને તે પ્રમાણે કરવાની પ્રેરણા આપતા એટલું જ નહિ પણ ભવિષ્યકાલમાં મૂર્તિ-મંદિરોની રક્ષા થાય એવી રીત રસમો પણ આપણા પૂર્વજો ગોઠવતા ગયા, તેમાં આશાતના ટાલવાનો પણ મુદ્દો હતો અને છે.

કાલક્રમે ભગવંતના મંદિરોમાં શ્રી જિનેશ્વર દેવની પૂજા કરનારની સંખ્યા ઓછી થવા ઉપરાંત કંઇક શ્રદ્ધાની ખામી, અને કંઈક ધમાલીઆ જીવનને અંગે શ્રાવકોએ શ્રી ભગવંતના મંદિરો અને શ્રી જિનેશ્વરદેવો, જૈનેતર પૂજારીઓને ભલાવ્યા. તેમાં જૈનેતર પૂજારીઓથી ભગવંતની ખુબ જ આશાતના થાય છે એટલું જ નહિ પણ કોઇ કોઈ પ્રસંગે તો આખા શ્રી જિનમંદિરને મુશ્કેલીમાં મૂકી દે તેવા પ્રસંગો પણ બન્યા છે ને બને છે. એટલે જૈનેતર, પૂજારીઓથી થતી આશાતના ટલે એજ આ લેખ લખવાનો હેતું છે. જો કે આશાતના ટાલવા સંબંધમાં પૂર્વે કેટલોક ઉહાપોહ થયો હતો અને એવી પત્રિકાઓ પણ નીકળી હતી કે શ્રી જિનદાસ નામની સંસ્થા સ્થાપવાની જરૂરીઆત છે કે કેમ? એટલે શ્રાવકભાઈને જિનદાસ બનાવી સાધારણ ખાતેથી પગાર આપી શ્રાવક ભાઈ દ્વારા ભગવંતશ્રી જિનેશ્વરદેવની થતી આશાતના બચાવવા પ્રયત્ન કરવો અને તે પત્રિકામાં સાધારણના પૈસા કેવી રીતે ભેલા કરવા વગેરે લખાણુ હતું પણ તે ઉપાય હજુ કારગત થયો નથી તે દરમ્યાન જે કાંઈ વિચારો મને સ્ફુરાયમાન થયા એ શ્રી જૈન જગત સમક્ષ મૂકવા અને તેમાંથી જેટલું શકય હોય તેટલો પ્રયત્ન ચાલુ કરવો. આજ એક આશયથી આ લેખ લખેલ છે.

૧. ભગવંતશ્રી જિનેશ્વરદેવની આશાતના દૂર કરવા તમો ભલે સાધારણનો પણ પગાર આપો તો પણ શ્રાવક, દેહરાસરમાં નોકરી કરે એ વાત હવે સંભવતી નથી એટલે જૈનેતર પૂજારી રાખવો પડે અને પૂજારી આશાતના કરે અને તે આશાતનાના ભારથી આખો શ્રી જૈન સંઘ ડુબે એ સ્વાભાવિક જ છે.

૨ ભગવંતશ્રી જિનેશ્વરદેવના મંદિર-મૂર્તિની આશાતનાથી શ્રીસંઘને અને પોતાને બચાવવાની ઇચ્છાવાળો ઋદ્ધિમંત શ્રાવકવર્ગ ઉપાય કરી શકે એમ છે પણ તે વર્ગ શ્રદ્ધાવાળો હોય તોજ બની શકે એવું છે, એટલે તે ઉપાયમાં પોત-પોતાને ત્યાં એક જૈનભાઈને નોકરીમાં રાખે પણ નોકરી રાખતી વખતે એક શરત એવી રાખે કે

'સવારે ૨–૪ કલાક સુધી ભગવંત શ્રી જિનેશ્વરદેવની ભક્તિ કરવી' પૂજારીને તો ફક્ત બ્હારનો કાજો (કચરો) કાઢવો, પાણી-લાવવું, વાસણ સાફ કરવાં, કેશર સુખડ ઘસવાં, દીવા પૂરવા વિગેરે પરચુરણ કામકાજ કરવાનું. જ્યારે જૈન ભાઇને ગભારાના કાજાથી માંડીને ભગવંતની પ્રક્ષાલ પૂજા આદિ બધી વિધિ કરવાની એટલે ભગવંત શ્રી જિનેશ્વરદેવની ભક્તિનો બધો લાભ ઋદ્ધિમંત સુશ્રાવકવર્ગને મળે. શ્રાવકભાઇને પણ પોતાના નિભાવ સાથે પ્રભુ-ભક્તિનો લાભ મળે અને આ દ્વારા સુશ્રાવક શ્રીમંતને એક સાધર્મિકભાઇની ભક્તિનો નિભાવ્યાનો લાભ મળે અને સાથેસાથ શ્રી સંઘ આશાતનાના પાપથી બચે.

અને પૂજારીને તદ્દન થોડું કામ હોવાથી, ભગવંતશ્રીની આગળ ચઢાવવામાં આવતા ફલ નિવેદથી અથવા સામાન્ય પગારથી ચાલી શકે અને તે પગાર દેવદ્રવ્યમાંથી આપી શકાય.

૩. દરેક ગામમાં એક એક દેહાસર હોય, ત્યાં પુન્યવાન પણ હોય અને તે પુન્યવાન શ્રદ્ધા-વાળો શ્રાવક પોતાને ત્યાં એક જૈન ભાઇને નોકરી રાખે પણ નોકરી રાખતાં શરત કરે કે 'સવારનો ટાઇમ બે અથવા ચાર કલાક પ્રભુ ભક્તિમાં ગાળવો' અને બપોરના ચાર કલાક મારી દુકાનનું અથવા મારા ઘરનું કામકાજ કરવું આ પ્રમાણે કરવાથી પોતાને એક સાધર્મિક ભક્તિનો લાભ મળે, (૨) શ્રી જિનેશ્વર દેવની ભક્તિનો લાભ મળે (૩) ને સાથે સાથે શ્રી જૈન સંઘ પૂ. શ્રી ભગવંતની થતી આશાતનાના પાપથી બચે એટલું જ નહિ પણ પૂર્વપુરૂષોના પગલે અંશે પણ ચાલવાની સાથે મળેલી લક્ષ્મીની સફળતા થાય.

૪. જ્યાં ઘણાં દેહરાસરો હોય ત્યાં પુન્યવાનો પણ ઘણા હોય એટલે શેરીવાર, મહોલ્લાવાર, ગોઠવણી કરે અથવા ખંભાતની માફક શ્રાવકના ઘરદીઠ ભગવંત શ્રીજિનેશ્વરદેવની ભક્તિના વારા નોંધવામાં આવે એ રીતે પણ ભગવંત શ્રી જિનેશ્વરદેવની થતી આશાતના ટાળી શ્રી સંઘને પણ આશાતનાના પાપથી બચાવવા પ્રયત્ન કરવો.

૫. હવે કોઇને શંકા થાય કે પૂજારીઓ કઈ કઈ આશાતના કરે છે કે જે ટાળી શકાતી નથી અથવા ચોરી છુપીથી આશાતના કરે છે તેની નોંધ–

૧. કાજો પુરો લેતા નથી ૨. મોરપીંછીને પૂંજણીનો યથાયોગ્ય ઉપયોગ કરતા નથી. ૩. અને કરે તો ઉલટો સુલટો કરે છે. ૪. પાણી બરાબર ગળતા નથી ૫. કેશર, સુખડ, આગળ-પાછળનું વાસી ભેગું કરવાની વૃત્તિ રાખે છે. ૬. ભગવંતને પોથો નહિ કરતાં સીધીજ વાળા-કુંચી પ્રક્ષાળની સાથે કરે છે. ૭. પાટ લુગડાવાળા હાથેજ (હાથ ધોયાવગર) અંગલુગડાં કરે છે. 'ભગવંતને પ્રક્ષાલ કરી ભીના (પલળતા) રાખી બીજા ત્રીજા કામે ચાલ્યો જાય છે અથવા શેઠી-આઓની સરભરામાં ચાલ્યો જાય છે. ૯. પુરાં અંગલુગડાં કરતો નથી પાણી રાખે છે. ૧૦. નાહીને દેહરાસરમાં ગયા પછી પૂજાનાં જ કપડે બીડી, ચા, પીવાનું ચાલુ રાખે છે, યાવત્ લઘુ-નીતિ, વડીનીતિ, કરવા પુરતાં કપડાં બદલે પણ સ્નાન કર્યા સિવાય જ પૂજાના કપડાં પહેરે છે ૧૧. દેહરાસરના ઘી–દુધનો દુરુપયોગ કરે છે ૧૨ મુખકોષ બાંધ્યા સિવાય પ્રભુની પૂજા, આંગી કરે છે ૧૩. ડુંગળી લસણ વગેરે અભક્ષ્ય ખાઇને પ્રભુપૂજા કરે છે, વગેરે આશાતનાઓ-નો કાંઇ પાર નથી. ઉપરોક્ત વ્યવસ્થા એક દિશા સૂચન છે, આમ કરવાથી આશાતનાઓમાંથી બચી જવાની શકયતા રહેલી છે. એજ.

# સ્યાદ્વાદની સર્વોત્કૃષ્ટતા

પૂ. પંન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજી ગણિવર.

⊙

### ઢાલની બન્ને બાજુનું દૃષ્ટાંત.

એક ગામ પર સશસ્ત્ર ધાડપાડુ ચઢી આવ્યા. ગામના લોકોએ પણ જોરદાર સામનો કર્યો અને ધાડપાડુઓને નસાડી મૂકયા, પણ ગામનો એક મુખ્ય માણસ માર્યો ગયો. તેના સ્મારક તરીકે ગામની બહાર તેની આકૃતિવાળો પાળીયો ઉભો કરવામાં આવ્યો. તેના એક હાથમાં ઢાલ અને બીજા હાથમાં તલવાર આપી. આ ઢાલ એક બાજુથી સોનેરી અને બીજી બાજુ રૂપેરી મઢેલ હતી.

એક સમયે સામેથી બે ઘોડેસ્વારો આવતા હતા. એક ઢાલની આ તરફ અને બીજો ઢાલની બીજી તરફ. સોનેરી ઢાલ તરફના ઘોડેસ્વારે કહ્યું કે–આ પાળીયાની ઢાલ સોનેરી છે, ત્યારે રૂપેરી ઢાલ તરફના ઘોડેસ્વારે કહ્યું કે–ના એ રૂપેરી છે. આમ પરસ્પર બોલાચાલી થતાં બંનેને ઝઘડો થયો, અને મારામારી પર આવી ગયા. આ તમાસો જોવા ગામના લોકો ભેગા થયા. અને બંનેને સમજાવ્યા કે–ભાઇઓ! તમે બંને તમારી દષ્ટિએ સાચા છો, પણ ઢાલની બન્ને બાજુ જોવાથી સોનેરી અને રૂપેરી છે, એમ તમોને જરૂર જણાશે. આથી બંને ઘોડેસ્વારો ઘોડા ઉપરથી નીચે ઉતરી ઢાલની બંને બાજુ તપાસી, તો માલુમ પડયું કે ઢાલ સોનેરી પણ છે અને રૂપેરી પણ છે. તુરત ઝઘડો પતી ગયો. ત્યાં સહુ વિખરાયા અને પોતપોતાના સ્થાન તરફ પાછા ફર્યા. બંને ઘોડેસ્વારો પણ ત્યાંથી રવાના થયા.

આ રીતે અન્ય અન્ય ઉદાહરણો-દૃષ્ટાંતોમાં પણ સમજી લેવું. એકજ વસ્તુમાં પણ અનેક ગુણો-અનેક ધર્મો સંભવે છે. આથી જ તેનું ભિન્ન ભિન્ન અપેક્ષાએ કથન થઇ શકે છે, પણ તેથી એક કથન સાચું અને બીજું ખોટું એમ કદી પણ કહી શકાય નહિં.

આ પ્રસંગે તો એમ જ બોલવું જોઇએ કે– 'આ વસ્તુ અપેક્ષાથી આવી પણ છે ને તેવી પણ છે! આથી એ વસ્તુમાં રહેલા વિરોધી જણાતાં અનેક ધર્મોનો સ્વીકાર થાય અને જરાએ વિરોધ આવે નહિં. **એજ સ્યાદ્વાદની સાચી અનેકાન્ત-દૃષ્ટિ છે.**

આથી જ કરીને **અનેકાન્તદૃષ્ટિની-સ્યાદ્વાદ-દૃષ્ટિની** વ્યાપકતા, મહત્તા, સર્વોત્કૃષ્ટતા અને ઉપયોગિતા સમસ્ત વિશ્વને કેટલી બધી છે તેનો સહજ ખ્યાલ વાંચક વર્ગને અવશ્ય આવશે.

આ અનેકાન્તદૃષ્ટિના પ્રભાવે તો જગતમાં ગમે તેવા મતસંઘર્ષણો અને કલેશો, કદાગ્રહો અને કોલાહલો પેદા થયા હોય તો પણ તત્કાલ શમાવી શકાય છે, અને કુસંપને દૂર કરી સુસંપ સ્થાપી શકાય છે.

### [ ૧૯ ] સ્યાદ્વાદસિદ્ધિનાં પ્રાચીન પ્રમાણો–

(૧) કલિકાલસર્વજ્ઞ ભગવાન્ **શ્રીમદ્ હેમચંદ્ર સૂરીશ્વરજી મ૦** સ્વરચિત 'सिद्धहेम' વ્યાકરણ ગ્રંથમાં "सिद्धिः स्याद्वादात्[ ૧–૧–૨ ]" એ સૂત્રની વૃત્તિમાં જણાવે છે કે—

"एकस्यैव हि ह्रस्व-दीर्घादिविधयोऽनेककारकसंनिपातः, सामानाधिकरण्यम्, विशेषण–विशेष्यभावादयश्च स्याद्वादमन्तरेण नोपपद्यन्ते ।

" એકને જ હ્રસ્વ દીર્ઘાદિ કાર્યો, અનેક કારકનો સમ્બન્ધ, સામાનાધિકરણ્ય અને વિશેષણ વિશેષ્યભાવ વગેરે **સ્યાદ્વાદ** સિવાય ઘટી શકતાં

નથી. અર્થાત્ સ્યાદ્વાદ સ્વીકારવાથી જ તે ઘટી શકે છે.'

પુનઃ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ૦ આજ સૂત્રની વૃત્તિમાં સ્વરચિત 'अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका' ના ૩૦ મા શ્લોકનું પ્રમાણ આપે છે—

" अन्योऽन्यपक्षप्रतिपक्षभावाद्,
यथा परे मत्सरिणः प्रवादाः ।
नयानशेषानविशेषमिच्छन्,
न पक्षपाती समयस्तथा ते ॥३०॥"

'જે રીતે પરસ્પર પક્ષ અને પ્રતિપક્ષભાવને લઈને અર્થાત્ પરસ્પર વિરુદ્ધ માન્યતાને લઈને એકાન્તદર્શનવાદો પરસ્પર માત્સર્યભાવવાળા—પરસ્પર દ્વેષભાવવાળા છે, તે રીતે હે જિનેન્દ્ર પરમાત્મન્! તમારો આગમ–સિદ્ધાંત નથી; કારણકે તે એકાંત પક્ષથી દૂર છે, એટલું જ નહિં પણ સકલનયવાદને ઈચ્છનાર છે,'

શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ૦ 'अयोगव्यवच्छेद-द्वात्रिंशिका' ના ૨૮ મા શ્લોકમાં તો ત્યાં સુધી જણાવે છે કે–

" इमां समक्षं प्रतिपक्षसाक्षिणा-
मुदारघोषामवघोषणां ब्रुवे ।
न वीतरागात् परमस्ति दैवतं,
न चाऽप्यनेकान्तमृते नयस्थितिः ॥२८॥"

'[વિશ્વમાં–] સર્વ વાદીઓની સમક્ષ અમારી આ ઉચ્ચ સ્વરે ઉદ્ઘોષણા છે કે—

**વીતરાગથી અન્ય કોઈ શ્રેષ્ઠ દૈવત નથી અને અનેકાન્તથી અન્ય કોઈ શ્રેષ્ઠ નયસ્થિતિ નથી.**

(૨) સુપ્રસિદ્ધ **શ્રી સમન્તભદ્રાચાર્ય મ૦** સ્વરચિત 'बृहत्स्वयम्भूस्तोत्रावलि' ના શ્રી विमलनाथस्तोत्र ના ૬૫ મા શ્લોકમાં જણાવે છે કે—

" नयास्तव स्यात्पदलाञ्छना इमे,
रसोपविद्धा इव लोहधातवः ।
भवन्त्यभिप्रेतफला यतस्ततो,
भवन्तमार्याः प्रणता हितैषिणः ॥६५॥"

'स्यात् પદથી લાંછિત એવા તમારા નયો રસથી વીંધાએલા લોહધાતુની (લોઢાની) જેમ અભિપ્રેત–ઈચ્છિત ફળને આપનારા થાય છે. તેથી કરીને હિતેચ્છુ એવા આર્યો આપને નમેલા છે.'

જે સ્યાદ્વાદમાં स्यात् પદથી લાંછિત એવા નયો શોભી રહ્યા છે, અને વિશ્વને વસ્તુસ્વરૂપ બતાવી રહ્યા છે.

(૩) ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય **શ્રી યશોવિજયજી મ૦** न्यायखण्डखाद्य ના ૪૨ મા શ્લોકની વ્યાખ્યામાં જણાવે છે કે–

'न ह्येकत्र नानाविरुद्धधर्मप्रतिपादकः स्याद्वादः किन्तु अपेक्षाभेदेन तदविरोधद्योतकस्यात्पदसमभिव्याहृतवाक्यविशेषः स इति ॥'

'એક વસ્તુમાં વિવિધ વિરૂદ્ધ વસ્તુને પ્રતિપાદન કરનાર **સ્યાદ્વાદ** નથી, પરંતુ અપેક્ષાભેદથી તેના અવિરોધને બતાવનાર स्यात् પદથી સમલંકૃત વાક્યવિશેષ રૂપ છે.

એજ વાચકપ્રવર શ્રી યશોવિજયજી મ૦ સ્વરચિત अनेकान्तव्यवस्थाप्रकरणम्' ની પ્રશસ્તિમાં જણાવે છે કે–

'इमं ग्रन्थं कृत्वा विषयविषविक्षेपकलुषं,
फलं नान्यद् याचे किमपि भवभूतिप्रभृतिकम् ।
इहाऽमुत्रापि स्तान् मम मतिरनेकान्तविषये,
ध्रुवेत्येतद् याचे तदिदमनुयाचध्वमपरे ॥१३॥'

'આ ગ્રંથને રચીને વિષયરૂપી વિષથી જે વિક્ષેપ તેનાથી કલુષિત એવા સંસારના વૈભવાદિ રૂપ કોઈપણ ફળને હું માંગતો નથી,

માત્ર **અનેકાન્તમાં** આ ભવ અને પરભવને વિષે **નિશ્ચળ મારી મતિ રહો** એટલું જ હું યાચું છું, અને બીજાઓ પણ પછી તે રીતે યાચના કરે [ એમ હું ઇચ્છું છું ].'

(૪) શ્રી વિક્રમનૃપ પ્રતિબોધક તાર્કિકશિરોમણિ સૂરિપુરંદર શ્રી **સિદ્ધસેનદિવાકરજી મ૦** સ્વરચિત 'द्वात्रिंशिद् द्वात्रिंशिका' ગ્રંથની ચતુર્થ દ્વાત્રિંશિકાના ૧૫ મા શ્લોકમાં જણાવે છે કે-

'उदधाविव सर्वसिन्धवः,
समुदीर्णास्त्वयि सर्वदृष्टयः ।
न च तासु भवानुदीक्ष्यते,
प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥ १५ ॥'

'સર્વ નદીઓ જેમ મહાસાગરમાં જઇને મળે છે, પરંતુ છૂટી છૂટી રહેલી નદીઓમાં મહાસાગર દેખાતો નથી તેમ સર્વદર્શનરૂપી નદીઓ આપના સ્યાદ્વાદરૂપી મહાસાગરમાં (નયભેદથી) સંમિલિત થાય છે, પરંતુ એકાન્તવાદથી પૃથગ્ પૃથગ્ રહેલ તે તે દર્શનરૂપી નદીઓમાં આપનો સ્યાદ્વાદરૂપી મહાસાગર દૃષ્ટિગોચર થતો નથી. તે જ ખરેખર આપની વિશિષ્ટતા છે.'

(૫) ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા, યાકિનીમહત્તરા ધર્મસૂનુ આચાર્યપ્રવર **શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મ૦** જણાવે છે કે—

द्रष्टशास्त्राऽविरुद्धार्थं, सवसत्त्वसुखावहम् ।
मीतं गभीरमाह्लादि वाक्यं यस्य सर्वविद् ॥१॥
एवं भूतं तु यद् वाक्यं, जैनमेव ततः स वै ।
सर्वज्ञो नान्यः एतच्च स्याद्वादोक्त्यैव गम्यते ॥२॥
पक्षपातो न मे वीरे, द्वेषो न कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥३॥'

'દૃષ્ટ અને શાસ્ત્રથી અવિરૂદ્ધ, સર્વપ્રાણીઓને સુખકારી, મીત, ગંભીર અને આલ્હાદકારી જેનું વાકય છે તે **સર્વજ્ઞ** કહેવાય છે.' (૧)

એવા પ્રકારનું જે વાકય તે તો કેવલ **જૈન** વાકય જ છે. તેથી કરીને તેજ સર્વજ્ઞ છે, અન્ય નથી. આ વાત **અનેકાન્તવાદ-સ્યાદ્વાદના** કથનથી જ જણાય છે. (૨)

મને મહાવીર પર પક્ષપાત નથી અને કપીલ વગેરે પર દ્વેષ નથી, છતાં પણ એટલું તો ખરૂં જ છે કે- જેની વાત યુકિત તેનો તો પરિગ્રહ કરવો. અર્થાત્ તેની વસ્તુ સ્વીકારવી જોઇએ.'

[૬] વાચકવર્ય પૂર્વધર મહર્ષિ શ્રી ઉમાસ્વાતિ મહારાજ સ્વરચિત तत्त्वार्थाधिगम' ના પાંચમા અધ્યાયના ૨૯ મા સૂત્રમાં જણાવે છે કે—

'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्' (૨૯)
'ઉત્પત્તિ, વિનાશ અને નિત્ય એ ત્રણે ધર્મથી યુકત હોય તે 'સત્' કહેવાય છે.'.

૩૦ મા સૂત્રમાં— 'तद्-भावाव्ययं नित्यम्' 'તે ભાવથી ફેરફાર ન પામે તે '**નિત્ય**' કહેવાય છે. ૩૧ મા સૂત્રમાં— 'अर्पिताऽनपित-सिध्वेः' 'અર્પિત અને અનર્પિત તેની સિદ્ધિ થાય છે.'

ઉકત એ ત્રણે સૂત્રો સ્યાદ્વાદને જણાવી રહ્યા છે. સમસ્ત જૈનદર્શન જેના પર નિર્ભર છે, આગમ શાસ્ત્રમાં જેના વિધાનો ઠેર ઠેર છે, સર્વજ્ઞ તીર્થંકરોએ અને ગુણવંત ગણધરાદિ મુનિ મહાત્માઓએ પોતાના પ્રવચનોમાં ને કૃતિઓમાં સર્વેચ્ચ સ્થાન જેને આપેલ છે, એવા **અનેકાન્ત વાદ-સ્યાદ્વાદને** જૈનેતર ગ્રંથોમાં પ્રાચીન વિદ્વાનોએ પણ કઇ રીતે અપનાવેલ છે, તેના પ્રમાણો આગામી અંકે આપીશું.

(ચાલુ)

# સમાચાર સાર

**પાલીતાણા** પૂ. પન્યાસજી મનોહરવિજયજી મહારાજે શરૂઆતમાં આઠ ઉપવાસ કરી શ્રી વર્ધમાન તપની ૮૭-૮૮-૮૯મી એમ ત્રણ ઓળી ઉપરા ઉપર કરી છે. પર્યુષણમાં આઠ ઉપવાસ કર્યા હતા. તેના ઉપર ૯૦મી ઓળી શરૂ કરી છે. પૂ. શાંતિવિજયજી મહારાજને ૬૯૭ પર ૭૦મી ઓળી ચાલે છે.

**મહેસાણા** 'કલ્યાણ'ના સંપાદક અત્રે આવતાં તા. ૧૯-૯-૫૯ના રોજ અધ્યયન હોલમાં વિદ્યાર્થીઓ તેમજ શ્રી પુખરાજજી પંડિત, શ્રી વાડીલાલ મગનલાલ શેઠ, શ્રી કાંતિલાલભાઇ સંસ્થાના મેનેજર તથા પરીક્ષક શ્રી રામચંદ્રભાઈ ડી. શાહ વગેરેની હાજરીમાં એક સભા યોજવામાં આવી હતી. દરેકે ઉદ્બોધન કર્યા પછી શ્રી શાહે લેખન અને વકતૃત્વ કળા ખીલવવા અંગેના પોતાના વિચારો માર્ગદર્શન રૂપે કહ્યા હતા.

**પ્રતિમાજીની જરૂર છે**: નાથપુરા (કાંકરેજ)માં ઘર દહેરાસર શ્રી મલ્લિનાથ ભ. ના પંચધાતુનાં પ્રતિમાજીની જરૂર છે. તો જેઓને આપવાની ભાવના હોય તેઓએ આ સીરનામે જણાવવું. જૈન મહાજન તા. કાંકરેજ પો. થરા નાથપુરા.

**ઐતિહાસિક તીર્થ** માંડવગઢ એ એક પ્રાચીન તીર્થ છે તે તીર્થના મંદિરનો જિર્ણોદ્ધાર ચાલુ છે. સં ૨૦૧૬માં પ્રતિષ્ઠા થવાની છે શ્રી સુપાર્શ્વનાથ ભ. ના પ્રાચીન પ્રતિમાજીની ૨૫ થી ૩૫ ઈંચ સુધીનાં મૂળ નાયક તરીકે જરૂર છે.

**ચીખલી** તાલુકાના ગામડાઓમાં અજ્ઞાનતાના કારણે દેવ દેવીઓને પશુઓનું બલિદાન અપાય છે. તેને અટકાવવા માટે પશુવધ નિષેધ કમિટી કામ કરી રહી છે. પશુવધ, માંસ, મદીરા વગેરે દુષણોથી દૂર કરાવવા માટે પ્રચાર થાય છે. પણ તેના માટે પૈસાની જરૂર રહે છે તો મદદ કરવા નમ્ર વિનંતિ છે. શાહ ખુમચંદ ગુલાબચંદ પો. ગણેશવડ સીસોદરા.

**અવસાન**—મહેસાણા જૈનશ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી વાડીલાલ મગનલાલ શેઠનાં માતુશ્રી વઢવાણ શહેર ખાતે અસાડ વદિ ૧૦ના રોજ ૮૨ વર્ષની ઉંમરે ગુજરી જતાં ધાર્મિક સંસ્થાઓમાં સારી એવી રકમ આપી હતી. વઢવાણ શહેરની પાઠશાળાના ૩૦૦ બાલક બાલિકાઓને તેમજ ભાવનગર શ્રી સુખડીઆ વિદ્યાર્થી ગૃહના વિદ્યાર્થીઓને જમણ અપાયું હતું.

**ગઢસિવાના** મુનિરાજશ્રી ભવ્યાનંદવિજયજી મહારાજના સદુપદેશથી નવી ધર્મશાળા શેઠ ગણેશમલજી, ભીમરાજજી, પ્રતાપમલજી ત્રણ ભાઈઓ તરફથી તૈયાર થવાની છે. પચરંગીતપ થતાં પારણાં શ્રી જીવરાજભાઈ રાયથલવાળા તરફથી થયા હતાં. આયંબિલ કરવા સાથે નવલાખ જાપ કરાવાયા હતાં અને શંખેશ્વર પાર્શ્વનાથના અઠમ ૧૦૮ જણે પૌષધ સાથે કર્યા હતા.

**ખંભાત**—જૈનશાળા ખાતે પૂ. પાદ પં. મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર શ્રીની શુભ નિશ્રામાં પૂ. પાદ સંઘ સ્થવિર દીર્ઘ ચારિત્રપાત્ર પ્રશાંત તપો મૂર્તિ સ્વ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીનાં સ્વર્ગારોહણ પ્રસંગને અનુલક્ષીને તે મહાપુરુષની અદ્ભૂત આરાધનાને અર્ધ્યાંજલિ અર્પવા શ્રી જૈન શાળા સંઘ તરફથી શ્રી શાંતિસ્નાત્ર સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ આસો સુદિ ૧૦ થી શરુ થયો હતો. જૈનશાળાના વિશાલ હોલને સુંદર રીતે શણગારવામાં આવેલ. વિવિધ પ્રકારનાં ભવ્ય દશ્યોવાળા ભારે મહામૂલ્ય ૧૫ છોડોની રચના કરવામાં આવેલ. સિંહાસન પર પ્રભુજીને પધ-

રાવવામાં આવેલ. દરરોજ પ્રભુજીની સન્મુખ વિવિધ પૂજાઓ ભણાવવામાં આવતી હતી. રાત્રે ભાવનાઓ બેસતી હતી. આંગી સુંદર રચાતી હતી. લાઈટ તથા રોશની વિવિધ પ્રકારે શોભતી હતી સુદિ ૧૦ના કુંભસ્થાપના થઈ હતી. સુદિ ૧૩ નવ ગ્રહપૂજન થયેલ અને સુદિ ૧૪ના રથયાત્રાનો સુંદર વરઘોડો નીકલ્યો હતો. સુદિ ૧૫ના દિવસે શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ. શાંતિસ્નાત્રાદિનાં વિધિવિધાનો શ્રાદ્ધવર્ય શ્રીયુત મનસુખભાઈનાં નેતૃત્વ નીચે શ્રી બાબુભાઈ મીઠાવાલા તથા શ્રી રમણિકલાલ પારેખે કરાવ્યાં હતાં. અમદાવાદથી સુપ્રસિદ્ધ સંગીત માસ્તર શ્રીયુત રસિકલાલ શાહ પોતાના સાજ સાથે પૂજા ભણાવવા આવેલ. પૂજામાં ખૂબ જ રંગત જામતી હતી, રાત્રે ભાવના પછી કથા ગીતોનો આકર્ષક પ્રોગ્રામ રહેતો હતો જેને અંગે જૈનશાળામાં માનવમેદની ચિકાર ભરાઈ જતી હતી. સુભદ્રાસતી, શાલિભદ્ર, શંખકલાવતી, બળભદ્ર મુનિ આદિના કથાગીતો શ્રી રસિકલાલ એટલી ભવ્ય તથા મનોમુગ્ધકર શૈલીયે રજૂ કરતા કે કલાકોના કલાકો સુધી લોકો શાંતચિતે સાંભળીને સ્તબ્ધ થતાં. આસો વદિ બીજના મહોત્સવ પૂર્ણ થયા બાદ વદિ ૩ના વિદુષી સાધ્વીજી શ્રી દર્શનશ્રીજીના પ્રશિષ્યા સાધ્વીજી શ્રી માર્ગોદયાશ્રીજીની તપશ્ચર્યા નિમિતે શ્રી અંચલગચ્છના ઉપાશ્રયે બેસનારા બેનો તરફથી તેમજ સાવરકુંડલા નિવાસી શ્રી. પી. ડી. શેઠ તરફથી પૂજા, ભાવના હતા. વદિ ચોથના દિવસે વાપીવાળા શા ગુલાબચંદ મુળચંદ તરફથી તેઓના સુપુત્રી વસંતબહેનની અઠાઈની તપશ્ચર્યા નિમિ-તે પૂજા ભાવના હતી. એ દિવસોમાં કથાગીતોનો કાર્યક્રમ રહેલ. જીવદયાની ટીપ સારી થઈ હતી. તેમજ પૂ. પંન્યાસજી મહારાજશ્રીના સદુપદેશથી ભાભેરના આયંબિલખાતા માટે રૂા. એક હજારની ટીપ થઈ હતી. સુરત જીલ્લાના ગામોમાં રેલ સંકટને અંગે જૈનોને થયેલા નુકશાન માટે સુરત રેલ સંકટ સાધર્મિક ભકિતફંડ પૂ. મહારાજશ્રીના સદુપદેશથી શરૂ થયેલ જેમાં ખંભાત જૈન સંઘ તરફથી રૂા ૧૧૦૦ ઉપરાંતનો ફાળો થયેલ જે પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી નવસારી જૈન સહાયક મંડળને મોકલાવેલ છે. એકંદર પૂ. મહારાજશ્રીની શુભ નિશ્રામાં ખંભાત શ્રીસંઘમા ઉત્તમ ધર્મ કાર્યો થયા છે, અને દરેક રીતે સુંદર શાસન પ્રભાવના વિસ્તરી છે.

## શાસન સમ્રાટનો પ્રગટ પ્રભાવ. શ્રી સિદ્ધક્ષેત્રમાં વાસક્ષેપ પડયો.

પાલીતાણા કોટાવાળી ધર્મશાળામાં ચાતુર્માસસ્થ પ. પૂ. સૌભાગ્યશ્રીજી મ. ના પ્રશિષ્યા સા. શ્રી કંચનશ્રીજી મહારાજના શિષ્ય સાધ્વીજી શ્રી કલ્પલતાશ્રીજી મ. ને સં. ૨૦૧૬ના કારતક સુદ ૧ના પરોઢીએ સ્વપ્નાવસ્થામાં પૂ. આ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ. ના દર્શન થયા. વંદન કર્યા બાદ પૂ. આચાર્યશ્રીએ તેમને મસ્તકમાં વાસક્ષેપ નાંખ્યો. તેવામાં તેમની આંખ ઉઘડી જતાં માથામાં તેમજ સંથારામાં ઓશીકા ઉપર દરેકે વાસક્ષેપ જોયો. પૂ. સા. મહારાજશ્રીને અઠમની તપશ્ચર્યા હતી.

આવી રીતે કા. સુ. ૧થી કા. સુ. ૮ સુધી હંમેશા સ્વપ્નાવસ્થામાં પૂ. આ. તેમજ અન્ય દેવોનાં દર્શન થતાં હતા અને વાસક્ષેપ પડતો હતો. ગુરુદેવ માંગલિક સંભળાવતા અને આત્મ હિતકર બોધ આપતા હતા. એક દિવસે વાસક્ષેપની સાથે રૂપાનાણું પણ જોવામાં આવેલ. આથી ગામના અનેક લોકો દર્શનાર્થે પધારતા હતા. આ નિમિત્તે કા. સુ. ૯ના રોજ શ્રી સંઘે સ્નાત્ર મહોત્સવ ઉજવ્યો હતો.

**બરવાળા જૈન** પાઠશાળાની ધાર્મિક પરીક્ષા શ્રી રામચંદ્રભાઇ ડી. શાહે લીધી હતી. ઈનામી મેળાવડો થતાં ઈનામો વહેંચાયાં હતાં અને પેંડાની પ્રભાવના થઈ હતી. શ્રી શીવલાલભાઇની પાઠશાળા માટે લાગણી સારી છે.

**સુધારો** 'કલ્યાણ'ના પર્યુષણ વિશેષાંકમાં પૂ. આ. શ્રી. રામસૂરિજી મહારાજ ડહે-

# નવા સભ્યોની શુભ નામાવલી

રૂા ૧૦૦, શ્રી તપગચ્છ અમર જૈનશાળા સંઘ ખંભાત પૂ. પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા ૨૫, શ્રી સંપતલાલ સવજીભાઇ સુતરીયા જામનગર પૂ. મુનિરાજશ્રી પ્રદ્યોતનવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા ૧૧, શ્રી રતિલાલ દલસુખભાઇ મુંબઇ-૪ શ્રી રમણલાલ મણીલાલની શુભ પ્રેરણાથી.

રૂા ૧૧, શ્રી હીરાલાલ ગોપાળજી મુંબઈ-૩ શ્રી વેલજી મેઘજીભાઈની શુભ પ્રેરણાથી.

રૂા ૧૧, શ્રી હરીલાલ હઠીસંગ વાંમીવાળા થરાદ શ્રી અનોપચંદ સરૂપચંદની શુભ પ્રેરણાથી.

રૂા ૧૧, શ્રી કેવલદાસ વખતચંદ ભાભર. ઉપર મુજબની શુભ પ્રેરણાથી.

રૂા ૧૧, શ્રી મગનલાલ ઝવેરચંદ શાહ વરણામા

રૂા ૧૧, શ્રી કાંતિલાલ પ્રભુલાલ દોશી બલોધણ શ્રી સેવંતિલાલ હ. શાહની શુભ પ્રેરણાથી.

રૂા ૧૧, શ્રી મોહનલાલ મહેતા. પૂ. ઉપાધ્યાયજી જયંતવિજયજી મહારાજની શુભ પ્રેરણાથી.

રૂા ૧૧, શ્રી કુમુદચંદ્ર પ્રજારામ શેઠ જામનગર પૂ. મુનિરાજશ્રી પ્રદ્યોતનવિજયજી મહારાજની શુભ પ્રેરણાથી.

[illegible]૧, શ્રી મણીલાલ કેશવલાલ શાહ શ્રી [illegible]પકલાલ ચુનિલાલ શાહની શુભ પ્રેરણાથી.

[illegible]૧, શ્રી અંબાલાલ છોટાલાલ શાહ સુરેન્દ્રનગર ઉપર મુજબ શુભ પ્રેરણાથી.

રૂા ૧૧, શ્રી કનૈયાલાલ રતિલાલની કું. મહુવા શ્રી ચંદુલાલ હિરાચંદની શુભ પ્રેરણાથી.

રૂા ૨૫ શ્રી જૈન પાઠશાળા હોલ જામનગર પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીની શુભ-પ્રેરણાથી

રૂા ૧૫, શ્રી જૈન તપગચ્છ સંઘ પૂ. પંન્યાસજી રંજનવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી

રૂા ૧૧, શ્રી જૈન સંઘ વાવ પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા ૧૧, શ્રી નારણભાઈ મનોરભાઈ નાર

રૂા ૧૧, શ્રી સોનમલજી અનાજી સાયલા

રૂા ૧૧, શ્રી જૈન સંઘ ઈન્દોર પૂ. મુનિરાજશ્રી ચિદાનંદ મુનિ મહારાજ શ્રીની શુભપ્રેરણાથી

રૂા ૧૦, જૈન તપગચ્છ સંઘ મોરબી ડો. વલ્લભદાસ નેણસીભાઇની શુભ પ્રેરણાથી.

રૂા ૧૧, શ્રી સોનાબાઇ હિણા શાહ મનફરા પૂ. પં. દીપવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી

રૂા ૧૦, શ્રી જૈન શ્વે. મૂ. સંઘ ડીસા શ્રી પુનમચંદ સી. શાહની શુભ પ્રેરણાથી.

રૂા ૧૧, શ્રી રવજીભાઇ પાલણ મુંબઈ-૧૦

રૂા ૧૧, શ્રી ઈશ્વરલાલ ચુનીલાલ માંડવી

રૂા ૧૧, શ્રી પોપટલાલ એન. બ્રધર્સ કાનપુર

રૂા ૧૧, શ્રી જૈન સંઘ અંબાસણ હા. શ્રી પુનમચંદ દીપચંદ શાહ

રૂા ૧૧, શ્રી લાડકચંદ જીવરાજ શાહ વઢવાણ

રૂા ૧૧, શ્રી કરમશીભાઇ કે. શાહ મુંબઈ

રૂા ૧૧, શ્રી આનંદરામ માનમલ મંચર

રૂા ૧૧, શ્રી જૈન સંઘ ઉંઝા પૂ. પંન્યાસજી સુંદરમુનિ મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

**Regd. No. B 4925** **KALYAN**

## નવું પ્રકાશન

શ્રુતકેવલી શ્રી શય્યંભવસૂરિજી મહારાજ વિરચિત

# દશવૈકાલિક સૂત્ર

**મૂળ, સંસ્કૃત છાયા, શબ્દાર્થ, ભાવાર્થ સહિત**

દશ અધ્યયનો અને બે ચૂલિકા અર્થ સહિત

સંપાદક : સંયોજક

પૂજ્યપાદ પંન્યાસજી મહારાજશ્રી

**ભદ્રંકરવિજયજી ગણિવર.**

★

સુઘડ પ્રીન્ટીંગ, સારા કાગળ, હાલકલોથ બાઇન્ડીંગ હોવા છતાં મૂલ્ય : ૪-૦-૦ પોસ્ટેજ અલગ.

પ્રાપ્તિસ્થાન

**સોમચંદ ડી. શાહ**

ઠે. જીવનનિવાસ સામે,

**પાલીતાણા** [સૌરાષ્ટ્ર]

---

મર્યાદિત નકલોજ સીલીક રહી છે. તો આપને જરૂર હોય તેટલી મંગાવી લેશો. પાંચ નકલથી વધુ મંગાવનારને સાડાબાર ટકા કમીશન અપાશે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : સોમચંદ ડી. શાહ : મુદ્રણસ્થાન : શ્રી જશવતસિંહજી પ્રીન્ટીંગ વર્કસ

વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર માટે પ્રકાશિત કર્યું.